Barcode - 99999990871700
Title - Fatmight Khilafat Ane Imamoni Badshahiman Ismilioni Jahojalali.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 126
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9999999087170

ફાતમાઈટ - ખીલાફત

# ફાતમાઈટ—ખીલાફત

ઉપજાવનાર—એ. જે. ચુનારા.

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૧.૧૫૧૩ वर्गांक

पुस्तकनुं नाम દિલભાઈ ૨

विषय स ૩૭૩ ૫૭૨૬૯૬૭૬

# ફાતમાઇટ—ખીલાફત.

અને

# ઇમામોની બાદશાહીમાં ઇસ-માઇલીઓની જાહોજલાલી.

લખનાર

**અલીમહમદ જાનમહમદ ચુનારા.**

ઓનરરી સેક્રેટરી પબ્લીસીટી એન્ડ લીટરેચર ડીપાર્ટમેન્ટ

**ધી રીક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટ.**

કાંડી મોહલ્લા. જેલ રોડ, પોસ્ટ નંબર ૯—મુંબઇ

આવૃતી ૨ જી. પ્રત ૨૦૦૦

સને ૧૯૨૪ નકલ ૧૦૦૦

કીંમત આઠ આના

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૧૫૧૩

આ પુસ્તક ધી રીક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટ પ્રેસ ડીપાર્ટ-
મેન્ટના ઓ. સેક્રેટરી હુસેનભાઈ શરીફ તથા અબ્દુલ્લા
કાસમે ધી ઓઝા સીંધી પ્રીન્ટીંગ પ્રેસ પાલખી
મહોલ્લા મુંબઈ નં. ૯ માં
છાપી પ્રગટ કર્યું.

# પ્રસ્તાવના.

ફાતમાઈ ખીલાફતની પહેલી આવૃતી પ્રગટ થયા પછી તરતજ ખપી જતાં ચારે બાજુથી તે માટેની માંગણી મોટા પ્રમાણમાં મળતી રહી, પરંતુ અન્ય વધુ જરૂરી કારણોને અંગે આ બીજી આવૃતી પ્રગટ થવામાં ઢીલ થઇ છે, તેથી દિલગીર છું. મારી આ નાનકડી કૃતીના થયેલા આદર માટે હું મને પોતાને કૃતાર્થ માનું છું અને એવી રીતે કોમની નજીવી પણ સેવા બજાવવા બદલ સંતોષ થાય છે. બીજી રોકાણોમાંથી સ્હેજ નિવૃતી પામતાં આનંદ સહીત આ બીજી આવૃતી વાંચક વર્ગની સેવામાં રજુ કરવાનો સુ-યોગ પ્રાપ્ત થવા માટે ખુદાવંદે કરીમનો અહેશાનમંદ થયો છું.

પહેલી આવૃતીનો ઝડપથી થયલો ઉઠાવ અને ત્યાર પછીની તે માટેની ચાલુ માંગણીઓથી કોમનો સાહિત્ય તરફનો પ્રેમ સિદ્ધ કરે છે. આપણા પવિત્ર મઝહબના ઇતિહાસની આવશ્યકતા નીર્વિવાદ સિદ્ધ થઈ ચુકી છે તેને અંગે આવા સાહસોનો જે ઉત્સાહ પુર્વક આદર કોમ કરે છે એ પ્રશંશનિય છે.

પહેલી આવૃતીની પ્રસ્તાવના તે સંયોગોને અનુસરીને હતી. વખત હમેશાં બદલાતો જાય છે અને તેમ તેમ સુધારા વધારા પણ થતા રહેવાની જરૂરીઆત હોય છે તે અનુસાર આ બીજી આવૃતીનો સુયોગ સાધી હમણાના સમયને અનુકુળ પ્રસ્તાવના વાંચક વર્ગ સમક્ષ રજુ કરવાની રજા લઉં છું.

આ સૃષ્ટીમાં ઇમામનું હમેશને માટે કાયમ હોવું અને તેમના મુરીદોનું પણ પ્રત્યેક જમાનામાં હોવું એ હઝરત મૌલાના અલી (અ.) ના જમાનાથી આજ દીવસ સુધી વગર ખાંચે ઇતિહાસથી સિદ્ધ થતું રહ્યું છે એ આપણા પવિત્ર ઇમામોના ઇતિહાસમાંનો ફાતમી ખિલાફતના નામે મશહુર

અવસા જમાનાની ઇતિહાસીક ટુંક વિગતો આ પુસ્તકમાં સમાવવામાં આવી છે. મજકુર જમાનાની જાહોજલાલીની ખુબીને વર્ણવવામાં મોટા મોટા લેખકો પણ સંપુર્ણ ઇન્સાફ આપી શકયા નથી તો આ અદના લેખકની શી ગુંજાશ હોઈ શકે? તથાપી તે મહાન જમાનાની અને તેની યાદગાર જાહોજલાલીની છાયા માત્ર આપવાની તજવીજ કરી છે તે જો પુર્ણ થઈ હોય તો હું મારા અહોભાગ્ય માનીશ.

આ પુસ્તકમાંની વિગતો જુદા જુદા ઘણા ગ્રંથો ઉપરથી આધાર લઈને તઇયાર કરવામાં આવી છે. હજી પણ આ વિષયને ઘણાજ લંબાણથી અને વિગતવાર જાહેર પ્રજા સમક્ષ રજુ કરવાની જરૂર છે. આપણી કોમના લેખક વર્ગમાંથી કોઇએ પણ આ ઉપયોગી મહાન કાર્ય ઉપાડી તેને વધુ સારી રીતે રજુ કરવાની જરૂર છે જે કોશેશ કરતાં વધુ સંપુર્ણ વિગતો પ્રજા સમક્ષ રજુ કરી શકાશે.

અહેલે સુન્નત વલ જમાતનાં અકીદા પ્રમાણે નામદાર ખલીફની આ દુન્યામા આવશ્યકતા માનવામાં આવે છે. જ્યારે અહેલે શીયાના, અકીદા પ્રમાણે હઝરત ઇમામે ઝમાનની અનિવાર્ય આવશ્યકતા સ્વિકારવામાં આવે છે. ઇમામતની માન્યતા એવી રીતે સચોટ અને અખંડીત હોવા છતાં તે વિશે કેટલાક મત ભેદ છે. ઇમામતની જરૂરીઆત સંપુર્ણપણે અહેલે શિઆ તરફથી સ્વિકારવામાં આવ્યા પછી તેમના હોવા વિશેના પ્રમાણમાં થોડો ઘણો મત ભેદ રહેલો છે. કેટલાકો હઝરત ઇમામને ગયબ માને છે. જ્યારે બીજાઓ હઝરત ઇમામને પડદે માને છે, પરંતુ શિઆ નિઝારીઆ ફીરકાવાળાઓ હઝરત ઇમામને હમેશાં હાઝર નાઝર માની હઝરત મૌલાના અલી (અ૦) થી આજ દિવસ સુધી સીલ સીલાવાર નસલ બ નસલ હઝરત ઇમા-

મને જાહેર માનતા આવ્યા છે તેઓની એ અખંડીત માન્યતા પ્રમાણે થઈ ગએલા રાજ્ય કર્તા હઝરત ઈમામોની ઈતિહાસીક વિગતો ટુંકમાં આ પુસ્તકમાં દાખલ કરવા કોશેશ કરવામાં આવી છે, જેવણ પવિત્ર સાહેબોએ દીની પેશ્વાઈ સાથે દુન્યવી ખીલાફત ભોગવતાં મહાન સુધારાઓ દુન્યાની આલમને ભેટ કરી અમર નામના મેળવવા સાથે તે સમયમાં સુધારાને અને ખાસ કરીને કેળવણી અને હુન્નરને એવી તો ટોચે પુગાડયો હતો કે તે સુધારાઓની કીર્તી ઈતિહાસમાં તો સુવર્ણ અક્ષરોએ નોંધાઈ રહી છે પરંતુ આધુનીક સમયમા પણ તે ઈતિહાસો ઉપરથી તે સુધારાઓનું અનુકરણ કરવામાં ગૌરવ માનવામાં આવે છે.

હઝરત ઈમામો તરફથી તેમના મુરીદોમાં હમેશાં નવ ચેતન રેડવામાં આવતું રહ્યું છે અને તે અનુસાર કોમની સતત ઉન્નતી થતી રહી છે. આવા ઈતિહાસો ઉપરથી આપણા મહાન અને પવિત્ર ઈમામોના વૃતાંતો જાણી તે વખતની ઉન્નત સ્થિતી આપણે પ્રાપ્ત કરવી જોઇએ. તે જમાનાના સુધારાઓને આપણી નજર સમક્ષ રાખીને ઉન્નતી માટેના પ્રયાસો કરવા જોઇએ. આ ઈતિહાસ ફકત નિઝારી ફિરકાનેજ અનુકરણ કરવા યોગ્ય નથી કિન્તુ સમસ્ત મનુષ્ય પ્રાણીએ વાંચીને મનન કરવા યોગ્ય છે.

આ પુસ્તકની ઈબારત કે ભાષા દોષ પ્રત્યે લક્ષ નહીં આપતાં હંસગતીથી તેમાંથી સાર અને મુદ્દો ખેંચવા વાંચક વર્ગને અરજ છે. પહેલી આવૃતી માટે જે ઉત્સાહથી ઉત્તેજન આપવામાં આવ્યું તે માટે અંતઃકરણની આભારની લાગણી પ્રદર્શીત કરતાં પુસ્તક નો હેતુ થોડાંશે પણ સિધ્ધ થયેલો જોઈશ તો હું મારા અહોભાગ્ય માનીશ. અસ્તુ.

મુંબઇ તા. ૨-૪-૨૪ }

લી. સેવક,
ચુનારા.

## THE PEDEGREE OF EL-MOIZZ.

El-moizz found his opportunity in the anarchy that followed the death of Kafur, the fourth Fatemid Caliph. He Sent his kaid, Gauhar into Egypt with a hundred thousand men. The Turks were defeated and Gauhar laid the foundation of a new city El-kahira (Cairo). When later El-moizz followed in 973 and founded the university of El-Azhar, the leading Shiahs and Sheriffs came and asked by what claim of descent he had assumed his position. "Here is my Pedegree" said he as he misheathed his sword and "here is my proof" as he flung gold to the people.

Hutchmon's history of Nation Vol. I (Egypt).

## મોલાના શાહ મે:એઝની સનદ.

ચોથા ખલીફ કાફુરના મરણ પછી જે બેદાદી ચાલતી હતી. તેનો લાભ ફાતમાઈ ખલીફ મૌલાના અલ-મોએઝે લીધો તેણે પોતાના સરદાર ઝોહર અને એક લાખ માણસોને મીશરપર મોકલ્યા, તેઓએ તુર્કોને હરાવ્યા, અને અલ કાહીરા હાલ કેરોના નામથી ઓળખાતા શહેરનો પાયો નાંખ્યો. જ્યારે પાછળથી ઈ. સ. ૯૭૩ માં અલ-મોએઝ પધાર્યા અને અલ-અઝારની યુનિવર્સીટીની સ્થાપના કરી ત્યારે આગેવાન શીઆ લોકો અને શરીફો આવ્યા, અને આપને પુછ્યું કે કયા હકથી તેમનો દાવો હતો. ત્યારે પોતાની તરવાર બહાર ખેંચીને તેમણે જવાબ આપ્યો કે "આ રહી મારી સનદ." અને સોનાનું નાણું લોકો તરફ ઉરાડીને કહ્યું કે "આ રહ્યો મારો પુરાવો."

હ્યુમન્સ હિસ્ટરી ઑફ નેશન્સ પુસ્તક ૧ લું.

(છઠ્ઠ પ્રકર્ણ.)



હક મૌલા નાં શાહ મોએઝ.
હઝરત **અલી** (અ) થી ઉતરેલા ચઉદમાં ફરઝંદ.

યા અલી વુલ અઝીમ.

# ફાતમાઇટ—ખીલાફત અને ઇમામોની બાદશાહીમાં ઇસ-માઇલીઓની જાહોજલાલી.

## મૌલાના શાહ ઈમામ જાફરે સાદેક (અ૦)

### પ્રકરણ ૧ લું.

ઈમામ **જાફરે સાદેક** (અ૦) ઈમામ **મોહમ્મદ બાકર** (અ૦) ના વડા પુત્ર હતા. એવણ પવિત્ર નામદાર હઝરત અબાબકરના પુત્ર મોહમ્મદના ફરજંદ કાસમની પુત્રી "ઊમફરવા"ના પેટે હી૦ શ૦ ૮૩ માં મદીના શેહેરમાં તવલ્લુદ થયા હતા. એમના માતુશ્રીનું બીજું નામ

"ફાતેમા" પણ હતું. ઈમામ **મોહમ્મદ બાકર** (અ૦) પછી એ નામદાર ૪૧ વર્ષની વયે ઈમામતની મસ્નદ પર આવ્યા, અને તે પછી ૨૪ વર્ષ સુધી ઈમામત ભોગવી. તે વખતે આપણા પરમ પવિત્ર પયગમ્બર સાહેબ નબી **મોહમ્મદ મુસ્તફા** (સ૦)ના દાદા હ૦ **અબ્દુલ મુતલીબ** (અ૦)ના ખાનદાનથી ઉતરી આવેલા પહેલા અબાસાઈડ ખલીફ **અબુલ અબ્બાસ** બગદાદમાં રાજ્ય કરતો હતો,

પહેલા ઈમામ **હ૦ અલી** (અ૦) તથા બીજા ઈમામ **હ૦ હુસેન** (અ૦) તરફથી ઈસ્લામની બહેતરી માટે જે લડાઈઓ લડવામાં આવતી હતી, તે દરમ્યાન અબ્બાસાઈડ તથા ઊમ્મૈયા ખલીફાઓને ઘણુંજ ખમવું પડતું હોવાથી **બનીહાશમી** ખાનદાન એટલે **હ૦ અલી** (અ૦)ની ઓલાદથી હમેશાં એ બન્ને ખલીફાઓ દુશ્મનાઈ રાખતાં, ને કોઈપણ રીતે **આલે અલી**ના વંશનો અંત લાવવા માટે હમેશાં ઈન્તેઝાર રહેતા હતા. તેનું મુખ્ય કારણ એ હતું કે તેઓ બ્હીતા હતા કે "**હ૦ અલી** (અ૦)ના વંશજો કદી પણ અમોને સુખેથી રાજ્ય વૈભવ ભોગવવા દેશે નહીં. અને કોઈપણ રીતથી અમારા હાથમાંની રાજ્યસત્તા છીનવી લઈ પોતાની સત્તા કાયમ કરશે; કારણ કે તમામ ઈમાનદાર અને મોમીન મુસલમાનો હમેશાં ઈમામોની તરફેણમાં બોલતા હતા. અને તેથી અબાસાઈડ તથા ઉમ્મૈયાઈ ખલીફાઓની સલ્તનતો હમેશાં ડગુમગુ થયા કરતી હતી તેથી અબાસાઈડ બીજો ખલીફ મન્શુર જાહેરી દેખાવમાં હ૦ ઈમામ **જાફરે સાદેક** (અ૦)ને વારંવાર પોતાના દરબારમાં તેડાવી તેમની સામે અદબથી પેશ આવી મિત્રાચારીનો ડોળ દેખાડી ભેટ શોગાદો રજુ કરતો હતો. જ્યારે

અંતઃકરણપુર્વક તો પોતાના લડવૈઆઓની હાજરીમાં હઝરત ઇમામને બોલાવવાનો મુખ્ય ઉદ્દેશ એટલોજ હતો કે તેથી હઝરત ઇમામ ઉપર તેની સત્તાનો રૂઆબ બેશે અને તેનું લશ્કરી બળ જોઈ ઇમામ બ્હી જઈ કોઈ વખત પણ સામનો કરે નહીં.

જો કે ઇમામ **જાફરે સાદેક** (અ૦)ના વખતમાં ઇમામતને મટાડવાની કોશેષો કરનારાઓ ઉભરાઈ જતા હતા, તેમાં **હ૦ અબ્દુલ મુનાફ** (અ૦) તે હઝરત રસુલે ખુદા (સ૦)ના વડવાઓના ખાનદાનથી ઉતરી આવેલાં ઊમ્મૈયાઈ તથા ઉપર ઓળખાણ આપી ગયા છીએ, તે અબ્બાસી ખલીફાએ બન્ને શાખાઓમાં સંડોવાયેલા હાકેમો હઝરત ઇમામથી વિરૂદ્ધ રહીને ઇમામને સપડાવવાની તજવીજમાં રહેતા હતા, ત્યારે બીજી બાજુ કુદરતની ગતી કાંઈ ન્યારીજ રૂઢી ગ્રહણ કરે છે. તે સંજોગો વચ્ચે ઊમ્મૈયા તથા અબ્બાસાઈ ખલીફાઓમાં ધુરકા ધુરકી થતાં સડો પેઠો અને તેના પરિણામે તે વખતના ઊમ્મૈયા ખલીફ મરવાન બીજો જેની રાજધાની દમીશ્કમાં હતી અને અબ્બાસી ખલીફ અબ્દુલ અબ્બાસ સફાહ જે એક **"ઝઝીરો"** વસાવી બેઠો હતો એ બન્ને વચ્ચે જેમ જવાળામુખી પર્વત ફાટે તેમ દુશ્મનાઇ ફાટતાં લડાઈનું સ્વરૂપ પકડયું. કારણ કે અબુલ અબ્બાસ સફાહે "અલ–ઝઝીરા" નામે શહેરનો કબજો લીધો હતો તેથી બન્ને પક્ષો વચ્ચે નીલ નદીના કાંઠે તુમુલ યુદ્ધ થયું તેમાં ખલીફ મરવાન માર્યો ગયો અને તેના પરીણામ રૂપ ઊમ્મૈયા ખીલાફતનો અંત આવ્યો. ત્યારે બીજી તરફ અબ્બાસીઓએ તમામ શહેરોનો કબજો લઇ, ઊમ્મૈયાઓની રાજ્યધાની જે દમીશ્કમાં હતી તે ત્યાંથી બદલી **બગદાદ** શહેરને પાયતખ્ત બનાવી પોતાની ગાદી સ્થાપી. આ બધા બનાવો **હ૦ ઇમામ**

જાફરે સાદેક (અ૦)ના વખતમાં બન્યા. ને સમયાનુસાર સમજાવટ માટે હઝરત ઇમામ પણ વખતો વખત ભાગ લેતા હતા. તથાપી એ બન્ને પક્ષોનો હેતુ ઇમામતને મટાડી દેવાનો હોવાથી કોઇપણ પક્ષ નામદાર ઇમામનું કહ્યું માનતું નહોતું. અને પોતપોતામાં લઢી અસંખ્ય મુસલમાનોના બળીદાન આપતાં અને તેના ફળરૂપ આ નાશકારક પૃથ્વીના નાપાયદાર વઇભવોને ગણી તેમાં અહોનિશ મચ્યા રહેતા હતા.

જ્યારે ઊમ્મૈયાઇડ ખિલાફતનો અંત આવ્યો ત્યારે અબ્બાસી ખલીફાઓને ઇમામની મ્હોટી બ્હીક રહેતી હતી તેથી તેઓ હમેશાં બેચેન રહેતા હતા. ને તે સમયમાં ખુશામદખોર દરબારીઓ હઝરત ઇમામની હીલચાલની ખોટી ભડકાવનારી ખબરો ખલીફને આપી અવાર નવાર ઉશ્કેરતા હતા. તેથી પોતાના બચાવ માટે ખલીફ હઝરત ઇમામ ઉપર હઝારો તરેહની મુસીબત વર્ષાવવા માટે જાલીમોને મોટી રકમો આપીને હઝરત ઇમામને શહીદ કરવા માટે મોકલાવતો. જ્યારે હઝરત ઇમામ જાફરે સાદેક (અ૦)ના જાણવામાં આ બાબતો આવતી ત્યારે હઝરત ઇમામ સ્વરક્ષણ કરતા રહેતા. અને જાલીમોને હીદાયત પણ કરતા રહેતા. અને ખલીફને કહેવરાવતા કે "તમારી સાથે અમોને દુશ્મની નથી. તમો સુખે રાજ્ય ભોગવો." છતાં જ્યારે ખલીફ જાણતો કે આપણી ભઠ્ઠી ફુટી ગઇ છે. ત્યારે મકરથી ફરી જતો, અને હઝરત ઇમામની હુઝુર પુરનુરમાં મોટી રકમોની ભેટ સોગાદો મોકલતો, અને જેમ પાપીને તેના પાપો ડંખ્યા કરે છે, તેમ અબ્બાસી ખલીફાઓ હમેશાં ઇમામથી બ્હીતા રહેતા હતા, તેથી શાંન્તીથી બેશી નહીં રહેતાં હમેશાં નવા નવા પ્રપંચો રચતા રહેતા હતા.

એક વખતે ઇમામે જાફરે સાદક (અ૦) ના એક દુશ્મને અબ્બાસી

ખલીફા **મન્સુર** પર કાગળ લખ્યો કે **હઝરત ઇમામ** તારી સાંમે થવા માટે તૈયારી કરી રહ્યા છે, માટે જો આ કાગળથી ચેતીને તરત ઉપાય નહીં યોજશે તો તારૂં **રાજ્ય હઝરત ઇમામ** તારી પાસેથી છીનવી લેશે. તે કાગળ ઉપરથી અવિચારીપણે ખલીફ મન્સુરે ખોરાશાન ગવર્નર ઉપર કાગળ લખી ફરમાવ્યું કે આ પત્ર મળેથી તરતજ હઝરત ઇમામને મારી મુલાકાત માટે રવાના કરવો. હઝરત ઇમામના મનમાં તે બાબદ સર કશુંએ નહીં હોવાથી તરતજ ખલીફની મુલાકાત માટે હઝરત ઇમામે બગદાદ તરફ પ્રયાણ કર્યું જ્યારે ખલીફ મન્સુરની દરબારમાં હઝરત ઇમામ દાખલ થયા કે તરતજ ખલીફે ગુસ્સાથી કહ્યું કે તમો મારા રાજ્ય સાંમે કાવત્રા રચવા ઇચ્છો છો? તેના જવાબમાં હઝરત ઇમામે ફરમાવ્યું કે "હું સોગંદપુર્વક કહું છું કે હું આ બાબતમાં કશુંપણ જાણતો નથી." વધુ વાતચીત થતાં જ્યારે ખલીફને આ બાબતની ખાત્રી થઈ ત્યારે ખોટી ખબર આપનાર બદમાશને પકડી મંગાવીને હઝરત ઇમામની સાંમે તેને મોતની સજા કરી અને ૧૦૦૦૦) દશ હજાર દીનાર હઝરત ઇમામની હુઝુર પુરનુરમાં મુકી પોતાના અવિચારીપણા માટે ક્ષમા માગી. ત્યાંથી હઝરત ઇમામ મદીના તરફ રવાના થયા, ને મદીના મુનવ્વરામાં પધારતાંજ તેવણ પવિત્ર નામદારને ખબર મળ્યા કે આપના વડા પુત્ર **શાહ ઇસમાઇલ** (અ૦) જેઓ આપની પછી ઇમામતની ગાદી ઉપર તખ્તનશીન થનાર છે તેમને શહીદ કરવા માટે દુશ્મનો તરફથી પ્રપંચ જાળ પાથરવામાં આવી છે. અને તે અપકૃત્ય માટે નીચ લોકો ગોઠવણો કરી રહ્યા છે. તેની સાથે કાઝમીઓ પણ છે. તે વખતે આજુબાજુના સંજોગો જોતાં જ્યારે પોતપોતામાંજ શાહ પેવશ થયેલો હઝરતે જોયો ત્યારે હઝરત ઇમામે ચાહ્યું કે હઝરત ઇમામ શાહ ઇસમાઇલ

(અ૦) ની સલામતી માટે કાંઈ ઉપાયો યોજવા જોઇએ. **તેથી ઇમામના** "મોહીબ" અને ઇમામ પર જાન ફીદા કરનાર "ફીદાઇઓ" **સાથે** ખાનગી રીતે **શાહ ઇસમાઇલ** (અ૦) ને મીસર તરફથી થઈ શામ પ્રગણામાં સલ-મીયા શહેર તરફ રવાના કરી દીધા. એ વખતે ૯૦ **શાહ ઈસમાઈલ** (અ૦) ની ગેરહાજરીનો લાભ લઈ દુશ્મનો તરફથી ઘણી ખોટી અફવાઓ ફેલાવવામાં આવી. અને તેના પરિણામે ઇમામ **જાફરે સાદેક** (અ૦) ને હી. સ. ૧૪૮ મા ખલીફ મન્સુરના દબાણથી મુલ્લાઓએ હઝરત ઇમામ ઉપર શરાહ લાગુ કરી કાનમાં સીસું રેડાવ્યું, તેથી હઝરત ઇમામની વફાત થઈ. એઘણુ પવિત્ર નામદારની દરગાહ શરીફ મદીનએ મુનવ્વરામાં આવી છે. એજ દિવસે પવિત્ર સ્થળો **મકા** અને **મદીના** ઇમામની હાજરી વગરના થઈ પડયાં. અને શામ પ્રગણામાં આવેલ સલમીયા શહેરમાં **ઇમામે મુબીનનું** નુર ઝળકવા લાગ્યું તેથી મોમીનો માટેનું મુખ્ય મથક સલમીઆ થઈ પડયું અને સંખ્યાબંધ "મોહીબો" પોતાની શફાએત માટે ત્યાં જવા લાગ્યાં.

# હઝરત મૌલાના ઇમામ શાહ ઇસમાઈલ (અ૦)

## પ્રકરણ ૨ જું.

ઈમામ **શાહ ઇસમાઈલ** (અ૦) હી. સ. ૧૪૮ માં ઇમામતની મસ્નદ ઉપર બિરાજમાન થયા. હઝરત ઇમામનું પુરૂં નામ **ઇસમાઇલ બીન મોહમદ મારૂફ બેહ-અલ-મકતુમ** હતું. હઝરત ઇમામની માતુશ્રીનું નામ **હુસેની** હતું. જેવણ હ૦ **હસન** ઇબ્ને **અલી** (અ૦) ના ખાનદાનમાંથી હતા. હઝરત ઇમામ અબ્બાસી ખલીફાઓના જુલમથી અને એવણનાં વિરોધી કાઝીમીઓની ચાલુ સતાવણીથી હઝરતના પીતા બુઝરૂગવારની હયાતીમાંજ મદીનએ મુનવ્વરાને મુકી મીસર થઈ શામ પ્રગણામાં આવેલ "સલમીઆ" શહેરમાં જઇ વસ્યા હતા. જેવી રીતે **રસુલે** ખુદા (સ૦) દુશ્મનોની તકલીફથી મક્કા મોઅઝમામાંથી હીઝરત કરી મદીનએ મુનવ્વરામાં પધાર્યા હતા.

હઝરત ઇમામ શાહ **ઇસમાઈલ** (અ૦) ના જમાનામાં અબ્બાસી

**ખલીફ અલ મન્સુર બગદાદમાં** રાજ્ય કરતો હતો. **તે પોતાની ધારણા** મુજબ પોતાના રાજ્યને મજબુત કરવા માટે જેમ હમેશાં ઇમામના ઘર સાથે દુશ્મનાઇ ચાલતી આવે છે તેમજ દુશ્મનાઇ રાખી ઇમામતને નાબુદ કરવા માટે સતત પ્રયાસો કરતો રહેતો હતો. તેથી હઝરત ઇમામે "સલમીઆ"માં નિવાસ કરવાનું પસંદ કર્યું હતું અને જાહેરમાં દેખાવ દેવાનું વાજબી ધારતા નહીં હતા. તેથી અરબીઆમાંના હઝરતના ખાસ મુરીદોની વચ્ચે રહીને પોતાનું કાર્ય કરતા રહેતા હતા અને હકીકતી શિક્ષણ કે જેથી મુરીદોની રૂહાની કુવ્વત વધે તે શીખવતા હતા. એવું શિક્ષણ મેળવનારા ભાગ્યશાળી પુરૂષોમાંથી **ઇમામીઆ** ધર્મનો ફેલાવો પુર જોશથી થઇ શકે એવા ઘણા મહાન નરો નિકળ્યા હતા. જેઓમાંથી હઝરત **નુરૂદ્દીન** નામના મહાન પુરૂષ જેઓ હઝરત ઇમામના કુટુંબીઓમાંથીજ હતા. તેવણ આ હકીકતી શિક્ષણ મેળવી પુરતી કમાલીઅત સંપાદન કરી હઝરત ઇમામ **ઇસમાઇલ** (અ૦) ના હુકમથી હિન્દુસ્થાન તરફ દાઇ તરીકે રવાના થયા. હિન્દુસ્તાનમાં ઇસ્માઇલીઆ પંથની સ્થાપના અને ફેલાવો કરવા માટે પ્રથમ શહેર તરીકે સીધપુર પાટણ પસંદ કર્યું અને ત્યાં પધાર્યા. તે વખતે ત્યાં સીદ્ધરાજ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની એક પુત્રી હતી જે સુલક્ષણી, ગુણવાન નિષ્કલંક ચારિત્ર્યવાળી સતીને શોભનારાં દરેક લક્ષણવાળી હતી. જેનું નામ પાલણદે હતું. તે હમેશાં પોતાના આત્માના ઉદ્ધાર માટે યોગ્ય ગુરૂની શોધમાં રહેતી હતી, જ્યારે હઝરત **નુરૂદ્દીન** ત્યાં પધાર્યા અને આત્મબળથી મજકુર કુંવરીની ઇચ્છા જાણી ત્યારે કેટલાંક ચમત્કારો જે ખાશ કુંવરીએ ઇચ્છયા હતાં તે દેખાડયાં, તેથી તેણીએ ઇસ્માઇલી ધર્મ ગ્રહણ કર્યો. એ દાઇથી હિન્દુસ્થાનમાં ઇસ્માઇલીઆ ધર્મનો બ્હોળો ફેલાવો થયો. લાખો

કુટુંબો હિન્દુ મટી મુસલમાની કલમો પઢી શુદ્ધ મનથી ઇસમાઇલી થઈ હઝરત **શાહ ઇસમાઈલ** (અ૦)ને પોતાના ઇમામ તરીકે સ્વિકારવા લાગ્યા. એ દાઇને હિન્દુસ્થાનમાં લોકો **સતગુરનુર**ના નામથી ઓળખતા હતા, તેઓશ્રીની દરગાહ ગાયકવાડ તાબે કસ્બે "નવસારી"માં આવી છે અને "સૈયદ સાદાત"ની દરગાહ તરીકે લોકોમાં મશહુર છે.

હઝરત ઇમામ શલમીઆમાં બેઠા બેઠા એવી રીતે ઇસમાઇલી ધર્મનો ફેલાવો કરતા હતા અને દુર દેશાવરોમાં પોતાના દાઇઓ મોકલતા હતા જે મુલકોમાં અબ્બાસી ખલીફાઓ ઇસમાઇલીઓને હેરાન કરી શકે નહીં. એમ હોવાથી ઇસમાઇલી મુરીદોની સંખ્યા ઘણી મોટી થઇ ગઇ. હઝરત ઇમામ પણ સમયાનુસાર મુસાફરી કરતા રહેતા. અને તેથી તેમના મુરીદો હઝરત ઇમામના દીદારનો અમુલ્ય લાભ મેળવી ભાગ્યશાળી થતા, અને પોતાને કૃત્ય કૃત્ય માનતા અને હઝરત ઇમામની બૈયત ઓઝરબ્બાહીથી કરતા. એમ કરતાં લગભગ પાંચ વર્ષ વિતી ગયાં ત્યારે એક દુસ્મને ઇમામ તરફથી ખલીફ મનસુરને બાતમી પોંહચાડવામાં આવી કે હઝરત ઇમામ **શાહ ઇસમાઇલ** (અ૦) એવી રીતે પોતાનાં મુરીદો વધાર્યા જાય છે. તેથી ખલીફે તરતજ દમીશ્કના વાલી ઉપર ઇમામની હયાતીની ખબર નહીં આપવા માટે સખ્ખત ઠપકો લખી હઝરત ઇમામને તાકીદે કેદ કરી બગદાદ મોકલવા હુકમ કીધો. પરંતુ વાલી પોતે પણ ઇસમાઇલી થઇ હઝરત ઇમામની બૈયત કબુલ કરેલી હોવાથી હઝરત ઇમામને ખલીફના હુકમની મધ્યરાત્રીએ ખબર આપી તેથી હઝરત ઇમામ સલમીઆથી નીકળી ઇસલામીઆ તરફ કુચ કરી ગયા. બીજે દિવસે વાલીએ જાહેરી તપાસ કરી ખલીફને જવાબ લખ્યો કે હઝરત ઇમામ શલમીયામાં નથી. અને પોતે

તપાસમાં હોવાનું જણાવી ખલીફને સધ્યારો આપ્યો. જ્યારે બીજી તરફ હઝરત ઇમામ પોતાનું કાર્ય દ્રઢતાથી કર્યા જતા હતા. એમ કરતાં હઝરત ઇમામે પોતાના પીતાશ્રીની પછી દશ વર્ષ સુધી ઇમામત ભોગવી. હી. સ. ૧૫૮ મા શહાદત કરી ગયા. હઝરત ઈમામની દરગાહ શરીફ મીશરમાં આવેલા શલમીઆ શહેરમાં છે. ને ઇમામતની મસ્નદ ઉપર આપના પછી આપના ફરઝંદ હઝરત ઇમામ શાહ **મોહમ્મદ બીન ઇસમાઇલ** બીરાજ્યા.



૧૧૫૧૩

# હ૦ મુસા કાઝીમની વંશાવળીનો અંત.

## પ્રકરણ ૩ જું.

હઝરત ઇમામ **જાફરે સાદેક** (અ૦) એ દુશ્મનોના દગાથી જ્યારે શહીદ થયા, અને હઝરત ઇમામ શાહ **ઇસમાઇલ** (અ૦) મીશર થઇ "સલમીઆ" જઇ પહોંચ્યા ત્યારે કાઝમી લોકો **હ૦ મુશા કાઝીમને** પોતાના ઇમામ તરીકે જાહેર કરી માનવા લાગ્યા. તેથી ઇમામીઓ એટલે જેઓ હઝરત ઇમામ **જાફરે સાદેક** (અ૦) ના વખતમાં તેઓ "જાફરી" કહેવાતાં, અને પાછળથી હઝરત ઇમામના કોલ મુજબ **શાહ ઇસમાઇલ** (અ૦) ઇમામતની મસ્નદ ઉપર આવ્યા તેમની બૈયત કરી "ઇસમાઇલીઓ" કહેવાયા. તેઓમાં અને કાઝમીઓમાં મતભેદ પડતાં સડો પેઠો અને તેના પરિણામે એ બન્ને પક્ષો વચ્ચે ફેસાદ બરપા થયો.

તે વખતે "બગદાદ"માં રાજ્ય કરતા અબ્બાશી ખલીફ **હારૂન-અલ-રશીદને** આવા સુંદર તકનો લાભ લેવા વીચાર થયો, અને તેથી તેણે હ૦

**મુશા કાઝીમને** બગદાદમાં તેડાવ્યા, તેવણ બગદાદમાં પધારતાંજ તેમને ખલીફ તરફથી કેદ કરવામાં આવ્યા. ખલીફને એટલાથીજ સંતોષ નહીં વળતાં હ૦ ઇમામ શાહ **ઇસમાઇલ** (અ૦) ને કેદ કરવા મનસુબો કર્યો ને તેણે એ મજકુર વિચારને અમલમાં મુકવા અર્થે પોતાના જાસુસોને હઝરેત ઇમામની જુસ્તજુ કરવા ઠેક ઠેકાણે રવાના કરી દીધાં. એ સમયમાં દુશ્મનોના કાવત્રાંઓથી વાકેફગાર હ૦ ઇમામ શાહ **ઇસમાઇલ** (અ૦) દુશ્મનોથી તદ્દન છુપી રીતે શલમીઆમાં રહી પોતાની ઇમામત ચલાવતાં હતાં ત્યારે જાહેરમાં ઇમામ એક સાધારણ સોદાગરના વેશમાં સમય વ્યતીત કરતા હતા. કાઝમીઓને આ સુંદર તકનો લાભ લેવા કુદરતીજ અભિલાષા ઉદ્દભવી અને તેથી હ૦ **મુશા કાઝીમની** સત્તા બેસાડવા અર્થે હઝરત ઇમામ **ઇસમાઇલ** (અ૦) ની વફાતની ખોટી અને નજીવી અફવા ફેલાવી. પરંતુ તેથી તેમનો નીચ હેતુ સિધ્ધ થઇ શક્યો નહીં. જેવી રીતે સુર્યનો ઉદય છુપો રહી શકતો નથી જેવી રીતે ગુલાબની ખુશ્બો છુપી રહી શકતી નથી તેવીજ રીતે સત્ય ઢાંકયું ઢંકાતું નથી. દાખલા તરીકે જેમ એક રાજપુત્ર જ્યાં સુધી તખ્તનશીન થયો હોય નહીં ત્યાં સુધી તે રાજ્યપતી કહેવાતો નથી અને તે જ્યારે રાજ્યપતી કહેવાયો તો પછી તેના બીજા ભાઇઓ રાજ્યપતી થઇ શકતા નથી. કારણ કે એકજ દેશના એકજ વખત બે રાજાઓ થઇ શકે નહીં. તેવીજ રીતે એકજ વખતમાં બે ઇમામ થઇ શકે નહીં. ખરો વારસજ રાજા થઇ શકે. તેવીજ રીતે ઇમામતના મસ્નદ ઉપર પણ તેજ આવી શકે કે જે અગાઉ જાહેર કરાયલો હોય. જ્યાં સુધી એક ઇમામે પોતા પછીના ઇમામની ઓળખ આપી નહીં હોય, ત્યાં સુધી રહેલત કરી શકતા નથી.

જેમ **હુ૦ ઇમામ હુશેન** (અ૦)એ હુ૦ **ઇમામ ઝયનુલ આબેદીન** (અ૦)ને ઇમામ તરીકે મુકરર કર્યા નહોતા ત્યાં સુધી તેમના બદન ઉપર "મૌત"ની બિલકુલ અસર **થઇ** નહોતી. પરંતુ નુર સોંપ્યા પછીજ **તેમની** વફાત થઇ હતી. તેવીજ રીતે **હુ૦** ઇમામ **જાફરે સાદેક** (અ૦)એ **એક** વખત શાહ **ઇસમાઇલ** (અ૦)ને ઇમામ તરીકે મુકરર કર્યા પછી **હુ૦ મુસા કાઝીમ** ઇમામ સંભવેજ નહીં. કારણ કે ઇમામ તરીકે મુકરર કર્યા પછી તેમજ ખરો વારસ જે હોય તેને સોંપાયા પછી તે બીજાને અપાય એમ બનેજ નહિં. તેથી સમજાય છે કે એવા વીચારો ફક્ત વિરોધીઓના ભેજાંઓના વિચીત્ર ફાંફાંઓજ છે. ઇમામત એ "ખુદાઇ નુર" હોવાથી તેમાં ભુલચુક સંભવેજ નહી જેથી રીતે **હુ૦ અલી** (અ૦) પછી હુ૦ **ઇમામ હુશેન** (અ૦) અને પછી હુ૦ **ઇમામ ઝયનુલ આબેદીન** (અ૦) એવીજ રીતે કયામત સુધી **હુ૦ રસુલે** ખુદા (સ૦)ની હદીશ અનુસાર "ઇમામ" હાજર રહેશે, તે અનુસાર હોવુંજ જોઇએ, એ એક કુદરતનો ભેદ છે, પરંતુ જ્યારે મનુષ્ય કુદરતમાં માથું ફોડે છે ત્યારે તેનું પરીણામ ઘણુંજ વિપરિત આવે છે તેવીજ રીતે આ વખતે **ઇમામત** માટે કુદરતથી વિરૂદ્ધ જઇને પોતાના સ્વાર્થને ખાતર જ્યારે **માણસો વચમાં** પડયા અને સાચ્ચા **ઇમામને** મુકીને બીજાને માનવા **લાગ્યા.** ત્યારે પરિણામ કેટલું વિપરીત આવ્યું તે આપણે તપાસીએ. જ્યારે **હુ૦ મુસા કાઝીમને** કાઝમાં લોકોએ ઇમામ તરીકે જાહેર કર્યા ત્યારે આપણે ઉપર જોઇ ગયા તેમ ખલીફ **હારૂન-અલ-રસીદએ** તેમને બગદાદમાં બોલાવી કેદ કર્યા અને આલીમો સ્વતંત્ર થયા. તેઓ ઇસલામના "ફુરૂઅ" **યાને** "કાયદા" **બાંધવા લાગ્યા અને તેથા ઇસ્લામમાં ભંગાણ** પડ્યું **જેથી**

જુદા જુદા **"મુઝતહેદો"** ની **"તકલીદ"** કરનારા એક બીજાને ભલું બુરૂં કહેવા લાગ્યાં, તે પ્રસંગે મહાન મુઝતહેદો બાહેર આવ્યા, તેઓને અબ્બાસી ખલીફાઓએ માન્ય રાખી તે ચારેની પછવાડે નીમાઝ ગુજારવી રવા હોવાનું ફરમાન બહાર પાડયું. તેઓને અહેલે "સુન્નત" જમાત ઇમામો તરીકે માને છે. તેઓમાં પહેલા ઇમામ અબુ **હનીફા નોમાન બીન સાબીત** જેવણુ હ૦ ઇમામ **જાફરે સાદેક** (અ૦)ના શાગેર્દ હતા અને પાછળથી મોટા મુઝતહેદ થવા પામ્યા. તેમની તકલીદ કરનારાઓ **"હનફી"** કહેવાયા. બીજા ઇમામ **આહમદ ઇબ્ને હમ્બલ બીન મોહમ્મદ હમ્મલ** થયા. એમની તકલીદ કરનારાઓ **"હમ્બલી"** કહેવાયા. ત્રીજા ઇમામ **માલેક બીન અનશ** થયા તેમની તકલીદ કરનારાઓ **"માલેકી"** ના નામે મશહુર થયા અને ચોથા ઇમામ **અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ બીન ઇદરીશ અલશાફી થયા**, તેમની તકલીદ કરનારાઓ **"શાફી"** કહેવાયા. એવી રીતે ચારે ફીરકામાં શરીઅતી હેરફેર છે. જો કે સઘળાઓનાં "ઉસુલ" એકજ છે. **હ૦ રસુલે ખુદા** (સ૦)ની આગાહી હતી કે મારી પછવાડે (૭૩) ફીરકાં થશે. તે જેમ જેમ વખત નીકળતો ગયો તેમ તેમ વધારેને વધારે મુઝતહેદો બહાર આવતા ગયા. અને ઇમામની સાચી માન્યતાની ગેરહાજરીમાં જુદા જુદા ફીરકાંઓ મતભેદો સાથે બહાર આવતા ગયા. અને એવી રીતે **હ૦ રસુલે ખુદા** [સ૦]ની આગાહી ખરી પડતી ગઈ એટલું મુખ્તેશર વિવેચન કરી આપણે આપણી બાબત ઉપર આગળ વધીશું કે.

**હ૦ મુસા કાઝીમ**નો જન્મ હી. સ. ૧૨૮ માં મક્કા પાસે આવેલું એક નાનું ગામ નામે **"અબવાવ"**માં થયો હતો. તેમની માતાનું નામ

**"અરશા,"** હતુ. જેવણુ હ૦ **ઇમામ જાફરે** સાદેક [અ૦]ની ખરીદેલી લોંડી હતા. હ૦ મુશા કાઝીમે પોતાની જીંદગીનો મોટો ભાગ કેદખાનામાં ગાળ્યો હતો. અને હી. સ. ૧૮૩ માં રજબ માશની તા. ૨૫ મી અને શુક્રવારે બગદાદના બંદીખાનામાં અબ્બાસી ખલીફ હારૂન-અલ-રશીદએ તેમને રૂતુબોમાં ઝેર ભેળવી મોકલ્યું હતું, અને તેનો ભક્ષ કરવાથી વફાત પામ્યા એમને બગદાદ પાસે આવેલા **કાઝમીન** નામના ગામડામાં દફનાવવામાં આવ્યા છે.

**હ૦ અલીરઝાની** માતાનું નામ **"તકતમ"** હતુ તેવણુ **હ૦ મુસા કાઝીમ**ની વેચાતી લીધેલી લોંડી હતા હ૦ અલીરઝા પોતાના પીતાની પછવાડે પોતાનાં પીતાની જગ્યાએ આવ્યા, ત્યારે અબ્બાસી ખલીફ મામુન તે વખતે બગદાદમાં રાજ્ય કરતો હતો તેણે **હ૦ અલીરઝાને** કેદ કરવા કેટલાક માણસોને મોકલ્યા એ બાબતની **હ૦ અલીરઝાને** ખબર પડી ત્યારે તેઓ ખલીફ મામુનને શરણ થયા અને સહ કુટુંબ માલ અશબાબ લઇને બગદાદ આવ્યા. અને ત્યાંજ પોતાનું રહેઠાણ રાખ્યુ. થોડા દીવસ પછી ખલીફ મામુને પોતાની પુત્રી '**ઉમહબીબા**'નાં **હ૦ અલીરઝાની** સાથે લગ્ન કરી આપ્યા, અને પાછળથી હી. સ. ૨૦૩ માં સફર માસની તા. ૧૭ મી એ **ઉમહબીબાએ** અનારમાં ઝેર ભેળવી ખવરાવ્યુ તેથી ૫૫ વર્ષની વયે ખોરાશાન પાસે આવેલા **"તુસ"** નામે ગામમાં તેમની વફાત થઇ અને એજ તુસ નામના ગામમાં દફનાવવામાં આવ્યા છે.

'**હ૦ મોહમ્મદ તકી**'નો જન્મ હી. સ. ૧૯૫ માં થયો હતો. તેઓના પીતા **હ૦ અલીરઝાને** જ્યારે ઝેર દેવામાં આવ્યું ત્યારે તેઓની ઉમર ફકત આઠ વરસની હતી. તેઓની માતાજીનું નામ "સબીક" હતું.

કેટલોક વખત પછી ખલીફ મામુનની પુત્રી "ઉમફઝલ"ની સાથે તેઓના લગ્ન થયા. ત્યાર બાદ બગદાદથી પોતાના સસરાની રજા લઈને હજ કરવા ગયા. ત્યાં ઘણી મુદત સુધી રોકાઇ ગયા, પણ જ્યારે ખલીફ **મામુનનો** ભાઇ **મુસતમ** ખલીફ થયો, ત્યારે તેણે **હ૦ મોહમદ તકી** તથા **"ઉમ ફઝલ"**ને એકદમ બગદાદ આવવા ફરમાવ્યું. તે હુકમને તાબે **થઈ** બગદાદ આવ્યા, ત્યાં ખલીફે પોતાની ભત્રીજીને સમજાવીને પોતાના ભરથારના ખાણામાં ઝેર ભેળવી ખવરાવીને મારી નાખવા કહ્યું. તેણીએ તેમ કર્યું. તેથી હ૦ મોહમદ તકી હી. સ. ૨૨૦ માં વફાત પામ્યાં. તેઓને કાઝમીનમાં દફનાવવામાં આવ્યા છે.

**હ૦ અલીનકી** હી. સ. ૨૧૨ માં **"સુરીયા"** નામના ગામમાં જન્મ્યાં હતાં. તેઓની માતાનુ નામ **"સમના"** હતુ. તેઓના પીતા **હ૦ મોહમદ તકીની** વફાત વખતે તેઓની ઉમર આઠ વરસની હતી તે વખતે બગદાદમાં ખલીફ **"મુતવકલ"** રાજ્ય કરતો હતો. તે ખલીફ હમેશાં પોતાનો રોબ દાબ **હ૦ અલીનકી** પર રાખતો હતો. એક વખતે તેઓને ખલીફે કુટુંબ સહિત **"સરમનરાય"** નામના ગામડામાં આવી રહેવા ફરમાવ્યું, તે અનુસાર જ્યારે તે ગામડામાં રહેવા ગયા. ત્યારે ખલીફે રહેવાને જગ્યા આપી નહિ, તેથી ધર્મશાળામાં રહ્યા, એવું કહેવામાં આવે છે કે તેઓને પણ ઝેર દેવામાં આવ્યું હતું. તેથી તેઓ હી. સ. ૨૫૪ માં સામરામાં વફાત થયા અને તેઓની લાશને "સુરીયા"માં દફન કરવામાં આવી.

**હ૦ હસન અશકરીનો જન્મ** હી. સ. ૨૩૨ માં થયો હતો, તેઓની માતાનું નામ **સુસન** હતું. તેણે હ૦ અલી નકીના ખરીદેલા

લોંડી હતા. એ વખતે બગદાદમાં ખલીફ **મોતમીદ** રાજ્ય કરતો હતો. તેણે હ૦ **હશન** અશકરીને કેદમાં નાખ્યો હતો. પાછળથી તેઓને ઝેર અપાયું હતું, તેથી તેઓ હી. સ. **૨૬૦** માં **શામરામાં** વફાત પામ્યા તેઓને પણ ત્યાંજ દફનાવવામાં આવ્યા છે.

**હ૦ મોહમદ મહેદીનો** જન્મ હી. સ. ૨૫૫ માં શામરા ગામમાં થયો હતો. તેઓની માતાનું નામ "નરજીસ" હતું, જેઓ નશરાની [ક્રીશ્ચીયન] હતા. તેઓને મુસલમાનોએ જીતેલી લડાઇમાંથી પકડી લાવ્યા હતા. તેઓને **હ૦ મહમદ મેહદીના** પીતાએ લોંડી તરીકે ત્રણસો દીનારમાં ખરીદેલા હતા. એવું કહેવામાં આવે છે કે, **હ૦ મહમદ મેહદીની** ઉંમર જ્યારે અગીઆર વર્ષની થઇ ત્યારે શામરામાં આવેલી એક ગુફામાં ચાલ્યા ગયા છે. હવે અહીંથી "અશનાસરીઓ"ની ઇમામત અટકે છે, અને તેથી તેઓના **ઇ**મામની ગણત્રી બારની થાય છે. તે બારને અરબી સખ્યામાં "ઇશનાસર" કરીને કહે છે. એટલે એનો અર્થ એ થયો કે **"ઇશનાસરીયા"** એટલે **"બારીઆ"** તેઓનું કહેવું એમ છે કે, **હ૦ મહમદ મહેદી** જે ગુફામાં ગાયબ છે, ત્યાં જીવતા જાગતા છે, અને ત્યાંથી સાઠ વરસ સુધી **ગાયબતુલ** શુગરા કહેવાતી હતી, ત્યારે અમુક મુઝતેહદોને સંદેશા આવતા હતા, પણ સાઠ વરસ પછી "ગાયેબતુલકુબરા" કહેવાય છે. ત્યારથી સંદેસા કોઇને આવતા નથી, પણ કયામતને દીને પોતે એજ ગારમાંથી બહાર નીકળશે. ત્યારે બીજી કોમોનું કહેવું છે કે:—જેમ પરવરદીગારે ફરમાવ્યું છે કે:—

## કુલ્લુ નફ્સન ઝાયેકત્લ મૌત

**અર્થ=દરેક નફ્સ મૌતનો સ્વાદ ચાખનાર છે.**

તેમ ગુફામાં જવા પછી તરત વફાત પામ્યા હતા.

**હ૦ મહમદ મહેદી** માટે બીજી એક રીવાયત એ છે કે, તેઓનો એક કાકો "જાફર" કરીને હતો, તેણે કહ્યું કે, મારા ભાઇ હ૦ હશન અશકરીની ઓલાદમાંથી કોઇ નથી, ત્યારે કેટલાક આલીમો કે જેણે ખુદાની મસલતનું બહાનું ઘડી કાઢયું હતું, તેઓના અને જાફરના સવાલ જવાબો થયા. પરીણામમાં આલીમોનું તેની સામે નહિ ચાલી શકવાથી આલીમો એકમત થઇને જાફર માટે ફતવો બહાર પાડયો કે **'જાફર કઝાબ"** એટલે "જાફર જુઠો."

એવી રીતે બીજી પણ ઘણી જુદી જુદી રીવાયતો છે. એકંદર એ જુદા જુદા વીચારો તરફ રજુ નહિ થતાં એટલુંજ કહેવું બાકી રહે છે કે **હઝરત મોહમદ મુસ્તફા** [સ૦] ના ફરમાન મુજબ ઇમામનો વંશ કયામત સુધી સીલસીલાવાર રહેશે. તેમજ **અલ્લાહ**ના પાક કલામો મુજબ "ઇમામે મુબીન" એટલે "ઇમામ ઝાહેર" રહેશે, તેમ ન માનતી હ૦ **મહમદ મેહદીથી** "ઇશનાશરીયા" યાને "બારીયા"ના ઇમામની સમાપ્તી થઇને ઇસમાઇલી વંશાવળી આગળ વધવા પામી અને તેજ **"હૈયુલ કૈયુમ"** ની જાત જે હઝરત અલી [અ૦] થી ઝહુરમાં આવી તે ક્રમવાર ઇસમાઇલી ખાનદાનથી આગળ વધી આજ સુધી ઝહાં આશકારા છે, તેને મોહીબાને **પંઝેતન** અને આશકે **અલ્લાહ** ઓળખીને તેની તકલીદ કરે છે, જ્યારે બીજાઓ તેથી વીમુખ થઇ બીજાઓની તકલીદ કરતાં નઝરે પડે છે.

# ઇમામ મૌલાના શાહ મોહમદ બીન ઈસમાઇલ (અ૦)

## પ્રકરણ ૪ થું.

ઈમામ મઉલાના શાહ બીન ઇશમાઇલ [અ૦] હી. સ. ૧૫૮ માં ઇમામતની મશનદ પર આવ્યા તે વખતે તેઓ ઇમામ " મદીના મુન્નવરા " માં બીરાજતા હતા. ઇમામનું બીજું લકબ " વશી મોહમદ " કરીને પણ હતું. તે વખતે બગદાદમાં અબાસાઇ ખલીફ હારૂન અલ રસીદ રાજય કરતો હતો. તેને જયારે ખબર મળી કે ઇમામ શાહ ઇસમાઇલ [અ૦] શલમીયામાં વફાત પામ્યા છે, અને તેઓની ઇમાતના હકદાર ફરજંદ હ૦ મૌલાના શાહ મોહમદ [અ૦] છે તેથી ત્યાં ટોળેબંધ લોકો શલમીયામાં જઈ ઇમામની

હસ્તમેઓશી અને " બેયઅત " કરી તેઓના મુરીદ બને છે તે જો ટુંક મુદત શુધી એ રીતે ઇમામનું કાર્ય ચાલુ રહેશે તો અજબ જેવું નથી કે મારી ખીલાફતનું કાટલું નીકળી જાય, એમ સમજી તેણે ઇમામને પકડવા માટે એકશો હથીયારબંધ ઘોડ સવારો મોકલી ઇમામને બંધીવાન કરવા માટે કોશેશ કરી. આ વાતની ખબર ઇમામને " જોબેદાએ " આપી. જેથી ઇમામ મદીનામાંથી કુચ કરી કુફામાં આવી રહયા. ત્યાં તેઓને ઘરે એક ફરજંદ જનમ્યો. તેનું નામ તેઓએ " અબદુલ્લાહ " રાખ્યું થોડા દીવસ પછી કુફામાં પણ દુશમનોએ ઇમામને શુખેથી રહેવા દીધું નહી. અને હમેશાં તકલીફો આપ્યા કરતા હતા, આથી તેઓએ પોતાનો " ખીમો " કુફામાંથી ઉપાડી " રાઇ " તરફ કુટુંબ કબીલા સહીત રવાના થયા કે જયાં ઇમામની ધણીયાણી બાબી ફાતમાનો મામો ઇશાક બીન અબ્બાશ ફારશી રહેતો હતો, તેને ત્યાં ઇમામે ઉતારો લીધો. એ ખબર જાશુશો તરફથી હારૂન અલ રસીદ ખલીફને ફરી વળાયા આથી ઇમામ પોતાના મામા સસરા ઇસાકની સલાહથી " નીહાવંદ " તરફ કુચ કરી ગયા. તે બાદ ખલીફે ઇશાક બીન અબ્બાસને પોતા પાશે પકડી મંગાવી તેની પાશેથી ઇમામનો પત્તો મેળવવા કોશેશ કરી, પણ તેણે ઇમામનો કંઇપણ પત્તો આપ્યો નહી જો કે ખલીફ તરફથી તેના પાશેથી પત્તો મેળવવા તેનાપર ઘણું ઘાતકીપણું ગુજારવામાં આવ્યું, છતાં તે ચલાયમાન ન થતાં પોતાની જીંદગી ઇમામને અર્પણ કરવા માટે દ્રઢ રહયો છેવટે એવી તકલીફો સહન કરી સાબીત કદમ રહી વફાત પામ્યો. આથી

ખલીફ પાછો નીરાસીમાં આવી પડયો. અને ઇમામની બીક વચ્ચે પોતાના દીવસો ગાળવા લાગ્યો.

ઇમામ " નીહાવંદ " પહોંચ્યા પછી ત્યાંના એક જાણીતા ગૃહસ્થ **મનસુર બીન હાસેબની** દીકરી સાથે પરણીને ત્યાં પોતાનુ રહેઠાણ કરી રહયા. ત્યાર પછી તેઓ દાઇઓ મુકરર કરી પોતાના દીનનો ફેલાવો કરવા લાગ્યા. તેથી મુરીદોની આવક " નીહાવંદ " તરફ થઇ. તે ખબર આસ્તે આસ્તે ફેલાતા બગદાદમાં ખલીફને પહોંચી. ત્યારે તેણે ફરીથી ઇમામને પકડી મંગાવવા માટે કેટલાક જાસુસો રવાના કર્યા. તે જાસુસો માંહેના કેટલાક આસામીયો ઇમામ **ઇસમાઇલ** (અ૦) ની હસ્તક બૈયઅત કરેલા હતા. તેથી તેઓએ છુપી રીતે અગાઉથી ઇમામને બાતમી પહોંચાડી. જેથી ઇમામ " નીહાવંદ " મુકીને " સાબુર " તરફ જતા રહયા, ત્યાંથી તેઓ રવાના થઇ દીનનો ફેલાવો કરતાં કરતાં મોટી મુસાફરી કરી; જ્યાં પોતાના પીતા રહેઠાણ કરી રહયા હતા, ત્યાં " **સલમીયા** " માં આવ્યા ત્યાંથી " **હશરામીયા** " ના એક ખુણામાં મકાન લઇને વસવાટ કરવા લાગ્યા. ત્યાં વસી તેઓ બનતે પ્રયાસે ઇસિમાઇલીઆ મઝહબનો ફેલાવો કરવા માટે દરેક દેશાવરોમાં " **મોશન**" મોકલવાનું ચાલુ રાખ્યું તેમાં તેઓને મોટી ફત્તેહ મળી અને દુન્યાના તમામ ભાગોમાં સુર્ય રૂપી ઇમામના કિર્ણો પ્રસરવા લાગ્યા. એવી રીતે મોટી કામીયાબી સામે ઇમામ હી. સ. ૧૯૭ માં વફાત પામ્યા. તેઓને તેઓના પીતાશ્રીની બાજુમાં દફન કરવામાં આવ્યાછે. તેઓની મસનદપર તેઓના ફરજંદ શાહ **વફી આહમદ**(અ.)બીરાજમાન થઈ ઇમામ થયા

# મૌલાના શાહ વફી આહમદ (અ૦)

## પ્રકરણ ૫ મું.

ઈમામ શાહ **વફી આહમદ** ( અ૦) તેઓનો બીજો લકબ **જાફર અલ મુસદ્દક** હતો. તેઓની માતાજીનું નામ " ફાતમા " હતું. તેઓ હી. સ. ૧૯૭ માં પોતાના પીતાની મશનદપર બીરાજમાન થયા હતા. તેઓએ ઘણી કીતાબો લખી છે, તેમાં મુખ્ય કીતાબ " અખવાનુ સફા " છે. તેમાં ઉંડી ફીલોસોફી સમાયલી છે. જેનો સઘળી ઈસલામ આલમ લાભ લઈ શકે છે. તેઓ નામદાર ઘણા ખુશ મીજાજ અને ગંભીર હતા. તેઓનો ગરીબ મુરીદો પ્રત્યે ચાહ ઘણો હતો. તેઓ હંમેશા ગરીબો વચ્ચે બેસીને ધર્મોપદેશના ફરમાનો ફરમાવતા હતા. તે વખતે પણ ખલીફાઓ તરફથી દુશમનીનું બજાર ગરમ હતું. તેથી ઈમામને ઘણું ચેતવું પડતું હતું. છતાં બગદાદ અને સલમીયા વચ્ચેનો ફાસલો બહોળો હોવાથી ખલીફાને એટલે બધે દુર સુધી પહોંચી વળવું એ ઘણું

બીકટ હતું, છતાં પણ જાસુસોથી ખબર અંતર મેળવતા રહેતા હતાં. ત્યારે ઇમામ પોતાના કાર્યક્રમમાં મશગુલ રહેતા હતા.

જયારે ઇમામ **જાફર સાદેક** (અ૦)ના જમાનામાં એક મહાભારત લડાઇ " ઉમૈયા " તથા " અબાસીઓ " વચ્ચે નીલ નદીના કાંઠે થઇ હતી, તેમાં " મરવાન બીજો " જે ઉમૈયા છેલ્લો ખલીફો ગણાય છે, તે લડાઇમાં માર્યો ગયો, ત્યારે તેના બાકી બચેલા સીતેર કુટુંબીઓને અબાસી ખલીફે બંદીવાન કરી દમાસકમાં લઇ ગયો ત્યાં તે ઉમૈયાઓને ઘાતકીપણે એટલે લાકડીઓ તથા પથરાઓના મારથી મારી નાંખી તે મુવેલી સીતેર લાસોપર બીછાનું બીછાવી તે ઉપર બેસીને અબાસીઓએ જમણ લીધું એટલી મજબુત દુશમની માંથી ઉમૈયા ખાનદાનનો એક શખ્સ કે જેનું નામ " અબદુરહેમાન " હતું, તે છટકી જવા પામ્યો. તે આફ્રીકામાં પોતાની લાગવગ વધારતો " સ્પેન " જઇ પહોંચ્યો, અને ત્યાં ફરીથી ઉમૈયા શાખાને સજીવન કરી ખીલાફત સ્થાપી. એવા સંકટોમાંથી પસાર થઇને સત્તા મેળવ્યા પછી પણ તેના વંશજોએ તથા તે વખતે બગદાદમાં રાજયકર્તા ખલીફ મામુન એ બે શાખાઓ એ ઇમામને તકલીફો આપવાનું ચાલું રાખ્યું હતું, તેથી ઇમામ હમેશા જાહોજલાલી ન ભોગવતા ફક્ત સાદાઇ સાથે સલમીયામાં વસવાટ કરી રહયા હતા તેથી ઘણી વખતે ખલીફના મોકલેલા જાસુસો ઇમામને ઓળખી નહીં શકવાથી તેજ નામી બીજા શખ્શોનું ખુન રેડી નાસી જતા હતા, તે એવા કટોકટીના વખતમાં પણ ઇમામ

પોતાના સદબોધનો ફેલાવો અંદરખાનેથી દાઇઓના મારફતે કરતા રહેતા હતા. તેવા સંજોગોમાં ખલીફ તરફથી દાઇઓને પકડી મંગાવતા અને ઇમામનો પતો પુછતા હતા ત્યારે દાઇઓ પોતાની ઇમાનદારીના હીસાબે ઇમામની બાતમી આપતા હતાં નહી, તેથી તેઓના ઉપર ઘાતકીપણે તેલ રેડી બાળી નાંખતા હતા, અથવા જીવતો જીવત જમીનમાં ગાળીને તેને સંગશાર કરી એટલે પથ્થરો વડે માર મારીને મારી નાંખતા હતા આવા આવા જુલમો છતાં પણ તેઓ ઇમામની બાતમી આપતા હતા નહી. અને તેઓ ઘણી ખુશી સાથે પોતાની દેહીપર આફતો વહોરી લઇ પોતાની શેવા અર્પણ કરી આનંદથી અલ્લાહને હવાલે થનાહતા. એવી રીતે ઇમામત ચલાવતા ઇમામ હી. સ. ૨૧૨ માં સલમીયામાં વફાત પામ્યા. તેઓની બાદ તેઓની મશનદપર હજરત તકી મોહમદ (અ૦) આવ્યા જે ઇમામના નુર ચશમ મોટા ફરજંદ હતા.

# મૌલાના શાહ તકી મોહમદ (અ૦)

## પ્રકરણ ૬ ઠું.

ઈમામ શાહ **તકીમોહમદ** ( અ૦) તેઓનો બીજો લકબ **મોહમદ અલ હબીબ** હતો તેઓ પોતાના પીતાની મશનદપર હી. સ. ૨૧૨ તે ઈ. સ. ૮૨૮ માં આવી ઈમામતથી ઝલવાગર થયા. તે વખતે બગદાદમાં અબાસી ખલીફ " **મુતસેઝ** " રાજ્ય કરતો હતો. એ ખલીફાએ ઈમામ સાથે દુશ્મની કરવામાં કાંઈક પાછી પાની કરી. જો કે તેના દીલમાં ઈમામની બીક પુરેપુરી હતી, તેથી ઈમામની હીલચાલની જાસુસો મારફતે ખબરો મેળવતો રહેતો હતો. તેમજ ઉમૈયાઓડ સત્તા જે સ્પેનમાં પાછી કાયમ કરવામાં આવી હતી તે અત્યાર સુધી ડગુમગુ સ્થીતીમાં હોવાના સબબે પોતાનો બંદોબસ્ત કરવામાં રોકાયલી હતી, તેથી ઉમૈયા તરફની ઈમામને બીલકુલ ચીન્તા હતી નહિ, અને એ વખતે ઉમૈયાઓ બીજી વેતરણમાં હતા. કે જેવી રીતે અબ્બાસીઓએ તેઓને **દમીશક** ખાલસા કરાવીને પોતાની સત્તા જમાવી

તેવી રીતે અબાસીઓને બગદાદમાંથી હાંકી કાઢવા. જો કે ઉમૈયા ઓથી એમ બનવું અશકય હતું, તેનું કારણ એ હતું કે, અબાસી સલતનત તે વખતે પુર યુવાવસ્થામાં હતી, તેથી તેના પગ ઉંડા ણમાં જમેલા હતા એવી હાંશા તોસીના વખતમાં ઇમામ " હમશ " પાશે આવેલા " ઇસલામીયા " નામના શહેરમાં બેસીને પોતાના " દાઇઓ " ને ઇસિમાઇલી મઝહબનો ઉપદેશ કરવા માટે ચોતરફ દેશાવરોમાં મોકલતા રહેતા હતા, તેને પરીણામે " યમન " " યમામા, " " બહેરૈન, " " સીંધ, " " મુલતાન, " " મીશર " અને સોમાલી લાઇનની " આફ્રીકા " વીગેરેમાં ઇસિમાઇલી મઝહબનો જોશબંધ ફેલાવો થઈ રહયો હતો તે દરમ્યાન કશા પણ વધન વગર ઇમામ હી. સ. ૨૨૫ તારીખ ઓગણત્રીશના દીને વફાત પામ્યા ત્યારે તેઓની મશનદપર મઉલાના શાહા ૨૭ અબદુલ્લાહ (અ૦) આવ્યા. જેઓ ઇમામના વડા પુત્ર થતા હતા ઇમામ તકી મોહમદ (અ૦) ની દરગા સલમીયામાંછે.

# મૌલાના શાહ રજી અબ્દુલ્લાહ (અ૦)

## પ્રકરણ ૭ મું.

ઈમામ રજીઅબદુલ્લા ( અ૦ ) જેવણ ઈમામે " અબ્દુલ્લા " અને " મહેદી " નો લકબ ધારણ કરીને પોતાના દાઈઓને ભલામણ કરતા હતા કે લોકોને ખુશ ખબર આપો કે ટુંક મુદતમાં " મહેદી " નો ઝહુર થવાનો છે, માટે પોતાના આમાલ પવીત્ર કરે, એ ઈમામ હી. સ. ૨૨૫ તે ઈ. સ. ૮૪૦ માં ઇમામની મશનદપર બીરાજમાન થયા ત્યારે " રાઈ " થી નીકળી " હમદાન " અને " આજરબાઇજાન " થી થઇને કોન્સ્ટેન્ટીનોપલ " માં આવી રહયા. ત્યાંથી કેટલાક દાઇઓને જુંદા જુંદા દેશાવરો તરફ ઉપદેશ કરવા માટે રવાના કરવામાં આવ્યા. તેમાં દાઈ નામે **અબુ અબદુલ્લા હુશેન બીન મોહુમદ બીન ઝકરીયા** જે ઘણો આલેમ હતો, તે કેટલોક વખત સુધી બશરામાં કોટવાલના હુદા ઉપર હતો. તેણે જયારે ઇસમાઇલીયા મઝહબનો અંગીકાર કર્યો

ત્યારે તેણે કોટવાલની નોકરી મુકીને ઇસ્માઇલી દાઇ તરીકે બહાર પડયો, ત્યારે ઇમામે તેને “ સોમાલી ” લાઇનના “ મગરીબ આફ્રીકા ” તરફ ઉપદેશક તરીકે જવાને ફરમાવ્યું. તે હુકમ દાઇ અબુ અબદુલ્લા માથે ચડાવીને રવાનો થયો. આફ્રીકામાં પહોંચ્યા બાદ તેણે પોતાની “ **ઇલમીયત** ” તથા વાત ચીતની શકતીવડે મોટી ફતેહ મેળવી ને એક કોમ આરબોની જે “ બરબરી ” ને નામે ઓળખાતી હતી. તેને ઇસ્માઇલી પંથમાં સામેલ કીધી, થોડા દીવશો પછી એક મોટો તાયફો કે જે “ કતામાં ” ને નામે ઓળખાતો હતો. જેના કબીલાના માણસો તમામ મગરબી આફ્રીકામાં વીખરાયલા હતા. અને તે ધણા જુસ્સાદાર લડવૈયા અને બહાદુર હતા, તે તમામને ઉપદેશ કરીને મોટી સંખ્યાના લોકોને મઝહબે ઇસ્માઇલીયામાં દાખલ કર્યા. તેથી તેને ત્યાં મોટી કામીયાબી હાંશલ થઇ.

એ વખતે “ મગરીબ આફ્રીકા ” માં **ઇબ્રાહીમ બીન મોહમદ** તખ્તપર રાજયકર્તા બાદશાહ હતો. એ બાદશાહ રાજવહીવટની દરકાર કર્યા વગર મોજસોખમાં પડયો રહેતો હતો. ત્યારે બીજી બાજુ દાઇ **અબુ અબદુલ્લા** પુરજોર શોર સાથે ઇસ્માઇલી મઝહબમાં લોકોને ખેંચીને પોતાનો પગ મજબુતીથી જમાવી રહયો હતો. એમ કરતા એ વંગતો જયારે બાદશાહ **ઇબ્રાહીમ**ને પુરી પડી ત્યારે તેણે ઇસ્માઇલી મજહબને તોડી પાડવા તથા તેમાં સામેલ થનારાઓને અટકાવવા માટે મહાભારત કોશેશો કરી બહાર

હુકમ પાડયો કે ઇસમાઇલી મઝહબમાં દાખલ થનારને કત્લ કરવામાં આવશે. તે હુકમને અમલમાં મેલવા માટે લશ્કરી બળથી કામ લીધું, તે બાદશાહની સઘળી તજવીજો નીશફળ નીવડી, સબબ કે **અબુ અબદુલ્લાએ** એકદીલી અને મજબુતાઈ સાથે બાદશાહનો સામનો કરીને બાદશાહની તમામ કોશેશો ઉંધીવાળી તેથી સઘળી મુશકીલાત દુર થઇ આથી બાદશાહે દુર વસ્તું તમામ લશ્કર એકઠું કરવા માટે હુકમ બહાર પાડયો, અને **અબુ અબદુલ્લાને** આફ્રીકામાંથી હાંકી કાંઢવા અને તેના ગોઠયાઓને હલાક કરવા માટે હથીયાર, દારૂ ગોળા વીગેરેની પુરતી સામગ્રી તૈયાર કરવાં માટે મોટી સંખ્યામાં લોકોને કામ ઉપર લગાડયા, ત્યારે બીજી તરફ **અબુ અબદુલ્લાએ** તમામ આફ્રીકામાં પોતાના કાશીદો રવાના કરી લોકોને કહેરાવ્યું કે પોતાના દીનપર મજબુત રહેવા માટે "ફીદાઇ" બની રહો કે જેથી ઝાલીમો આપણને કાંઇપણ કરી શકશે નહીં. અને તે સાથે "**મહેદી**" આવવાની ખુશ ખબરો પણ કાશીદો સંભળાવતા હતા, જેથી લોકોમાં પુરતો જૂસ્સો ફેલાતો રહયો, એમ કરતાં ટુંક મુદત બાદ **ઇબ્રાહીમ** "બાદશાહ" **અબુ અબદુલ્લાહ** સામે લડાઇની પુરતી સામગ્રી સાથે લડવા બહાર પડયો ત્યારે ઇસમાઇલીઓએ પણ **અબુ અબદુલ્લાહના** વચન પ્રમાણે આવનાર "મહેદી" ના નામે કુરબાન થવા લાગયા. આ પ્રમાણે આફ્રીકનો તથા ઇસમાઇલીઓ વચ્ચે લગભગ ચાર માસ સુધી ખુનખાર લડાઇ ચાલુ રહી, તે દરમ્યાન બાદશાહે બે વખત પોતાની જોરદાર ફોજો મોકલી, તે તમામની પાયમાલી થતાં બાકી રહેલા સોલજરો

ભાગી છુટયા આથી બાદશાહની શખ્ત હાર થઇ અને બાદશાહ પોતાનો જીવ બચાવવા ખાતર આફ્રિકામાંથી ભાગી " તરાબલેશ " થઇને એશીયા તરફ નીકળી ગયો.

પછી પુછવાનું બાકી શું રહ્યું, જ્યાં ત્યાં ઇસમાઇલીઓની બોલબાલા થઇ રહી તે ખુસ્યાલી વચ્ચે **અબુ અબદુલ્લા** મોટી ધામધુમ સાથે આફ્રીકામાં "કાહેરવાન" શહેરમાં ફત્તેહમંદી સાથે દાખલ થઈ પુરેપુરો મુલકનો કબજો લઇને અબુ **અબદુલ્લાહે** "મહેદી"ની બાદશાહી જાહેર કરતાં **ઇસમાઇલી** વાવટો આફ્રીકા ઉપર ફરકતો કર્યો, અને તાબાના તમામ શહેરો અને કસબાઓના જાણીતા આસામીઓને જુદા જુદા મથકોનો ચાર્જ શોંપી. ગવર્નર તરીકે નક્કી કરીને રવાના કર્યા. **અબુ અબદુલ્લાહની** શાલશાઈ તથા રહેમદીલીથી સઘળી પ્રજાનાં દીલો જીતી તમામને આવનાર "મહેદી"ની પૈરવી કરવા માટે ફરમાવ્યું તે ફરમાન બજાવવા માટે પોતાના ઇમામ સામે સઘળી પ્રજાએ ગરદન ઝુકાવી.

જ્યારે **મોહમદ મહેદી** (અ૰)નાં પીતા ઇમામ **રજી અબદુલ્લાહ** (અ૰) એક વખત સખ્ત માંદગી ભોગવતા હતા, ત્યારે પોતાના ફરજંદ મોહમદ (અ૰)ને બોલાવીને ભવિષ્ય ફરમાવતા હતા, ત્યારે અબુ અબદુલ્લાહ પણ ત્યાં હાજર હતો, તેણે સઘળું સાંભળ્યું હતું, તેથી. અબુ અબદુલ્લાએ ઘણા જુસ્સા સાથે આફ્રીકામાં કામ કર્યું. તેમાં તે ફત્તેહમંદ નીવડયો. તે આગાહી એ હતી કે,

"અએ નુરે ચશ્મ" તમોને દુર દરાજ મુલ્કોમાં જવું પડશે, અને જે આપણા નાના હઝરત **મોહમદ મુસ્તફા** (સ૦)ની ભવીષ્યવાણી છે, તે તારા પર ઉતરશે. જેથી તું **"મહેદી"** તરીકે ઓળખાશે.

## હદીશ

## ફી રઅસે સલાસે મીઆ તતલઉશ શમ્સ મીન મગરેબેહા.

## અર્થ

## મારા પછી ત્રણસો વરસે સુરજ મગરેબ તરફ ઉગશે.

માટે તું સુર્ય માફક રોશન થશે, તેમજ હઝરત **પયગમ્બર**ના કલામ મુજબ જે "મહેદી" થશે, તેનું નામ મારા નામ જેવુંજ હશે, અને તેના પીતાનું નામ પણ મારા પીતાના નામ પર હશે. તે "હદીશ" પ્રમાણે તમે મોહમદ બીન અબદુલ્લાહ છો." આ નોંધ અબુ અબદુલ્લાહએ લઇ લીધી હતી અને તે ધોરણ પ્રમાણે કામકાજ કરતો લોકોમાં "મહેદી" આવવાના સમાચાર ફેલાવતો હતો. એવામાં હી, સ. ૨૬૨માં ઇમામ વફાત પામ્યા તેઓની દરગાહ "સામરા"માં છે, તેના ઉપર શાનદાર હઝીરો બાંધવામાં આવ્યો છે, એ ઇમામની શહાદત બાદ તેઓના ફરજંદ શાહ મોહમદ મહેદી (અ૦) પોતાના પીતાની ગાદીપર આવીને ઇમામ તરીકે રોશન થયા.

# મૌલાના શાહ મોહમદ મહેદી (અ૦)

## પ્રકરણ ૮ મું.

ઈમામ શાહ મોહમદ મહેદી (અ૦) હી સ. ૨૬૨ માં-ઇમામતની મસનદપર ઝલવા અફરોઝ થયા. તેઓનું પુરેપુરૂં નામ **અબુલ કાસમ મોહમદ બીન અબદુલ્લા** (અ૦) હતું. તેઓનાં વખતમાં દાઇ **અબુ અબદુલ્લા**એ આફ્રીકા હાથ કરી લીધું હતું, અને લગભગ ચાર લાખ જેટલા ઇસમાઇલી સોલજરોની પલટણ ઉભી કરી હતી. તેણે ઇમામને તેડવા માટે આફ્રીકાથી કાસીદો રવાના કર્યા હતા, તે કાસીદો ઇમામની હજુરમાં હાજર થઇ દાઇ **અબુ અબદુલ્લા**એ કહેલી તમામ વીગતો રજુ કરી, ને છેવટે આફ્રીકામાં પધારવા માટે વિનંતિ કરી. આ વિનંતિનો સ્વીકાર કરતાં

**ઇમામે** પોતાના સાહેબજાદા મૌલાનાં હઝરત **કાસીમ ઉર્ફે શાહ કાયમ** (અ૦) તથા દાઇ અબુ અબ્દુલ્લાનો ભાઇ અબુલ અબ્બાસ અને થોડાક રફીકો યાને મુરીદોને પોતાની સાથે લઇ લીબાશ બદલાવી સોદાગરના વેશમાં મગરીબ આફ્રીકા તરફ જવા માટે કુચ કરી.

એ વખતે બગદાદમાં અબ્બાસી ખલીફ **"મોકતેદર"** રાજ્યકર્તા હતો. તે ઇમામની હીલચાલ માટે જાસુસો મારફતે બારીક તપાસ રાખતો હતો, તેને જ્યારે "સલમીયા" છોડીને ઇમામે કુચ કરી, કે તરતજ તેનો રીપોર્ટ બગદાદમાં ખલીફને જઇ પહોંચ્યો, કે તેથી તેણે પોતાના તમામ રાજ્ય હદમાં સખ્ત હુકમ મોકલ્યો કે જે કોઇ સત્તાધીશ ને ઇમામ શાહ **મોહમદ માહેદી** (અ૦) નજરે પડે કે, તરતજ તેવણને ગીરફતાર કરીને બગદાદ મોકલી આપવા. ખલીફના આ હુકમાનુંસાર સઘળી અબ્બાસી સલતનતોમાં આવનારા દરેક મુસાફરોની સત્તાવાળાઓ બારીકાઇથી તપાસ રાખવા લાગ્યા. આ ખબર ઇમામને જ્યારે **તરાબલેસમાં** મળી ત્યારે અબુ અબ્બાસ જે ઇમામની સાથે હતો, તેણે ઇમામ પાસેથી રજા લઇ "**કાહેરવાન**" તરફ રવાનો થયો. ત્યાં પહોંચતાંજ અબ્બાસી ખલીફાના જાસુસોએ તેને પકડી બંદીવાન કર્યો. ત્યારે બીજી બાજુ ઇમામ તથા તેઓના ફરજંદ અને મુરીદો મુસીબતોથી બચી હી. સ. ૨૯૬ માં "**સઝલમાંમહા**"માં સલામતી સાથે આવી પહોંચ્યા.

તે શહેર ઘણું રૈનકદાર અને ખુબસુરત હતું, અને મોટા મોટા આલીશાન પહાડોની વચ્ચમાં આવેલું હતું. એ સલનતનું પાયતખ્ત

**"બનુમીદરાર"** હતું, તે વખતે તે **સલતનતમાં** "બરબરી" કોમનો શાહજાદો **આલીશા ઇબ્ને મીદરાર** રાજ્યકર્તા બાદશાહ હતો. તેણે **ઇમામની** ઘણી સન્માનપુર્વક ખીદમત કરી. આ ખબર જ્યારે અબાસી સત્તાવાળાઓને પડી ત્યારે એક સખ્ત રૂકકો ધમકી સાથેનો મોકલીને અબાસી ખલીફ તરફથી જણાવવામાં આવ્યું કે "તું તારી સલામતી ચાહતો હોય તો. તારે ત્યાં જે ઇમામ મેમાન તરીકે રહેલાં છે, તેવણને ગીરફતાર કરીને મને ખબર આપ. અગર જો તારી પાસેથી છટકી જવા પામશે, તો યાદ રાખજે કે તેનો બદલે તારે ખમવો પડશે." જ્યારે આવો સખ્તાઇ ભરેલો કાગળ તે શાહજાદાનાં હાથમાં આવ્યો. ત્યારે તેને દુન્યાની ઐશઆરામ (કે જે બુરામાં બુરી બલા આફત સમાન છે,) તે પર ભુલીને ઇમામ અને તેઓના ફરજંદને કેદ કરી, અબાસી ખલીફને વળતો જવાબ લખી મોકલ્યો.

આ કટોકટીનાં સંજોગો વચ્ચે જે "રફીકો મુરીદો" શાહજાદાના હાથમાંથી છટકી જવા પામ્યા હતા. તેઓ દાઈ **અબુ અબ્દુલ્લા** પાસે જઇ પહોંચ્યા, અને ઇમામ તથા તેઓના ફરજંદ ઉપર જે તકલીફ આવી પડી હતી, તેનું વીગતવાર વર્ણન કરીને સંભળાવ્યું. આથી તરતજ અબુ અબ્દુલ્લાએ ચાલીસ હજાર માણસનું લશ્કર લઇ ઇમામને છોડાવવા માટે **"બનુ મીદરાર"** તરફ કુચ કરી. તે રસ્તામાં આવતાં **"કહેરવાન"** માં આવી પહોંચ્યો, કે જ્યાં પોતાનો ભાઇ અબુ અબાસ કેદ પડેલો હતો, તેને છોડાવીને આગળ વધ્યો. અને '**બનુ મીદરા** "માં આવી પહોંચ્યો.

આ ખબર જ્યારે **"શાહજાદા આલીશા ઇબ્ને મીદરાર"ને**

પડી. કે તરતજ તે બે લાખના લશ્કર સાથે **અબુ અબ્દુલ્લાની સામે** થયો. ત્યાં મોટું ખુનખાર યુદ્ધ થયું, જેમાં ઘણું લોહી રેડાયું અને તે લડાઇ દરમ્યાન બરબરી શાહજાદાના લગભગ એક લાખ સીપાઇઓ માર્યા ગયા, ત્યારે અબુ અબ્દુલ્લાની પારટીના ફકત બાર હજાર સીપાઈઓ શહાદત પામ્યાં, અને છેવટે શહાજાદો **"આલીશા ઇબ્ને મીદરાર"** પણ માર્યો ગયો, આથી બરબરીઓની હાર થઇ, અને તેનું લશ્કર નાશભાગ કરવા લાગ્યું. આથી **કુસમાઇલી** સોલજરોએ બા હીંમતથી તેઓનો પીછો પકડયો, અને તેઓને સરહદની બહાર હાંકી મેલ્યાં, ત્યારે અબુ અબ્દુલ્લા જ્યાં **ઇમામ** કેદ પડેલા હતા, ત્યાં આવી પહોંચ્યો, અને પહેરો ભરતા પહેરેગીરોને મારી હટાવી કેદખાનામાં દાખલ થયો, અને **ઇમામ** તથા તેઓના ફરજંદ અને સાથવાળાઓને છુટા કરી ઘણાજ માન અદબની સાથે ઇમામના દસ્ત મુબારકને બોસો આપ્યો. અને જે ઘોડાઓ પાસે તૈયાર હતા, તે ઉપર **ઇમામ** તથા તેઓના ફરજંદને બેસાડી, અબુ અબ્દુલ્લા પોતે ઇમામના ઘોડાની રીકાબ•પકડીને **"કતામાં"** કબીલાના સરદારો સાથે પાયદળ ચાલતો હતો તે ખુસ્યાલીના લીધે તેની આંખોમાંથી હર્ષના આસુઓ વહેતા હતા. આવી રીતે **"કેમ્પ માં"** આવી પહોંચ્યો, અને ભર વસ્તી વચ્ચે પસાર થતાં બુલંદ અવાજે અબુ અબ્દુલ્લા પોકારતો હતો કે, "અએ લોકો જુઓ! આ અમારા તથા તમારા **"આકા"** છે, જે **"મહેદી"** આવવાની આગાહી હતી, તે આજ **"મહેદી છે."** આથી ઇમામને જોવા માટે ટોળેબંધ લોકો એકઠા થયા હતા, અને ઇમામના દીદારથી મુશરફ થતા હતા. એવી રીતે **"સઅલમામહા"** આવી પહોંચ્યાં. ત્યાં ચાલીસ દીવસ સુધી પડાવ નાંખ્યો. ત્યારપછી **"રકાદાહ"**

તરફ આવ્યા. ત્યાં "કોહેરવાન"ના લોકોએ ઇમામને "મહેદી" તરીકે સ્વીકારી બૈયાત કરીને ઈમામે ઝમાન તરીકે કબુલ કર્યું, તે દીવસે આફ્રીકામાં ઈમામની સત્તા હેઠળ હુકમત આવતાં "કોહેરવાન" પાયતખ્ત તરીકે નક્કી કર્યું. ત્યાં ઇમામ બાદશાહ તરીકે તખ્તપર બીરાજમાન થયા. તે વખતે "કોહેરવાન"ના તાબાના શહેરો માટે વિશ્વાસુ સરદારોને ચુંટી 'ગવર્નરો" તરીકે નક્કી કરી તેઓને રવાના કરવામાં આવ્યાં, અને લડાઇ દરમ્યાન રૈયત તથા શરણે આવેલા "બરબરી" સીપાઇઓ તરફથી ઇમામને તથા તેઓના સાથવાળાઓને જે જે ખમવું પડયું હતું, અથવા જે જે નુંકસાની થઇ હતી તે તાજપોષીની ખુશાલીમાં સઘળાઓને માફી બક્ષવામાં આવી.

ત્યાર બાદ "આફ્રીકા" જીલ્લા માંહેના તબાનાં જે જે મોટા શહેરો હતા, તેમાં આલીશાન ઇમારતો ઉભી કરવામાં આવી ન્યાયની અદાલતો (કોર્ટો) મદરેસાઓ (કોલેજો) અને જાહેર પ્રજાની સગવડ મટે સુશોભીત બગીચાઓ બનાવવમાં આવ્યા. તેમજ ત્યાંની પ્રજાને બંધબેસ્તા નવા કાયદા કાનુંનો બાંધવામાં આવ્યા. આથી તમામ પ્રજા સુખી થતાં સુખ શાન્તિ સાથે રહેવા લાગી તેથી જે આફ્રીકા તરફ કોઇની નજર વટીક પણ ન હતી તે આફ્રીકા આજે હરીફ રાજયો સામે એક નમુનેદાર સલતનત થવા પામી હતી. કારણ સઘળી પ્રજા ઇમામની ફરમાન બરદાર બની દરેક વખતે પોતાનો જાન ફીદા કરવા તઇયાર રહેતી હતી. એકરરોફર અને જાહોજલાલી અબુ અબ્બાસની આંખમાં ખુંચવા લાગી. તેથી ઇમામની બાદશાહી માટે તેના દીલમાં કીનો ઉછળાવા લાગ્યો. અને હસદની બળત-

રામાં વગર અગ્નીએ બળવા લાગ્યો. આનુ મુખ્ય કારણ ઇમામ ઉપર તેનું યકીન (ઇમાન) હતુ નહીં, તેથી તે અદેખાઈનીની ધુનમાં બકવાટ કરતો કે, " ઇમામને જે બાદશાહી સલતનત હાથ લાગી છે તે મેળવવા માટેની સઘળી મહેનતો અને કોશેશો મારા ભાઇ અબુ અબ્દુલ્લાહનીજ છે. " તેથી મનમાં એવી રીતના હવાઇ કીલ્લા બાંધતો હતો કે. " ભલે! ઇમામ તખ્તપર ઝલવાગર થયા. પણ તેવણે મારા ભાઇની મહેનતો વડે રાજ્ય મેળવ્યુ છે. એટલે ઇમામ અમો બન્ને ભાઇઓના હાથમાં પુતળી થઇ રહેશે. અને હકુમતનો તમામ દોર અમારા હાથમાં રહેશે." અબુ અબાસના આ હવાઇ કીલ્લાઓ હવામાં ઉડી ગયા, કેમકે તમામ પ્રજાની વલણ ઇમામ તરફ થઈ તેથી અબુ અબાસનો ગુસ્સો ઉશકેરાયો અને ઇમામ વિરૂદ્ધ પ્રપંચ કરી તેઓને ગાદી ઉપરથી ઉઠાડી પોતે રાજ્યસત્તા મેળવે, તેવી દુષ્ટ વેતરણમાં રોકાયો, તેનાં માટે પ્રથમ **બ નુકતા મીયાં** નાસરદારોસાથે જોડતોડ શરૂ કર્યું, તેમજ પોતાના ભાઇ અબુ અબ્દુલ્લાને પોતાની વલણમાં મેળવી લેવા માટે વગવસીલો ચાલુ કરવા મહાભારત તજવીજો શરૂ કરી. ખરેખર! દુન્યાની લાલચ ઘણી ખરાબ છે, જેવી રીતે ઇબ્ને મુલઝીમ ઇમાનદાર હોવા છતાં એક ઔરતની ખાહેશમાં અંધ બની ઇમામ **મૌલાઅલી** (અ૦)નો કાતીલ ઠર્યો, તેવી રીતે દાઇ અબુ અબદુલ્લાહને પોતાના ભાઇની આડીઅવળી સમજાવટથી રાજ્યનો લોભ થયો, જેથી ઇમામ વિરૂદ્ધ તે પણ પોતાના ભાઇની માફક કાવત્રામાં સંડોવાયો. આ વિગતોથી જ્યારે ઇમામ માહીતગાર થયા, ત્યારે તેઓ ઘણા દીલગીર થયા. અને કોઇપણ ભોગે બન્ને ભાઇઓને સમજાવવા માટે ઘણી કોશેશો કરવા લાગ્યા, અને એ સમજાવટમાં કેટલાક આગેવાનો પણ સામેલ થયા, તેથી અબુ અબાસને જોશ વધ્યો અને પોતાના મન સાથે એમજ સમજવા

લાગ્યો કે ઇમામ અમારી બીક રાખે છે આવી તકકબુરીમાં અબુ અબાસે કેટલાક પૈસાના ગુલામોને ઇમામનું ખુન કરવા માટે મોકલી દીધા. પણ જેમ હવા એક સેકંડમાં દરેક ઠેકાણે ફરી વળે છે, તેમ એ કર્પીણ કૃત્યની ખબર ઝડપથી આખા શહેરમાં ફેલાઇ ગઇ, જેથી ઇમામના કેટલાક "**ફીદાઇયો**" ઉશ્કેરાયાં અને એક મોટું જબરદસ્ત ટોળું અબુ અબદુલ્લાના મહેલ તરફ ધસી ગયું ને ત્યાં અબુ અબદુલ્લા તથા તેના ભાઇ અબુ અબાસને મારી નાખવામાં આવ્યા. આ ખબર ઘણા અફસોસ સાથે ઇમામે સાંભળી, અને પોતાના મુરીદોને ફરમાવ્યું કે બનવાં કાળ બને છે, માટે હવે ફીત્ના ને શાન્ત કરો.

**હઝરત ઇમામ મોહમ્મદ મહેદી** (અ૦) અહિંથી પોતાની રાજ્યસત્તાને **ફાતમાઇ ખીલાફત** તરીકે ઓળખાવી, અને રાજ્યનો વીસ્તાર વધારવા માટે દુર દરાજના દેશાવરોપર બહાદુર લશ્કરીઓ સાથે શુરા સરદારોની સરદારી હેઠળ ચઢાઇઓ મોકલી. જેથી ફાતમાઇઓ મોટી મોટી ફત્તેહો મેળવતા ગયા. તેથી એ ઝમાનો ગોયા ફાતમાઇઓનોજ હોય એમ માલમ પડતું હતું. ટુંક મુદત્તમાં ફત્તેહપર ફત્તેહ મેળવતાં રાજ્યની એટલી બધી હદ લંબાઇ કે, "**મહેરા એલયપા**"થી કરીને છેક "**મગરેબી અલાકશી**" સુધી ફાતમાઇ ખલીફાતનો વાવટો ઉડતો થયો. એ દરમ્યાન ફાતમાઇ સલતનત ઘણી જોરદાર અને જહાં આશકારા થઇ પડી. તમામ લશ્કરી સોલજરો અને સરદારો વખત પડતાં ઇમામ ઉપર જાનનીશાર થાય તેવાં વફાદાર હતા, જેથી આજુબાજુની સલતનતો ડુલમુલ થયા કરતી હતી. તેથી નાના રાજ્યકર્તાઓ પોતપોતામાં સલાહ

કરીને ફાતમાઇ ખીલાફતને તોડી પાડવાની વેતરણમાં રોકાયા તે સંજોગો વચ્ચે એક કોમ જે " **મરમરી** "ને નામે ઓળખાતી હતી, તે ઘણી જાલીમ, જંગલી, અને મરવા તથા મારવામાં કાંઇપણ સમજતી નહોતી, તે નાના રાજ્યોની ઉશ્કેરણી અને મદદથી કસ્બાઓ તથા શહેરોમાં અનેકવાર બળવાઓ કરતી હતી. તેને ત્યાંના ફાતમાઇ લશ્કરીઓ ચાંપતા ઉપાયો લઇને દાબી નાંખતા હતા. છતાં એક વખત મોટો બળવો ફાટી નીકળ્યો, અને બળવાખોરો એકદમ ઇમામના મહેલની લગભગ નજીક આવી પહોંચ્યા, ત્યારે મહેલની આસપાસ જે ચોકીખાનો હાજર હતા, તેઓ બળવાખોરોની સામે થયા. અને જાન ફેશાનીથી લડી ઇમામના નામ ઉપર પોતાના જાનની કુરબાનીઓ કરવા લાગ્યા. આખરે પરીણામમાં બળવાખોરોની સખ્ત હાર થતાં ચોરની માફક નાશી ગયા. એ બેવફા કોમ માટે ઇમામના દીલમાં હમેશાં ખતરો રહ્યા કરતો હતો, અને ભવીષ્યમાં પોતાના ખાનદાનપર એકાએક હુમલો આવે તો બચાવ માટે મજબુત ઉપાયો લેવા જોઇએ, ખ્યાલથી એક '**દારૂલખીલ્લાફ**" કીલ્લેબંધ ઉભો કરવો જોઇએ, એવો વિચાર કરી ઇમામ "**ન્યુટ**" તરફ રવાના થયા, ત્યાં હુસ્યાર કારીગરો વચ્ચે મસલેહત કરીને કહ્યું કે, તે બનાવવા માટે કોઇ પસંદગીની જમીન નક્કી કરો. તે જમીન નક્કી થતાં હી. સ, ૩૦૩ માં "**મહેદીઆ**" નામનું એક શહેર બનાવવાનું કામ શરૂ કર્યું, અને લગભગ પાંચ વરસમાં તે શહેર તૈયાર થતાં, વચ્ચોવચ્ચ એક મજબુત મોટા ફેરાવાની દીવાલ ઉભી કરવામાં આવી, તે દીવાલમાં ઠેકાણે ઠેકાણે દાટકો રાખવામાં આવ્યાં એ દીવાલ મોટા વીસ્તારની હોવાથી તેના વચમાં મહેલાતો ઉભા કરવામાં આવ્યા, તેમાં આરસપહાણના તળાવો, તથા જમીન રોનકદાર પીળા પથ્થ-

રોની આરાસ્તા કરવામાં આવી. જ્યારે એ શહેર લગભગ તૈયાર થઇ રહ્યું, અને ફક્ત કીલ્લાના લોખંડી દરવાજા તૈયાર થતા હતા. ત્યારે ઇમામે પોતાના કુટુંબ કબીલાને "**કાહેરવાન**"થી તેડાવીને "**મહેદીઆ**"માં રાખ્યા અને કહેવા લાગ્યા કે, "મારાપર ફાતમાઇઓ માટેની ભવીષ્યની ફરજ આજે પુરી થતાં હવે હું છુટો થયો છું."

તે પછી ઇમામ પોતે પણ કેટલીક લડાઇઓમાં હાજર થઇને લડતા હતા. એક વખવ **પશ્ચિમ** તરફના કેટલાક લોકો ઇમામ સામે લડવા બહાર પડયા, અને સ્વતંત્ર થવાની વેતરણ કરવા લાગ્યા, તેથી ઇમામે પોતાના ફરજંદ **હઝરત કાયમ** (અ૦)ને તેઓની સામે એક ચુનંદા લશ્કરની સરદારી સોંપીને રવાના કર્યું. ત્યાં જે શહેરમાં બળવાખોરો ભરાયલા હતા, તે શહેરને **હઝરત કાયમ** (અ૦) ઘેરો નાંખી ઘણો લાંબો વખત સુધી ત્યાં રહ્યા. ને જ્યારે બળવાખોરો પાસે ખોરાક ખુટી ગયો ત્યારે તેઓ કફન પહેરી હાથ બાંધેલામાં તરવાર લઇ શરણે આવી જીવતદાન માંગ્યું. **હઝરત શાહ કાયમે** (અ૦) તેઓને જીવતદાન બક્ષીને કેટલાંક શીખામણના બોધદાયક વચનો કહ્યાં, અને તેઓ જે થોડીઘણી ખંડણી આપી શકયા, તે લઇને તેઓને છુટા કર્યા. એ વખતમાં પશ્ચિમ તરફના ઘણા મુલકો તેઓએ હાથ કર્યા, અને પોતાના લશ્કરી બળ વડે કેટલાક રાજકર્તાઓને તાબે કરી તેઓના રાજ્યને પોતાના રાજ્ય સાથે જોડી દીધા. અને "ઇદ્રિલસ, કીરવાન, તરાબલેસ, અમસાલ, મરાનો" વીગેરે રાજ્યપર ઇમામની હકુમત કાયમ થઇ, ત્યારે બીજી તરફ "સ્પેનમાં" જે ઉમૈયા ખલીફ હતો, તે ઇમામ તરફ પૂર્ણ શત્રુવટ રાખતો હતો, તેથી તેને તોડી પાડવા અને

"સ્પેન"ને હાથ કરવા માટે ઇમામ તરફથી તૈયારીઓ ચાલતી હતી. તે વખતે મીસરમાં અબ્બાસી ખલીફાઓની સત્તા હતી, જેઓ ઇમામોને હમેશા મુશીબતમાં નાંખી હેરાન કરતા હતા, તેઓ ઉપર ઇમામના ફરજંદ **શાહ કાયમ** (અ૦) હી. સ. ૩૦૯ માં હુમલો લઈ ગયા, પણ તે વખતે હુમલો નીષ્ફળ નીવડયો, અને મીસર ફત્તેહ થયું નહિ, ત્યારે બીજી વખત "**મીશર**"પર ચહડાઈ લઈ જવા માટે અને અબ્બાસીઓનો દોર તોડી પાડવા માટે જબરદસ્ત તૈયારીઓ કરી રહ્યા હતાં, કારણ એ લડાઈમાં ઇમામ પોતે લડવા માટે બાહેર આવવાના હતા. પણ તે સંજોગો વચ્ચે મૌલાના શાહ **મોહમદ મહેદી** (અ૦) ૨૪ વરસ રાજ્ય ભોગવી હી. સ. ૩૩૨ માં "**મહેદીઆ**" માં વફાત પામ્યા. તેઓની તુરબત પણ "**મહેદીઆ**"માં આવેલી છે. ઘણા મોતેબર ઇતી-હાસ લખનારાઓ પણ કબુલ કરી ગયા છે કે, ઇમામ **મોહમદ મહેદી** (અ૦)ની સલતનત ઘણી જબરદસ્ત અને પ્રજાને સુખરૂપ અને ફાયદા-કારક હતી. તેઓ લોકો ઉપર અદલ ઇન્સાફ સાથે રાજ્ય ચલાવતા હતા. તેથી તમામ રૈયત ઇમામની ફરમાન બરદાર રહેતી હતી. અને હંમેશા ઇમામ સાથે નમનતાઇથી ચાલતી હતી. ઇમામની વફાત પછી ઇમામની મશનદપર તેઓના ફરજંદ મૌલાના **શાહ કાયમ** (અ૦) બીરાજમાન થયાં.

૬

# મૌલાના શાહ કાયમ (અ૦)

## પ્રકરણ ૯ મું.

ઈમામ કાયમ (અ૦) હી. સ. ૩૨૨ માં પોતાના પીતાના તખ્તપર જલવા અફરોઝ થયા. ઈમામ શાહ-મોહમદ મહેદી (અ૦) પોતાની હૈયાતી-માંજ ઈમામ કાયમ (અ૦)ની સરદારી અને ઈમામત "પશ્ચિમ" તરફના અને "બરબરી" લોકો પાશેથી કબુલાવી બૈયત લેવડાવી હતી. ઈમામ કાયમ (અ૦)નો લકબ **હઝરત અબુ કાસીમ મોહમદ નીઝાર અલ કાયમ બ અમ્ર અલ્લાહ** (અ૦) હતો, તેઓ હીંમતવાન, બહાદુર, લડવૈયા, અને સીપાયાના, તબીયત ધરાવતા હતા. દરેક લડાઈઓમાં તેઓ પોતે હાજરી આપી દુશ્મનો સામે લડતા હતા. ફાતમાઈ ખલીફાઓમાં તેઓ પહેલાજ બાદશાહ હતા. જેઓએ દરયાઈ લડાઈનો કાફલો બનાવ્યો હતો, અને લગભગ ત્રણસો લડાઈકિ બારકસો તૈયાર કરાવ્યા હતા, તેનું કારણ એ હતું કે, **ઈટલીયનો** દરીયામાર્ગે આવી વખતો વખત ઈમામની સરહદમાંથી લુટફાટ કરી ભાગી જતા હતા,

તેથી ઇસ્માઇલીઓને ઘણી મુસીબતો વેઠવી પડતી હતી તેના બચાવ અર્થે ઇમામને એ પગલા લેવા પડયાં હતા, કાફલો તૈયાર થઇ રહ્યા બાદ એક વખતે એકાએક ઇટેલીયનોએ ઇમામની રાજધાનીના બંદરો પર હલ્લો કર્યો, અને બંદરોને તારાજ કરી મોટું નુકશાન પહોંચાડયું. તેનો બદલો લેવા માટે ઇમામે પોતાનું લશ્કર એકઠું કરી, ઝાલીમોનો જોહાકીદાર તોડી પાડવા માટે એક જબરદસ્ત કાફલો "**રોમ**" ફત્તેહ કરવા માટે રવાનો કર્યો, ત્યાં ઇટલી દરીયામાં **મહાન** લડાઈ શરૂ થતાં છેવટે તેમાં ઇટેલીયનોની સખ્ત હાર થઈ, તેથી ફાતમાઇઓએ "**ફારા**". સીવાય ઇટેલીયનોનાં આખા પ્રાંતનો કબજો મેળવી, ત્યાં ઇમામની હકુમત કાયમ કરી. ત્યાર પછી બીજી વખત ચહડાઈ કરીને ઇટેલીયન હદને ઘેંટ સુધી તારાજ કરી, ઇટાલી કાફલા સામે દરીયા માર્ગે મહાભારત લડાઇ કરીને ઇટલીનું મોટું શહેર '**જીનોવા**' સર કર્યું. જે ઘણી લાંબી મુદત સુધી ફાતમાઈ ખલીફના તાબામાં રહ્યું. અને "**લોમપારડી**"નો પણ એક ભાગ ઇમામના તાબા હેઠળ આવ્યો. એવી મહાન જીતોપર જીતો મેળવતાં ઇસમાઈલી સોલજરો આગળ વધતા હતા, ત્યારે બીજી તરફ લશ્કરના રોકાણનો લાભ લઇને બેઇમાની લોકો બળવો જગાડવાની કોશીશો કરતા નજરે પડતાં હતાં. અને એક બળવો "સકલબીયા"ના આરબોએ ઇમામ સામે ઉઠાવ્યો તેનું કારણ એ હતું કે "સકલબીયા" નો ગવર્નર કે જેનું નામ **સાલમ** હતું, તે પ્રજાને વગર કારણે હેરાન કરતો હતો, તેથી પ્રજામાં ઉશ્કેરણી થતાં બળવો ઉઠયો, આથી **સાલમે** પોતાનો જીવ જોખમમાં જોયો, તેથી બચાવ માટે ઇમામ પાશે મદદ મેળવવાનો એક રૂકકો લખી **કાશીદને રવાનો કર્યો. તે રૂકકામાં જણાવ્યું હતું કે "અહિંના લોકો**

આપની સત્તા સામે વાંધા ઉઠાવે છે, માટે તરત મદદ મોકલાવો" આ રૂકકો જ્યારે ઇમામના હાથમાં કાશીદે આપ્યો, કે તરતજ ઇમામે "ખલીલ" નામના બહાદુર સરદારની સરદારી હેઠળ એક લશ્કર રવાના કર્યું, તે સીપેહસાલાર ખલીલ જ્યારે લશ્કર લઇ સકલબીઆમાં આવી પહોંચ્યો, ત્યારે ત્યાંના લોકોમાંના કેટલાક જાણીતા શહેરીઓનું એક ડેપ્યુટેશન સરદાર ખલીલની મુલાકાત લેવા માટે આવ્યું. અને સરદાર ખલીલને ગવ્હર્નર સાલમ પ્રજા ઉપર વગર ગુન્હાએ ઝુલમ ગુજારે છે, તેથી વાકેફગાર કર્યો. આથી સીપેહસાલાર ખલીલે ઇમામ પાસેથી ઓરડર મેળવી, ગવ્હર્નરના ઓદ્ધા ઉપરથી સાલમને બરતરફ કર્યો, અને તેની જગ્યાએ હસન બીન યાસીનની ગવ્હરનર તરીકે નીમણુંક કરી. આથી સકલબીયામાં પાછી શાન્તિ ફેલાણી.

ખરેખર! અગર જો ઇમામની સલતનતમાં આવાં ઝગડા ફેલાતે નહિં, તો અજબ જેવું ન હતું. કે ઇમામના સોલજરો યુરોપમાંનો ઘણો ભાગ મેળવવા વગર રહેતે. ફરીથી પ્રજામાં માનાકેશો પડવાના મનહુશ આશાર નજરે પડવા લાગ્યા, અને અંદરખાનેથી કુસંપ વધતો જતો હતો, તે કુસંપના બી રોપવામાં મુખ્ય હાથ ગુન્હેગાર, ઝાલીમ અને ઝુલમી બરબરી કોમનો હતો. તેઓ અંદરખાનેથી પ્રજાને બહેકાવવા માટે પ્રપંચો રચતાં હતા, તેથી આખરે એકાએક બળવો ફાટી નીકળ્યો, તેમાં એક સીખેલો, પોતાને આલીમમાં ગણતો, બેવફા થયલો અબુયઝીદ મુખલેદ બીન કરાદ નામનો ખારજી હતો, તેણે ઇમાનદારીના ડોળથી વાએજ કરી અભણ તથા જંગલી બરબરીઓને પોતાની સાથે મેળવી લીધા.

હી. સ. ૩૩૩ માં અબુ યઝીદ ખારજી કે જેને કેટલાક અજ્ઞાન બર બરીઓ " **શેખુલ મુસલમીન** " તરીકે કહેતા હતા. તે પોતાના વહેશી મુરીદો સાથે પહાડોપરથી ઉતરીને શહેરોમાં દાખલ થઇને પોતાના જંગલી મુરીદોના હાથે લુટફાટ તથા કત્લ ચલાવી આગળ વધતો હતો, પરિણામમાં આખરે તેણે એવી બરબાદી કરી નાંખી કે ફકત "**મહેદીઆ**" તથા અત રાફના થોડા **કીલ્લેબંધ**શહેરોપર ઇમામની હકુમત રહી. ત્યાર પછી અબુ યઝીદ ખારજીએ વિચાર્યું કે, એ કીલ્લેબંધ શહેરો પણ હાથ કરી લઉં. આ વિચારથી તેણે ચાર વખત સરતોડ હુમલા કર્યા તેમાં ઇમામના લશ્કરે બહાદુરીથી લડી તેને હરાવ્યો એ ચારે વખત હાર પામવાથી યઝીદ હેરાનને પરેશાન થયો, અને જીત મેળવવા માટે તેના પાશે એકે રસ્તો રહયો નહી. તેથી નીરાશ થઈ લડાઇને પડતી મુકી " કનાઅત" તથા " સુસ " ની તરફ નાહો. ત્યાં તે શહેરોપર હુમલો કરી તેને હાથ કરવા માટે રોકાયલો હતો. ત્યારે ઇમામ મોલાના **શાહ કાયમ** (અ૦) હી. સ. ૩૩૪ માં વફાત પામ્યા. તેઓની બાદ ઇમામની ગાદીએ તેઓના ફરજંદ **હઝરત મોલાના શાહ મનસુર** (અ૦) આવ્યા.

# મૌલાના શાહ મનશુર (અ૦)

## પ્રકરણ ૧૦ મું

ઈમામ **મનશુર** (અ૦) હી.સ. ૩૩૪ માં પોતાના પીતાની મશનદપર બીરાજમાન થતાં **ઇસમાઈલીઅન ઇમામ** તરીકે જાહેર થયા, તેઓ **હઝરત અબુ ઝાહેર ઈસમાઈલ અલ મનશુર બ અઅઅલ્લાહુના** ઈલ્કાબથી ઓળખાતા હતા. તેઓ મોટો હોંશલો ધરાવનાર અને તબીયતમાં પાણીદાર હતા. તેઓ તખ્તપર આવ્યા બાદ ખારજી યઝીદ જે "કુનાઅત" તથા 'સુસ" પર ઘેરો નાંખીને પડયો હતો. ત્યાંથી તેને હાંકી કહાઢવા માટે ઇમામે એક ચુનંદી ફોજ મોકલી તેમાં યઝીદની હાર થતાં તે નાસભાગ કરવા લાગ્યો, ત્યારે ફાતમાઇ લશ્કરે તેનો પીછો પકડયો. તે સંજોગો વચ્ચે જ્યાં જ્યાં બન્ને લશ્કર ભેગું થતું હતું ત્યાં ત્યાં જેવી રીતે ઇસમાઇલીઓ સામે ખારજીઓએ બેરહેમીથી કામ લીધું હતું, તે પ્રમાણે હવે ઝાલીમોનો માર ખાવાનો વખત આવ્યો, તેથી ફાતમાઇ ફોજ પણ તેઓપર દયા કર્યા વગર કત્લ ચલાવી તેઓને નાબુદ કરતી હતી.

એવી રીતે ફ-તેહપર ફતેહ મેળવતા મૌલાનાશાહ કાયમ (અ૰)નાજમાનામાં જે શહેરો ફાતમાઇઓના હાથમાંથી નીકળી ગયા હતા, તે મૌલાના શાહ મનશુર (અ૰) ઇમામે પાછા હાથ કર્યા. અને જે અબુ યઝીદના મુરીદોએ પોતાની જીત વખતે ઇસ્માઇલીયનોપર કત્લ તથા લુટફાટ ચલાવી મુરદાળ લીઝતોમાં મોજ માની ભુલા પડયા હતા, તેઓ તમામ આ લડાઇમાં માર્યા જતાં વાસીલે જહનંમ થયા, અને એ ખારજીઓનો સરદાર અબુ યઝીદ ' જબ્લ કીશાલાત" તરફ નાઠો. એ રસ્તો ઘણો વીકટ અને મુશ્કીલી-ભરેલો હતો કે જ્યાં આખા દીવસમાં ફકત થોડોજ રસ્તો પસાર થઇ શકતો હતો છતાં ફાતમાઇ ફોજે તેની પુઠ ચાલુ રાખી હતી, શત્રુઓ નાસતા નાસતા અબુ યઝીદ સાથે "કતામા"ની પહાડોપર ચડી ગયા. તે પહાડપર એ ઝાલીમોનો એક કીલ્લો હતો, તેમાં તે ભરાઇ બેઠાં કે જ્યાં થોડા બરબરી ચેલાઓ સાથે અબુ યઝીદનો છોકરો બેઠેલો હતો. ત્યારે ફાતમાઇ ફોજે તે કીલ્લાને ઘેરો નાખવાનું શરૂ કર્યું, જ્યારે કીલ્લાની અંદરથી અબુ યઝીદ તથા તેના ચેલાઓ ધા કરીને ખુનરેજી કરતા હતા, ત્યારે ફાતમાઇ ફોજ તેનો જવાબ મકકમપણે દેતી હતી. એમ કરતાં આખરે એ પહાડપર ખુનખાર લડાઇ થઈ, અને દુશ્મનોનો કીલ્લો ફાતમાઇ ફોજે શર કર્યો. એવામાં અબુ યઝીદ છુપો રસ્તો તોડીને નાશી જવાની કોશેશ કરતો હતો, એવામાં તે ઇસ્માઇલીયનોને હાથે પકડાઇ ગયો. તેને મુસ્કેટાટ બાંધી કેદ કરી "મહેદીઆ" તરફ ઇમામની હજુરમાં રવાનો કરવામાં આવ્યો ત્યાં તેને "હમદાન"ના કીલ્લામાં એક લોહાના પાંજરામાં પુરવામાં આવ્યો, તેમાંજ તેને આખરે રીબાવી રીબાવીને મારી નાખવામાં આવ્યો. ત્યારે અબુ યઝીદનો છોકરો તથા તેના થોડાક ચેલાઓ નાશી જ-

વાથી જીવતા રહેવા પામ્યાં હતા. છતા તેઓએ પોતાની ઘાતકી વર્તણુંક મુકી નહોતી. અને ઠેકઠેકાણે છુપી રીતે ભાગતા ફરતા હતા, પ્રજાને ઘણી તકલીફ દેતા હતા. આખરે તેઓ પણ ફાતમાઈ ફોજને હાથે બંદીવાન થવા પામ્યા. જેથી આફ્રીકા પાછો એ ઝાલીમોથી પાક થવા પામ્યો, અને પ્રજા સુખચેનથી વસવાટ કરવા લાગી.

"સકલીયા" પ્રાંતમાં **હશન** સારી રીતે વહીવટ ચલાવતો હતો તેના પર "**તુરકો**"એ ચઢડાઇ કરી, તેથી તેની સામે **હશનન**ને લડવું પડયું, તેમાં તેની હાર થઇ. એ ખબર ઇમામને ફરી વળતાં એક **કુરૂખ** નામનાં બહાદુર સરદારની સરદારી હેઠળ ફાતમાઇ ફોજ **તુરકો** સાંમે લડવા રવાના કરી. તેણે સકલીયામાંથી **તુરકોને** મારી હઠાવ્યા. એ ફત્તેહની ખુશાલીમાં એક કવી કે જેનું નામ **અબુ જાફર** હતું, તેણે કેટલીક કવીતાઓ રચી દરબારમાં લઇ આવ્યો. તેમાં કેટલીક ભવિષ્ય પણ ભાંખેલી હતી, ને તે કવીતાઓમાં એવી આગાહી પણ કરેલી કે, "અએ ઇમામે ઝમાન મૌલાના શાહ **મનશુર** (અ.) તમારો પાટવી કુંવર હઝરત **મોએઝ**(અ૦)નું મુબારક નામ પવિત્ર "**મક્કા** અને **મદીના**"ના શહેરોના મીમ્બરોપર અને સીકકાઓપર એક મહાન ખલીફ તરીકે જારી થશે, જે **અબુ જાફર** કવીની ભવિષ્યવાણીઓ પાછળથી ખરી થવા પામી હતી.

"**સીસલી**" અને "**કલાબરયા**"ના કેટલાક બદકાર આરબો ફાતમાઇ સલતનતને સારી રીતે માનતા નહિ હતા, અને સંજોગો વચ્ચે વિરૂદ્ધ જવાને તેઓ પાછી પાની ભરતા હતા નહિ. તેઓને ઇમામ **તરફથી**

દબાવીને **સારી રવેશે** ફરમાન બરદાર બનાવવામાં **આવ્યા, જેથી તેઓ** ફાતમાહ ખીલાફતને **આધીન રહ્યા.** ત્યારે હી. સ. ૩૩૯માં **ઇમામ શાહ મનશુર** (અ૦) **અબુ અલ કાસમ હુસન બીન અલીને** સીસલી અને તેના તાબાના પ્રાંતપર ખંડણીયા સુબા તરીકે મુકરર કર્યો, તે **અહુદ હુશનના** ખાનદાનમાં લાંબી મુદત સુધી રહેલો હતો, તે સુબો થયા પછી સારી રીતે રાજ્યકારભાર ચલાવતો હતો, એવામાં "**ફ્રેન્ચ**" રાજ્ય **કલાબરીયાપર** હુમલો લઇ આવ્યો. તે **ફ્રેન્ચ** લશ્કર સાથે "**ફ્રાટાલીયન**" હદમાં દર્યાઇ સખ્ત ખુનખાર લડાઇ થઇ, તેમાં ફ્રેન્ચોની મોટી હાર **થઇ.** એ રોકાણનો લાભ લઇ "**સ્પેન**"માં રાજ્યકર્તા ઉમૈયાદ ખલીફ **અલ નાશરે** વગર લડાઇએ અંદરની સમજાવટથી **મરાકો** હાથ કરી લીધું.

ઇમામ **મનશુર** (અ૦)ને અગાઉ જેવી રીતે સુફીઓ **હઝરત મોહમદ** (સ૦)ને **અલ્લાહ** તરીકે માનતા હતા, તેવી રીતે **શેખ** તરીકે ઓળખાવતો ખાનદાન ઇમામને **અલ્લાહ** તરીકે માનતો હોવાથી મુલ્લાં અને મોલવીઓ, જેઓ **સરીઅતપનાહ** હતા, તેઓનું કાતરીયું ગરમ થયું. જેણે કેટલાક નાદાનોને ઉશ્કેરી મુકયા, તેથી એક સમયે ઇમામ શહેરથી બહાર **શીકારગાહે** જતા હતા, જ્યારે તેઓ પોતાના**ફરજંદ શાહ મોએઝ** (અ૦)ને ઇમામ તરીકે જાહેર જાનશીન કરી ચુકયા હતા, ત્યારે જાલીમોએ **શાહ મનશુર** (અ૦)પર હુમલો કરી, તેઓને પકડી, તેઓના ગલામાં ફાંસો નાંખી ઝાડ ઉપર લટકાવી શહીદ કર્યા. તેઓ ઇમામ હી. સ. ૩૪૧માં વફાત પામ્યા. તેઓની કબર "મહેદીઆ"માં આવેલીછે. **શાહ મનશુર** (અ૦)ની વફાત બાદ તેઓના ફરજંદ મૌલાના **શાહ મોએઝ** (અ૦) **ઇમામતની મશનદપર બીરાજમાન થયા.**

# મૌલાના શાહ મોએઝ (અ૦)

## પ્રકરણ ૧૧ મું.

ઇમામ **મોએઝ** (અ૦) હી. સ. ૩૪૧ માં ઇમામતની મશનદપર રોનક અફરોઝ થયા, એ નામદાર ઇમામનો પુરો લકબ **અબુ તમીમ શૈયદ અલ મોએઝ અલ દીનલ્લાહ** (અ૦) છે, એ ઇમામને ઇતીહાસ લખનારા દાના, ચાલાક, ઇનશાફી, બહાદુર, આલીમ, તથા શાયન્સ, અને ફીલાશુફીના મુરબ્બી તરીકે લખે છે.

એવણ ઇમામનાં જમાનામાં **સોમાલી** લોકો ઇલ્મ વ હુન્નરમાં આગળ વધી માલદાર બની રહયા હતા, જેથી તમામ પ્રજા ખુશી અને સુખ ચેનમાં દીવશો પસાર કરતી હતી, તેમ મુલકી ઝગડાઓ, ફીશાદ,

અને ભયાનક આફતોનો અંત આવી રહયો હતો. કારણ કે જે કોઇ બદ્દફાર બદકારીપર કમર બાંધતો હતો તેને પુરેપુરી સજા કરવામાં આવતી હતી, તેથી સઘળી પ્રજા દાખલો લઇને રાહે રાસ્તપર ચાલતી હતી.

શહેરમાં બંદોબસ્ત રાખનારા અમલદારો પુરેપુરી પોતાની ફરજ કાળજીથી બજાવતાં હતાં, ને પ્રજાને બંધબેસ્તા થાય તેવા કાયદા કાનુંનો સલતનતનાં બરનાં રચવામાં આવ્યાં હતા, તેથી તમામ પ્રજા સુલેહ અને સંતોષથી વર્તતી હતી.

લશ્કરનાં બંધારણ માટે જુદી જુદી ફોજો ઉભી કરવામાં આવી હતી જે સઘળી ફોઝ લગભગ બાર લાખ માણસોની ગણવામાં આવે છે. તેની જુદી જુદી પલટણો બનાવી તે પર ખાસ અનુભવી અને સુરા સરદારો મુકરર કરવામાં આવ્યા હતા, તે ફોઝોમાંનાં વીભાગનાં જુદા જુદા નામ રાખવામાં આવ્યા હતાં, તેમાં **નીઝામીય** અને **મલયસય** એ બન્ને પલટણો ઘણી વખણાતી હતી. જેમાંના તમામ સોલઝરો ચુનંદા લડવૈયા અને બહાદુર હતાં, તે ફોઝો જયાં જયાં ચહડાઈ લઇને જતી હતી, તે ફત્તેહ કર્યા સિવાય પાછી વળતી નહી, એવી દીલેર ફોઝથી **અતરાફ**નાં તમામ હાકીમો ઇમામને તાબે રહી "ખંડણીઆ" થઇ રહ્યા હતા, એ સુરવીર ફોઝોનો વડો **ઝનરલ-ઇન-ચીફ** યાને **સુપેહ સાલાર** એક ઇમામ **મોએઝ** (અ૦)નો ગુલામ નામે "**ઝોહર**" હતો. તેણે જાનીશારી અને વફાદારીથી જીતો મેળવી, તેથી એટલો પ્રખ્યાત થવા પામ્યો હતો, કે જેને "'**સ્પેનીયન**" ઇસાઇ (ક્રીશ્ચીયન) સૌમાલીઓ **અલનાશર**નાં **ખીતાબથી બોલાવતા હતાં.**

હી. સ. ૩૪૪ માં **ઓન્ડેલેસીયા**નાં દરીયાઇ કાફલાએ જે "**ફાતમાઇ**" જંગી બારકસ ટપાલ લાવતો અને લઇ જતો હતો, તેનાંપર ઘેરો નાંખીને મજકુર ટપાલનાં બારકશને કેદ કરી લીધું, તેની ખબર જ્યારે ઇમામ **શાહ મોએઝ** (અ૦)ને પડી ત્યારે "**શશલી**"નાં ગવહર્નર **હશન બીન અલીને** ફરમાન મોકલાવ્યું કે એક જબરદસ્ત **કાફલાની સાથે ઓન્ડેલેસીયા** તરફ ચહડાઈ કરો કારણ કે ત્યાંના **આલ-માયશ**નાં "હાકીમે" આપણાંથી નાહક ઉભી કરેલી દુશ્મનીની તેને લીઝત ચખાડો, કે ફરીથી આવી હરકત કરતા અટકે, તે ફરમાનનો "ગવહર્નરે" વગર ઢીલે અમલ કર્યો. અને "અલનાશર"નાં કપતાનોએ દુશ્મનોનાં **શુશ** અને **મરઝે** "બેઝર"નો નાશ કરી પોતાને થયલી નુક-શાનનો બદલો પુરેપુરો લઇ પાછા વળ્યા અને એ ખબર ઇમામ શાહ **મોએઝ** (અ૦)ને પોંચાડી.

ત્યાર બાદ ફાતમાઇઓએ **મરાકો** ફત્તેહ કરી, અને ઝુલમી સરદાર **ઝેરરી બીન મના સહતાજા** તથા જંગલી **એનારકીસ્ટોનું** જોર તોડીને "**ઝઝીરે કરેયટ**" ફત્તેહ કર્યું; તેના "ગવહર્નર" તરીકે **અબદુલ્લા અનશને** નક્કી કરી, વિરોધિઓ **સોમાલીઓને** તાબે કરીને ઇમામ **શાહ મોએઝ** (અ૦)ની હકુમત કાયમ કરી. એ ચડતી ન શાંખી શકનાર **રૂમીયો** હી. સ. ૩૫૦ માં ફાતમાઇ હકુમતને તોડી પાડવાની કોશીશથી લગભગ સાતસો ફોજી બારકશોને "ઝઝીરા"માં ઉતાર્યાં, તે **રૂમીયોની** મોટી સંખ્યા સામે ફાતમાઇ આરબો ટકી શકયા નહી તેથી ફાતમાઇઓની હાર **થતાં** "ઝઝીરા" "રૂમીયોએ" ફત્તેહ કર્યું, એ લડાઈ દરમ્યાન **જ્યારે**

ઈસમાઇલી આરબો મોટી સંખ્યામાં માર્યા ગયાં, ત્યારે **"રૂમીયો"**એ પ્રજાપર ઘાતકીપણું ગુજારવામાં કાંઈ બાકી રાખ્યું નહી, તે એટલે સુધી કે નીર્દોષ બાળકોને પણ નીર્દય રીતે ઠોકરો મારીને તેને મારી નાંખતા હતા, એ ખબર જ્યારે ઇમામ **શાહ મોએઝ** (અ૦)ને પડી ત્યારે ઘણા જુસ્સામાં આવી જતાં **શશલી**નાં વાલી **જનરલ આહમદ બીન હુશન**પર હુકમ મોકલ્યો કે ઉતાવળે "ઝઝીરા"ની મારી પ્રજાપર જે ઘાતકીપણું ઝાલીમો ગુજારે છે, તેની સામે સંગીન લશ્કર સાથે સામનો કરો, અને તમારી મદદે અત્રેથી બે લાખનું લશ્કર અમો રવાના કરીએ છીએ, તે હુકમ થતા **જનરલ આહમદ** પોતાના બહાદુર યોદ્ધાઓ સાથે બહાર પડ્યો, અને '**જજીરે કરેયટ**" તરફ પ્રયાણ કર્યું. ત્યાં પોંચતાં ને 'રૂમીયો" સાથે "ફાતમાઇઓ"નું એક દારૂણ યુદ્ધ થયું, તેમાં 'રૂમીયો"ની હાર થતાં નાશભાગ કરવા લાગ્યા, અને અતરાફનાં કીલ્લાઓમાં ભરાઈ બેઠા, છતાં **જનરલ આહમદે** તે દગાબાઝોનો પીછો છોડ્યો નહીં, અને બહાદુરી સાથે કીલ્લાઓમાં ભરાઇ બેસેલા "રૂમીયો"ને ખેંચી બહાર લાવતાં, અને તેને રીબાવી રીબાવી મારી નાખતાં. એવી રીતે તમામ કીલ્લાઓ સર કરીને **ઝઝીરો કરેયટ**ને દુશ્મનોથી પાક કર્યો તેવામાં ઇસમાઇલી જાસુસો તરફથી ખબર મળી કે ખુશકીને રસ્તે **રૂમીયો**નું એક મોટું પાયદળ લશ્કર નાશી છુટેલા "રૂમીયો"ની કુમક આવે છે, તેવામાં ઇમામે મોકલેલા બે લાખ માણસનું લશ્કર **જનરલ આહમદ**ની મદદે આવી પહોંચ્યું, તે સાથે લેતા **જનરલ આહમદ** ખુશ્કીનાં રસ્તે **"રૂમીયો"**ના સામનો કરવા કુચ કરી આગળ વધ્યા. થોડા દીવસની મુસાફરી બાદ બન્ને લશ્ક-

રેનો ભેટો થયો, અને ખુનખાર લડાઇ ચાલુ થઇ તેમાં રૂમીયોનો કચ્ચડ ઘાણ નીકળી ગયો, તેથી દરીયા તરફ નાસવા લાગ્યાં. ત્યારે ઇસ્માઇલી આરબોએ તેનો પીછો લીધો, એમ કરતા "રૂમીયો" જે પોતાના બારકશો દરીયામાં લાંગરેલા હતા, તે પર ચડીને ભાગવા લાગ્યાં એટલામાં ઇસમાઇલીઓ આવી પહોંચ્યા. તેથી સાંમસાંમે ઝપાઝપી ચાલુ થઇ, પરિણામે "રૂમીયો"ના તમોમ બારકશોનાં ચુરેચુરા થઇને દરીયાને તળીએ બેશી ગયાં, એવી રીતે દુશ્મનો ફાતમાઇ સરહદમાંથી નાબુદ થયાં, અને પ્રજા સઘળી સુખ ચેનથી રહેવા લાગી; શહેર અને દરેક કશબામાં ઇબાદતખાનાઓ, કાલેજો, દવાખાનાઓ ઉભા કરીને ઇલમ તથા હુન્નરની ખીલવણી કરવામાં આવી, અને જે હબપર બગદાદમાં તથા કરન્ટવામાં સંસ્થાઓ હતી. તેથી પણ વધારે સુધારા સાથે ઝઝીરામાં સ્થાપવામાં આવી, તેમજ તમામ બાજુએ ઉન્નતિની હીલચાલ મચી રહી, તેથી દુર દેશાવરોનાં લોકો ત્યાં ઇલમ વ હુન્નર શીખવા માટે આવતા હતા જેથી એ "ઝઝીરો" દુનીયાપર નમુનેદાર બની વિખ્યાતી મેળવીને ઝહાં આશકરા થવા પામ્યો.

હી. સ. ૩૫૬ માં **મીશર** તરફ નજર કરવામાં આવી કારણ કે **ખલીફ મામુન** જે અબાસી ખાનદાનનો હતો, તેના તરફથી જે "ઇસમાઇલીઓ"ને વગર ગુન્હાએ તકલીફ આપીને દેશપાર કરવામાં આવતા હતા, તે જમાનો હવે બદલાયો હતો, અને ફાતમાઇ સલતનત એક એવા સંગીન પાયાપર આવી હતી કે જેથી "અબાસી" તથા "ઉમૈયા"એ બન્ને ખીલાફતો ગભરાટમાં આવી પડી હતી, ત્યારે અગાઉ ઇસમાઇલીઓએ

ઉપાડેલી મુસીબતોનો "દાગ" અત્યારવેર ઇસમાઇલીઓનાં દીલમાંથી ભુસાયો નહોતો, તેનો બદલો લેવા માટે "જનરલ-ઇન-ચીફ ઓહુર" તૈયાર થઇ રહેલો હતો, તે વખતે મીશરમાં "અબાસીઓ" તરફથી **હાકમ કાફુર અલ્શીદી** કારોબાર ચલાવતો હતો. તેનું એકાએક મરણ થયું, તે વખતે પણ જે દાઇઓ "**મીશર**"માં ઇમામના તરફથી "**દાવત**" કરી રહ્યાં હતા, તેની **મીશરી** પ્રજા છેડછાડ મુકી નહોતી. એવા સમાચાર જયારે "**મહેદીઆ**"માં ઇમામને ફરી વળ્યા, કે ઇમામે ઓહુરને મીશર પર ચઢાઇ કરવા ફરમાવ્યું. એ હુકમને માથે ચડાવતા **જનરલ ઓહુર** પોતે એક લાખના લશ્કર સાથે બાહેર પડયો, તેવામાં જે મીશરનો સુબો **કાફુર અલ્શીદી** મરણ પામ્યો હતો, તેનો રીપોર્ટ જનરલ ઓહુરને મળ્યો કે હકદાર અને પ્રજા વચ્ચે મીનાકેશો પડયો છે, તે તકનો લાભ લઇને ફીશાદખોરો, તથા હરામખોરો, પ્રજાને તકલીફ આપીને પોતાનો **શીક્કો** જમાવવા બેઠા છે, તે બખેડાથી અબાશી ખીલાફતનાં લશ્કર સિવાય તમામ પ્રજા નારાજ છે. એ ખબર ઇસ્માઇલી એલચી તરફથી **જનરલ ઓહુ**ને અધ વચ્ચે મળ્યા, ત્યારે તેણે ઉતાવળે પ્રયાણ કર્યું, અને **મીશર** પોંચતા વાર તેનાં પર ઘેરો નાંખવાનું શરૂ કર્યું, એ ખબર જયારે પ્રજામાં ફેલાઇ ત્યારે તેઓ શહેર બહાર આવીને **જનરલ ઓહુરને** દરેક જાતની મદદ આપવા તૈયાર થતાં, કહ્યું કે અમોને જાલીમો પોતાના ફરેબી પંઝાઓમાં પીશી નાંખવાને તલમલી રહ્યાં છે. માટે દયા કરીને બચાવો! તેનાં જવાબમાં "**જનરલ ઓહુરે**" કહ્યું ભરોસો રાખો ખુદા પર તે સર્વે સારૂં કરશે. અને ટુંક વખતમાં પાપીઓને બદલો મળી

જશે. તે **મસલતની** જે બદમાશો શહેરનો કબજો લઇ **બેઠાં** હતા, **તેઓને** ખબર પડી ત્યારે તે સામે થયા ખીણોમાં ભરાઇ બેઠા. ને ત્યાંથી વાર કરતા હતા. ત્યારે ફ્રાંસમાઈ લસ્કર ખુલ્લા મેદાનમાંથી તેનો જવાબ કરતું હતું, જો કે ફ્રાંસમાઇ લસ્કરનો મારો કાતીલ હતો, પણ દુસ્મનો ભરાઇ બેસેલા હોવાથી તેને અસરકારક નીવડયો નહી, તેથી દુસ્મનો ફુલાઇ જઇને શીસોટીઓ વગાડતા, અને તાનાંઝનીયો કરતા હતાં, ત્યારે **જનરલ ઝોહરનું** ચુનંદુ લશ્કર જે પાછળ પાયદળ બીજે રસ્તેથી નીકળેલું હતું. તે પણ આવી પહોચ્યું, તે મદદ આવતાં દુસ્મનોપર ઘેરો નાખી દીધો, **તેથી** ફ્રાંસમાઇઓનો પાશો પલટાયો, અને તીડાની માફક દુસ્મનોપર તુટી પડયા; અને દુસ્મનો ગભરાઇ જતાં નાશભાગ કરવા લાગ્યા, તે તકનો લાભ લઇને ફ્રાંસમાઇ સોલઝરો ખીણોમાં ઉતરી પડયા; અને દુસ્મનોની પુઠે થયા ત્યાં **મીશરી**ઓની હાર થતાં મોટી રકમનાં કેદી પકડાયા તેમાં મુખ્ય રીતનો ફેલાવનાર **અબુ યુસેફ** જે એક "**કતામાં**" કબીલાનો વડો હતો તે પણ સપડાઇ ગયો, તેને ઓળખતાં ફ્રાંસમાઈ સોલઝરોએ મુશકેટાટ બાંધી ને **જનરલ ઝોહર** પાસે હાજર કર્યો. ત્યારે **ઝોહરે** તેને કહ્યું કે—અય **અબુ યુસેફ** એ તારી નાલાયક ચાલ તજી દે અને મગરૂરીમાં મસ્ત નહી રહે, તું જાણે છે તેમ મગરૂરી કાઇની રહી નથી! એમ સાંભળતા **અબુ યુસેફ** ઉછળ્યો અને તોછડાઇથી કહેવા લાગ્યો કે અએ **ઝોહર** તું એમ નહી સમજતો કે **મીશર** મારા હાથમાં આવી ગયું; નહી! તેને ઘણીવાર છે! જ્યાં સુધી મારી હયાતી છે, ત્યાં સુધી તું કદી પણ અમનોં અમાનમાં રહી શકીશ નહી, બલકે હમેસાં મુસીબતોમાં મુબતલા રહીશ, માટે વીચાર કર અને પાછો ફર, એવા તુંડાઇ ભરેલા બોલો

**અબુ યુસેફનાં જનરલ ઝોહરે** સાંભળીને ગુસ્સાનાં બદલામાં **ઉશ્કેરાયો** અને કહ્યું! કે અબુ યુસેફ પ્રથમ તને મુબારકી દેતા કહીશ કે, તારા દેશ માટે તને જે જુસ્સો છે તે ઇચ્છવા જોગ છે. તેને હું આવકારદાયક ગણું છું પણ તેનાં જવાબમાં તું બસ એટલું વીચારી જો કે જ્યારે તું ઝંઝીરોમાં ઝકડાયલો હોઇને એટલો પાવર ધરાવે છે. ત્યારે તારી સામે અત્યારે હું એક આઝાદ અને સત્તાધીશ છું તે તારા બોલો માટે હું ઘણું કરી શકું છું. તે હીશાબે ખ્યાલ કર કે મને કેટલો જુસ્સો હોવો જોઇએ, પણ નહી! બહાદુરો કોઇ કાળે બંદીવાન સામે વાર કરતા નથી. માટે જા તને આઝાદ કરૂં છું. અને તારી અરમાન પુરી કર. એમ કહેતા સીપાઇ-ઓને હુકમ કર્યો કે **અબુ યુસેફને** છોડી મુકો આ દીલાવરી જોતા **અબુ યુસેફ** બાવરો જેવો બની ગયો, અને તેને કાંઇ સુજ ન પડતા કહેવા લાગ્યો, આફ્રીન છે શુરા સરદાર! હું તારે તાબે છું! એમ કહેતા પોતાની ગરદન ઝુકાવીને કહ્યું કે તારા જેવો બીજો દીલેર સરદાર મને ક્યાં મળશે. માટે કહે તારો હુકમ બજાવવા આ બંદો જીવને જોખમે તૈયાર છે. અને **કતામાં** કબીલાના તમામ આરબો તારા માટે પોતાનાં પ્રાણ પાથરવા કાંઇ પણ કચાશ કરશે નહી. એમ સાંભળતાં **ઝોહરે** "અબુ યુસેફ" તથા બીજા યોદ્ધાઓને સાથે લઇને **મીશર** શહેરમાં ફરી વળ્યો, તેથી જગે જગે થતાં બખેડાઓ બંધ પડયાં, અને તમામ પ્રજા **ઇમામ શાહ મોએઝ** (અ૦)ની બાદશાહી માટે ગરદન ઝુકાવી, છતાં કેટલાક મુલ્લાઓ, મુફતીઓ, અને કાઝીઓ, જેઓ જાણતાં હતા કે હવે અમારૂં ઓજરૂં ભરવું અ-મોને મુસ્કેલ થઇ પડશે, તેઓએ પોતાની મતલબ માટે શોર ઉપાડયું. પણ નાગરચીખાનામાં તુતીનો અવાઝ સંભળાય તેમ ન હતું તેથી તેઓ ચુપ રહ્યા.

હી. સ. ૩૫૮ ને શાબાન માસની તા. ૧૫ મીએ **ઇમામ શાહ મોએઝ** (અ૦)ને ત્યાંની તમામ પ્રજાએ **હાકેમુલવકત** તરીકે કબુલ રાખ્યું. અને મીશરની જુમા મશીદમાં '**અમીરૂલ મોમેનીન**" તરીકે "**ખુતબા**"માં પડાઇને રોશન થયા અને તમામ પ્રજામાં ઢંઢેરો ફેરવીને નવું બંધારણ શરૂ કર્યું, તેનાં તાબેનાં કશબાઓ હાથ કરી નવા ઇસમાઇલી સુબાઓ કાયમ કરી રવાના કર્યા, એમ કરતાં સઘળી દીશાઓમાં અમનો અમાન વરતી રહ્યો. એ સઘળી સફાઇ પછી **જનરલ ઝોહરે મૌલાના શાહ મોએઝ** (અ૦)ને કાશીદ રવાના કરી આમંત્રણ કર્યું. તે કાશીદના પોંહચ્યા પછી ઇમામ હી. સ. ૩૬૧ માં પોતાની રાજ્યગાદી **મહેદીઅ**:માંથી બદલીને **મીશર**માં કાયમ કરીને પોતે પધાર્યા, ત્યારે **જનરલ ઝોહર** મોટી સ્વારી સાથે ઇમામને સામે લેવા ગયો, ત્યાં કેટલાક ફેતના ફેલાવનાર મુલ્લાઓએ નામદાર ઇમામને સવાલ કર્યો કે જે આપ અત્રે **મીશર**માં રાજ્ય કરવા આવ્યાં છો, તેની તમારી પાસે **શંનદ** શું છે? તેનાં જવાબમાં ઇમામે પોતાની તલવાર મ્યાન બહાર ખેંચીને કહ્યું કે આ મારી **શંનદ** છે, ત્યારે બીજે હાથે **અશરફીઓ** ઉડાવીને કહ્યું કે હું એનાથી રાજ્ય કરીશ. એ સાંભળીને તમામ પુછનારા આલીમો ઝંખવાણ ગયા. અને પોતે કરેલી ભુલ માટે માફી મેળવી. ત્યાર બાદ ધામધુમ સાથે ઇમામની સ્વારી મીશરમાં દાખલ થઇ ત્યાં તમામ પ્રજા જોવા મળી હતી તે મોતીઓથી તથા ફુલોથી ઇમામને વધાવી લેતી હતી, ત્યારે બીજી તરફ કવિઓ ઇમામની **ખુશઆમદી**ના કશીદાઓ ગાઇને તારીફ કરતાં હતા, એમ કરતાં દરબારમાં પહોંચ્યાં ત્યાં સોનાના રત્નઝડીત બાદશાહી તખ્તપર બીરાજમાન થયા, ત્યારે સઘળા દરબારીઓએ કુરનુશ બજાવી લાવ્યાં, અને ઇમામ તરીકે **બૈયઅત** કરવા લાગ્યા.

મીશરમાં શાન્તિ ફેલાયા બાદ **જનરલ ઝોહરે** ફાતમાઇ તાકતને મજબુતીપર લાવવા માટે **અલકોહેરો**નો પાયો નાંખ્યો જે ફાતમાઇ **જાનશીનો** માટે હમેશની વશવાટ કરવાનું મુખ્ય સ્થળ થઇ પડયું.

ઇમામ **શાહ મોએઝ** (અ૦) "ક્રિશ્ચીઅનો" પર તેમાં અકસર કરીને **અલ અશમુનેઇન**નાં **"બીશપ"** તથા **"પેટ્રીઆ"** કે **"ફ્રેડ્રીક"** ઉપર ઘણી મહેરબાની રાખતા હતાં, તે ઇમામની મહેરબાનીથી પુરાતન **મીશર**માં **મુઅલ્લખ**નું દેવળ બંધાયું હતું. એ દરમ્યાન **સઝલમા-મહુ**નાં હકિમે **અમીરૂલ મોંમેનીન**નો દાવો કર્યો, તેના પર ચહડાઇ કરીને તેનો મુલ્ક સર કરી તે હાકેમને કેદ કરી **મીશર**નાં બંદીખાનામાં નાખ્યો, તે બાદ **હીઝાઝ**નાં મુલ્કો **મક્કા સરીફ** અને **મદીના મુન્નવરા**ને ફત્તેહ કરી **શાંમ**ને પણ તાબે કરી લીધું, અને **હરમેયન સરીફ**માં પણ ફાતમાઇ ખલીફ ઇમામ **મોએઝ** (અ૦) નામનો **"ખુતબો"** પડાયો.

એ ફાતમાઇઓની મહાભારત કોશીશોથી **અબ્બાસી ખલીફાઓ**નાં તાબેના શહેરો, મીશર, દીઆરે શૈલાઝમાન, દમીસ્ક, મક્કા, મદીના, સીક-દરીયા, વીગેરે ફાતમાઇઓએ સર કર્યા અને **જનરલ ઝોહરે** પોતાનો વશવાટ જે અબ્બાસીઓનો એક બગીચો હતો જેનું **નામ બાગે અકશીદી હતું**, તેમાં કર્યો.

ત્યાર બાદ **આઇન્સ** પાસે એક નવું શહેર વસાવ્યું તેનું નામ **"મોએઝીઆ"** રાખ્યું. ત્યાં **નાઇલ નદી**ની એક શાખા "પ્યુનીટીક" જે **હજી પણ "અલ્લ મોએઝ"**ની નહેર તરીકે ઓળખાય છે, એ

ઇમામે **આઝહરનું** મોટું ઇબાદતખાનું તથા **મીશરની** મોટી મદરેશા બં-ધાવી જે અત્યાર સુધી ઇસલામી વિદ્યાર્થીઓથી ઉભાઇ જાય છે, ત્યાર બાદ **ઇમામ મોએઝ** (અ૦) સોમાલી આફ્રીકા તથા બીજા પોતાના તાબેનાં પ્રાંતોની મુલાકાત કરવા મુસાફરીએ નીકળ્યાં. અને **બલકયેન અલ ઝયેરીને** "**સૈયેફુલ** દોલાહ"નો ખેતાબ અર્પણ કર્યો ત્યારે "આફ્રીકા"ના "**વાયસરોય**" તરીકે મુકરેર કરી તેને **યુસુફ અબુ અલ ફતુહ** કરી બોલાવતા હતા. અને **જનરલ આહમદને** '**શીશ-લી**"નાં પ્રાંતપર "ગવર્નર" તરીકે નીમ્યો, એમ સફર કરતા, હી. સ. ૩૬૨ માં જે **અલકાહીરો** તદન તૈયાર થઇ રહ્યો હતો, ત્યાં માહે રમ-જાનની તા. ૧૫ મીએ આવ્યાં.

એ સંજોગો વચ્ચે **જનરલ જૌહરને** હાથે **કરામતીયન** જે બા હેરથી દરવેશનો દેખાવ દેતા હતાં, અને અંદરખાનેથી બુરા કામોમાં સંડોવાયલા હતા, તે હાર ખાઇને પાયમાલ થયા હતાં. તે હજુ સરારતો છોડતાં હતા નહી, અને પહેલે તેઓ અબાસીઓનાં વખતમાં **દમીશકનાં** સુલતાન પાસેથી દરમાયો મેળવતાં હતા, પણ જ્યારથી ફાતમાઇ તરીકે **દમીશક** કાયમ થયો, ત્યારે ત્યાંના ગવર્નરે દેવા ના પાડી તેથી **કરામ-તીયે**.માં મોટી ઉશ્કેરણી ફેલાઇ અને એક લશ્કર તૈયાર કરી ફાતમાઇઓ સામે લડવા બહાર પડયાં તેમાં દમીશ્કનાં "ગવર્નર"ની હાર થતાં માર્યો ગયો, તેથી ફુલાઇ શહેરમાં દાખલ થયાં અને મીશરપર ચહડાઇ કરવા માટે સરંજામ તૈયાર કરવા લાગ્યાં, પણ **ઇમામ મોએઝ** (અ૦)નાં લશ્કરે **તેઓને અલશમીસ** નામનાં મેદાનમાં રોકીને **મુકાબલો કર્યો**. ત્યાં

મોટી ખુનખાર લડાઈ થતાં પરિણામે **કરામતીઓની** મોટી પાયમાલી થઇ એ શરતોડ હારથી તેઓની તાકત તદ્દન તુટી ગઇ, તેથી બાકીનાં શરણે થયા એ લડાઇમાં તમામ લસ્કર ગુતાએલું હતું, તેનો લાભ લઇને **મઆઝ ઉલ દૌલા બીન બોયા**ના છોકરાએ **દમીશક** તથા તેને તાબેનાં ગામડાઓનો કબજો કરી લીધો. તે ફાતમાઇઓને ખબર પડતાં પાછુ મેળવવા પ્રયત્ન કરતા હતા. એટલામાં ઇમામ **શાહ મોએઝ** (અ૦) હી. સ. ૩૬૫ માં વફાત પામ્યાં અને તે પછી તેવણના ફરઝંદ મૌલાના **શાહ અઝીઝ** ( અ૦ ) ઈમામતની મશનદ પર બેસીને ઇમામ તરીકે જાહેર થયા.

# મૌલાના શાહ અઝીઝ (અ૦)

## પ્રકરણ ૧૨ મું.

ઈમામ મૌલાના **શાહ અઝીઝ** (અ૦) હી. સ. ૩૬૫ માં "**અલ કાહેરા**" માં પોતાના પીતાની મશનદપર બીરાજી ઈમામ તરીકે જાહેર થયા. એ નામદારનું પુરૂ નામ **મૌલાના શાહ અબુ અલ મનશુર તરાર અલ અઝીઝ બા અલ્લાહ** (અ૦) હતું. એ બાદશાહ ઘણા સખી રહેમદીલ દાના બહાદુર અને ગુન્હાઓની મારી બક્ષનાર તરીકે ઇતિહાસકારો વર્ણવી ગયા છે, એવણ ઇમામ તખ્તપર આવ્યા પછી જેજે હોદ્દાઓપર અમલદારો હઝરત **ઇમામ મોઈઝ** (અ૦)ના વખતથી નક્કી કરવામાં આવ્યા હતા, તેનેજ કાયમ રહેવા દીધા.

**તુરકી મઆઝ ઉલ દઓલા બીન બોયાનો છોકરો "અફ્તેકીન"** જે દમીસ્ક અને તેના તાબેના શહેરો ઇમામ મોઈઝ (અ૦)ના

મતમાં હાથ કરીને "ફલેટીન" તરફ પોતાની રીયાસત વધારવાની કોશેશ તો હતો, તેનાપર ચહડાઇ મોકલી તેની સરદારી બદ્દકન બીન ઝએને આપી. તે લડાઇ ચાલુ થતાં દુશ્મનની હાર થઈ, અને તુરકી શહાજાદો એફતેકીન" પકડાઇ ગયો, તેને કેદ કરી ફાતમાઇ સોલ્જરો મીશરમાં આવ્યા. ત્યારે બીજી તરફ ફાતમાઇઓના હાથમાથી નીકળી ગએલ દમીશ્ક તથા તેના અતરાફનાં તમામ શહેરોપર પાછા ફાતમાઇઓએ કબ્જો કરી લીધો. તેના બદલામાં બહાદુર લડવૈયાઓને ઇમામે પોતાના હાથ મુબારકથી ઇનામ અકરામો આપી રાજી કર્યા, અને સુપેહસાલાર બલ્કન બીન ઝયેરીને દમીશ્ક તથા તેના તાબેના પ્રાંતોનો "સુબો" મુકરર કર્યો, તે પ્રાંત માટે નવા કાયદા કાનુનો ઘડી આપ્યાં.

આ ઇસમાઇલીઓની જીતથી તુરકીઓમાં ખળભળાટ જાગ્યો અને કરામતીઓની મદદ મેળવી પોતાના શાહજાદા ફતેકીનને છોડાવવા માટે તથા લડાઇથી ગએલી મોટી ખોટનો બદલો લેવાને બમણા બળ સાથે હુમલો કર્યો, આ બન્ને જોડાયલા લશ્કર શામે સુપેહસાલાર બલ્કન બીન ઝયેરી ટકી શકયો નહી, ત્યારે પાછળ હટી, "એસ્કેલોન"ને મથક બનાવી બચાવ(મજબુતી) કરવા લાગ્યો, મગર બહુજ સંકડામણમાં આવી જતાં તુરકીઓને એક રકમ નાણાની આપીને પોતાનું છુટાપણું મેળવ્યુ. એ સમાચાર જયા ઇમામ અઝીઝ (અ૦)ને ફરી વળ્યા, ત્યારે ઇમામે ઝનરલ ઇબ્ને ચીફ હુ:ની સરદારી હેઠળ એક મોટું લશ્કર તુરકીઓપર રવાના કર્યું અને દુશ્મનો સામે ઇમામ પોતે પણ લડવા બહાર પડયા, તેવણે દુશ્મનોને "રામલેહ" આગળ રોકયાં, ત્યાં એક ખુનખાર લડાઈ થઇ તેમાં ફાતમાઇ

ઓની સમ્પુર્ણ ફત્તેહ થતાં, તુરકી શાહજાદો **એફતેકીન** જે મીશરમાં કેદ હતો તેનાપર પણ ઇમામ તરફથી રહેમદીલી સાથે કામ લેવામાં આવ્યું, અને એ શાહજાદાને ફાતમાઇ દરબારમાં હાજર થઇ સલામી માટે છુટ બક્ષવામાં આવી, તેથી તે દરબાર પ્રસંગે હાજર થઇને સઘળા હાકેમોની હરોલમાં આઝાદીથી બેસી શકતો હતો, એવી રીતે તુરકી શાહાજાદાએ પોતાની જીંદગી આબાદી સાથે મીશરમાં રહીને પુરી કીધી.

એ ઇમામના વખતમાં સઘળો '**શામ**" પરગણાં તથા **ઝઝીરે** "અરબ" નો એક ભાગ ફત્તેહ કરી લીધો. ત્યારે આબાસી ખલીફ "**અલતાઇ**" તરફથી સરદાર **અલપતગીન**એક લસ્કર સાથે "કરામતા" ટોળીના સરદાર **હસન ઇબ્ને મોહમદ કરામતી**નાં લસ્કરની મદદથી **શામ**પર ચડાઇ લાવીને ઇમામને સામે થયો. એ લડાઇના મેદાનમાં જ્યારે સરદાર **અલપતગીનની** નઝર ઇમામના અજીત વાવટાપર પડી કે તરત પોતાના ઘોડા ઉપરથી ઉતરીને ઇમામના ઘોડા પાશે આવ્યો. ત્યાં ઇમામના પગ ચુમીને પોતાના ગુન્હા માટે માફી માંગી, જેથી ઇમામ ઘણા રહેમદીલ અને ઉદાર હોવાથી તરતજ તેને તથા તેના સાથીઓને માફી બક્ષીને તેઓને ઇનામ અકરામ આપીને રાજી કર્યા. એ વીગત જ્યારે "કરામતા" ટોળીના સરદારે જોઇ ત્યારે તે ત્યાંથી નાશી ગયો.

ત્યાર બાદ નામદાર ઇમામ **અઝીઝ** (અ૦)એ જે "કરામતીયનો" જુદા કામોમાં રોકાવાયલા હતા, અને બહારથી બહુ બંદગીનો ડોળ બતાવી અંદરખાનેથી તેઓની પાપી પ્રેરણા જુદી હતી, તેથી "**હીબઝ**" તથા તેના

બાના પ્રાંતો ફત્તેહ કરીને ભુંડા કામોથી અટકાવવા માટે તમામ " કરા-તીઓ"ને પકડીને કેદ ર્ક્યાં.

એવણ ઇમામના ઝમાનામાં જે નામચીન લડવૈયા સીપાઇઓ હતા. ફકત **કતામી** (બરબરી) તાયફાના હતા, તે શીપાઇઓ જેવી રીતે **હઝ૧ અલી** (અ૦)ને "નુશેરીઓ" ખુદા તરીકે માનતા હતા, તેવી રીતે તેઓ બતના ઇમામને માનતા હતા, અને તેના માટે "ઇમામત" એ "ખુદાઇ"ની બીતી પવીત્ર **'કુલામે રબ્બાની '** માંથી "શુરે યાશીન"ની "આયત" ૨) નો હવાલો આપતા હતા. એ તમામ સોલજરો દરેક પળે નામદાર નામપર ફીદા થવા માટે તૈયાર રહેતા હતા, તેથી તેઓ **"ફીદાઇ"** તરીકે ળખાતા હતા, ત્યારે સુપેહસાલાર **જોહરની** કોશીશથી વધારેલશ્કર ઉભું વામાં આવ્યું હતું, તે લશ્કરમાં "તુરકીઓ" તથા "એરાનીયો" ને પણ મેલ કરવામાં આવતા હતા, તેઓને ફકત મીશરની અતરાફમાં રોકવામા વેલા હતા. એકંદર એ સઘળી પલટણોનો વડો "કતામી" કબીલા માંહેનો બસ રહેતો હતો. એ ઉપરથી એમ શમજી લેવાનું નથી કે નામદાર ઇ-મ ફકત "કતામીઓ"ને હોદ્દા આપીને બીજાઓને ગેર ઇનશાફ કરતા ા. નહી! એ નામદારનો તમામ કોમો તથા તમામ આલમ પ્રત્યે ચાહ હતો. ને મુશલમાનો સીવાય બીજી કોમોના લોકોને પણ પોતાની સલતનતમાં ટા હોદ્દાઓ નવાજ્યાં હતા. કહેવાય છે કે એક **"યાહુદી"** ને **"શામ"** **"વજીર"** ત્યારે એક **ક્રીશ્ચીયનને "મીશર"** નો **"વજીર"** તરીકે રર કરવામાં આવ્યો હતો.

હી. સ. ૩૮૬ માં ફતમાઈ તાબેની જે **"સીરીયા"** તથા તેના તરાફમાં હદ હતી. તે પર વખતો વખત **" યુનાનીયો "** ચડી આવી

**ને લુટફાટ ચલાવતા હતા તે "યુનાન" પર સ્વારી લઇ જવા માટે ઇમામે** બહાર હુકમ પાડી અને જણાવ્યુ કે તેની સરદારી પોતે લેશે. તેવુ જાહેર કરતા સઘળોસરંજામ તૈયાર કર્યો, તે દરમ્યાન એક દબદબાભરી દર બાર તેમાં સઘળા સરદારો અને પ્રજા વચ્ચે પોતાના ફરજંદ **શાહ હાકમ અબુ અલી** (અ૦)ને તખ્તનશીન કરીને ફરમાવ્યું. કે હવે પછીનો તમારો બાદશાહ તથા ઇમામ એ છે. માટે સઘળા ઇમાનદારોએ એ નામદારની "બૈય અત" કરવી. એવી રીતે જાહેર કરીને "યુનાનીયો"નો સામનો કરવા કુચ કરી, થોડા દીવશો બાદ **બિલપેઝ**ના મેદાનમાં ઇમામનો તથા યુનાનીયો નો સામનો થયો, ત્યા ખુનખાર યુદ્ધ ચાલુ થતા તેમાં **ઇમામ શાહ અઝીઝ** (અ૦) હી. સ. ૩૮૬ માં **શહીદ** થયા.

ઇમામ અઝીઝ (અ૦) ના વખતમાં શામ, ઝઝીરે અરબ હીઝાઝ, યમન, મોશલ, હલબ, હમાહ, સયઝર અને દયકર, વગેરે શહેરોમાં હાકેમુલ વકત તરીકે તમામ ઇસલામીઓ ફાતમાઇ ખલીફાના નામ "**ખુતબા**" માં લેતા હતા, એ નામદારે એક અસરકારક "ખુતબો" નામની કીતાબ લખેલ છે, તે એટલી તો ગંભીર છે કે એક વખત સાંભળનારની આંખોમાંથી જરૂર આસુ ટપકી પડે છે, એ "ખુતબો" હાલમાં પણ આખા અરબસ્તાનમાં પ્રચલીત છે અને તેને તમામ ઇસલામ આલમ માનની નજરથી જુએછે.

જાણીતા ઇતીહાસકારો લખી ગયા છે કે મૌલાના શાહ અઝીઝ (અ૦) ભલમનસાઇ તથા નરમાશ માટે મશહુર હતા તેમજ એ નામદારના વખતમાં ફાતમાઇ ખલીફત દુનીયામાં રૌશન થતા શાનો શૌકત સાથે દુનીયાની

ા ચડી હતી. એ નામદારની શાહદતથી ફાતમાઇ રાજ્યમાં વસતી તમામ
ાના મનપર શોક છવાઇ રહયો હતો. ત્યારે કહી ઉઠતા હતા, કે તે ઈઝત
ા વડાઇનો આફતાબ આજે ગરૂબ થયો છે ત્યારે બીજી તરફ તે ઇમામ
ફરમાનને અનુસાર હઝરત મૌલાના શાહ **હાકેમ અબુ અલી** (અ૦)
ા રજુ થઇને તાબેદારી કરતા હતા.



# મૌલાના શાહ હાકમ અબુ અલી (અ૦)

## પ્રકરણ ૧૩ મું.

ઇમામ મૌલાના શાહ **હાકમ અબુ અલી** (અ૦) હી. સ. ૩૮૬ માં ઇમામતનાં પુરનુર સાથે બાદશાહી તખ્તો તાજથી જહાંઆરાંકારા થયાં, એવણનું પુરૂં નામ મૌલાના શાહા **મનશુર અલ હાકમ બ અમ્રલ્લાહ** (અ૦) હતું.

એ નામદારના જમાનામાં તમામ ઈબાદત ખાંનાઓમાં બંદગી પછ-વાડે જ્યારે "ખુતબો" પડાતો હતો, તેમાં **અમીરૂલ મોમેનીન** તરીકે તે વખતે ઇમામ મૌલાનાં શાહ **હાકમ અબુ અલી** (અ૦)નું નામ લેવાતું હતું, ત્યારે ત્યાં બંદગીમાં સામેલ થયેલા સઘળા અદબ સાથે ઉભા થતા ને ઇમામનું નામ પુરૂં થતાં સલામ કરી બેસી જતા હતા, એ રૂઢી પવીત્ર સ્થળો **મક્કા** શરીફ તથા **મદીના** મુન્નોવરામાં પણ હતી. અને તે મુજબ સઘળી ઇસલામ આલમ જે ઇમામની બાદશાહતની **સરહદમાં**

વસ્તી હતી, તે એ કાયદાને માન આપીને વર્તન કરતી હતી, તે જમાનામાં બની **ઈશરાઈલ** (યાહુદીઓ) તથા **નશરાનીયો** (ક્રીશ્ચયન) ઘોડાપર બેસી ફરી શકતા નહી, પણ ખચ્ચર અથવા ગધેડાપર સ્વારી કરી શકતા હતા, તે પણ એક શરતે કે જે જનાવરપર સ્વાર થયા હોય તેને રીકાબ હોવો જોઇએ નહી.

હી. સ, ૩૮૮ માં ઇમામ તરફથી એક ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો કે શહેરના દરવાજા બંધ કરવા નહી, તેમજ સઘળી દુકાનો અને મકાનો રાતે અને દીવસે ખુલ્લા રાખવા, તથા આખા શહેરમાં રાત્રે **મશાલો** બળતી રાખવી, તેનો સબબ એ હતો કે તે વખતે ઇમામે દેખરેખ અને ચોકી પહારા ઉપર ઘણા કુનેહબાઝ માણસોને રોકયાં હતા, જેથી લુટારા કે ચોર અથવા બદમાંશોનો ભય બીલકુલ પ્રજાને રેહતોજ નહી, એવી રીતે મહાન ઇચ્છિવાજોગ રૂઢીસર ઇમામ રાજ્યકાર્ય ચલાવતા હતા, તેથી સઘળી પ્રજા સુખ સુલેહ અને શાંતિથી વર્તતી હતી.

હી. સ. ૩૯૨ માં ઇમામ તરફથી એક જાહેર ફરમાન બહાર પડયું, કે મારી સલતનતમાં રહેનાર રૈયતે કોઇપણ કેફી વસ્તુઓ દારૂ (શરાબ)ને બીલકુલ પીવો નહી, તે એટલે સુધી કે છેવટ ભાંગ, ગાંજો, તંબાકુ, વીગેરે માટે પણ મના કરવામાં આવી. તે ફરમાનને અનુસાર કેટલાક બદમાશો વરત્યાં નહી, તેથી જેટલી દારૂની દુકાનો હતી, તેને બંધ કરવામાં આવી. અને જે દારૂ બનાવવાનાં સંચા હતા તે બધાને તોડી પાડવામાંવ આયા, ત્યારે લોકો ચોરી છુપીથી બીજી કોઇ રીતે અર્ક કહાડી દારૂ બનાવીને પીતા હતા, ત્યારે જંગલોમાં જેટલા દારૂ બને તેવા ફળોનાં ઝાડ હતા, તે

તમામને ઝમીનદોશ કરીને દારૂનાં ઝાડ ઉગાડવાના બી નો પણ નાશ કરવામાં આવ્યો.

એ નામદારના વખતમાં ખારજી નામે **હશન બિન અબદુલ્લ** મલેકની નીશબતનો એક શખ્સ જે ઈમામની સલતનતનાં ગામડામાં રહેતો હતો, તેણે ઢોંગ કરી બળવો ફેલાવવાની તજવીજ કરી, કારણકે તેને **સ્પેનમાં જે ઉમૈયા** ખલીફ **હાશીમ** રાજ્ય કરતો હતો. તેનાં તરફની અંદરની મદદ હતી, તેથી તેણે મોટી નાણાંની રકમો ખરચીને પૈસાઓનાં ગુલામોને બહેકાવીને પોતાનાં વલણમાં લીધા હતા, અને તેઓને કહેતો હતો કે હું અબાસી ખલીફનાં ખાનદાનમાંથી છું. એવી જાતની ઉશ્કેરણી કરીને જણાવતો કે જે ઇમામ હાક**મ. અબુ અલી** (અ૦) રાજ્ય કરે છે, તે રાજ્યનો માલીક હું છું માટે તમો મારી સાથે થશો તો ભવિષ્યમાં હું જયારે એ મીશરની ગાદીપર આવીશ, ત્યારે તમોને માલમાલ કરી દઈસ, તેમજ મને આપણા મહાન પયગમ્બરની આગાહી છે કે તારી સાંમે થનાર હલાક થશે, માટે તમો મારી તરફમાં રહેશો તો લાભ ઉપાડશો. અને કદી તેમ નહી વર્તશો, તો જીત મારી છે, હું કોઇ કાળે હારવાનો તો છુંજ નહી પછી તમોને જોઈ લઈશ. એવી ભંભેરણીથી કેટલાક લોકો મલેકનાં થઈ રહ્યાં હતાં. તે લોકોની મદદથી લુટફાટ કરીને ઇમામની રૈયતને સતાવતો હતો. તે ખબર જયારે ઇમામ **હાકમ અબુ અલી** (અ૦)ને પડી ત્યારે **અમીર ફઝલ બીન સાલેને** થોડા લશ્કરી સીપાઇઓની સરદારી આપીને **મલેકને** કેદ કરી લાવવા ફરમાવ્યું, તે **પ્રમાણે અમીર ફઝલ** અને **ખારજી મલેકનો સાંમનો** થતાં થોડી લડ-

ઇઓ પણ થઇ છેવટે **ખારજી મલેક** પકડાઇ ગયો, ત્યારે એને માનનારા જીવ લઇને નાશી ગયા. અને જ્યારે **અમીર** તેને ઇમામની હજુરમાં પકડી લાવ્યો ત્યારે ઇમામનાં હુકમ પ્રમાણે ખારજી **મલીક**ને લાલ ટોપી પહેરાવી હાથ પગ બાંધીને ઊંટપર બેસાડીને આખા મીશરમાં ફેરવ્યો. અને તેણે કીધેલા ઢોંગની સઝા તરીકે **હુમદુન**ને તેની સાથે રાખ્યો જે સઘળે રસ્તે તેને મુકીઓ મારતો હતો, એમ ફેરવીને જ્યારે તેને ઉતારવામાં આવ્યો, ત્યારે તે મુવેલો માલમ પડયો એ દેખાવ જોઇને મીશરી પ્રજા ઘણી રાજી થઇ.

હી. સ. ૩૯૭ માં **સ્પેનમાં** રાજ્યકર્તા ખલીફ **હાશીમ લકબે અબુરેકવાહે'ને મલીક**નાં બુરા હાલ થયા તે જ્યારે ખબર પડી, ત્યારે તેણે પુરતી સામગ્રી તથા ભારી લશ્કર સાથે **બારકાનો** પ્રાંત જીતી લીધો, અને લગભગ **અપર ઇજીપ્ટ**નાં ઉતરનો ભાગ તાબે કીધો, એટલી મોટી હાર થવાથી ઇમામે વીચાર્યું કે હવે આપણે ભયમાં આવી પડયા છીએ; તેથી ચેતી લઇને તમામ સરહદમાં વસતું લશ્કર એકઠું કરી તેની સરદારી પોતે લઇને પોતાનાં દુશ્મન સાંમે કુચ કરી તે જ્યારે **હાશીમ લકબે અબુ રેકવાહે'ને** ખબર પડી ત્યારે તે ઘણો ખુશી થયો અને પોતાની જીતોથી ફુલાઇ ગયેલો હોવાથી ફક્ત એટલીજ વાટ જોતો હતો કે સાંમનો થતાં તરત ઇમામ તાબે થશે, તેથી તમામ **ફાતમાઇ** રીયાસત આપણા હાથમાં આવશે તે હરીફનું નીકંદન થઇ જશે. એવા હવાઇ કીલ્લાઓ બાંધતા ખલીફ સ્વપ્નામાં ગોતો હતો, કે ઇમામ પોતાનાં લશ્કર સાથે આવી પહોંચ્યાં, અને એક મોટી ખુનખાર રશાકશી ભરેલી

લડાઇ થઈ, તેમાં ફાતમાઇ ખીલાફત અણીપર આવી રહેલી ફરીથી સજીવન થઇ એ લડાઇ દરમ્યાન ઉમૈયા ખલીફ **હાશીમ** પોતે પકડાઇ ગયો તેને દેહાંતદંડની સીક્ષા કરવામાં આવી તેથી ઉમૈયાઓની સત્તા નાબુદ થઇ, ત્યારે ઇમામ મીશરમાં આવી સુખે રહ્યાં.

તે પછી ઇમામે **અલકઝાત મોહમદ બીન અલનોમાન** અને **અબુ મોહમદ હુશન બીન અમાર અલ માફને અમીનુ દૌવલા** નો ખીતાબ અર્પણ કરી મુનસીફ (ઇનશાફ કરનાર) તરીકે જાહેર કર્યા, તેનો સબબ એ હતો કે એ અમીરોની દેખરેખ તથા પોશબાનીથી સલતનત હંમેશાં આબાદાની સાથે રહીને પ્રજા સુખી થઇ આરામ ભોગવશે. એ નેમણુંકથી એક વગદાર બેઈમાન નામે **બરઝવાન** જે ઉપલા હોદ્દાનો ભુખ્યો હતો તેને ઇર્ષા થઇ તેથી તેણે ઇમામની સલતનતમાં કાવત્રા રચવાના ચાલુ કર્યા. તેથી **બરઝવાન** તથા **ઇબ્ને અમાર** વચ્ચે મોટી શત્રુવટ ઉભી થઇ તેણે ગંભીર રુપ પકડયું ને હરામખોર **બરઝવાને શામ** તથા **મીશર** માં મધરાતે જ્યારે પ્રજા ગફલતની નીંદ્રામાં ઉંઘી હોય, ત્યારે ચુપકીદીથી તેના માણસો આવીને ભયંકર આગો લગાડી નાશી જતા હતા, એવી રીતે તે નાપાકો પ્રજાની જાન અને માલની પાયમાલી કરવા લાગ્યા. તેની સામે **ઇબ્ને અમાર** ઘણા જોરદાર પગલા ભરતો રહ્યો. પણ **બરઝવાન** બદ માસે પોતાનો વગ વશીલો ઘણો વધારી દીધો હતો, અને તેના સાથીઓની સંખ્યા મોટી હોવાથી તેને પહોંચી શકાતું નહોતુ. એ ચીન્તાને ચીન્તામાં નામદાર ઇમામ **હાકમ અબુ અલી** [અ૦] પોતાની શાનો શૌકત તજીને ઘણા વખતે દુશ્મનોની હીલચાલ તપાસવા ખાણોમાં ભરાઈ બેસતાં હતાં,

ખતે એક સાધારણ માણસ માફક જ્યાં ત્યાં હાલ એ હાલ ફર્યા કરતા
તા. તે સંજોગો વચ્ચે આગ લગાડનાર માંહેનો કોઇ પણ ગુન્હેગાર સપ
ાઇ જતો હતો તો ઇમામ તેને વગર ઇન્સાફે દેહાંતદંડની શીક્ષા કરતા
તા. ત્યારે કેટલાક અંદર ખાનેથી બરઝવાનના સબંધીઓ ઇમામથી
સલત કરવા આવીને પુછતા કે ફલાણા શખ્શે શું ગુન્હા કરેલો જેથી
મોએ તેને મરાવી નખાવ્યો? તેના જવાબમાં ઇમામ તરફથી એટલુંજ
ણાવવામાં આવતું હતું કે મારી ખુશી! એ જવાબથી વિરોધીઓએ શોર
રપા કર્યો કે ઇમામ દીવાના બની ગયા છે. ત્યારે અંદરખાનેથી ગુન્હે
ારોને પકડવા માટેની એ હાલહવાલ સ્થિતી તે ખાશ યુકિત હતી, જેથી
ટલાક દુશ્મનો શપડાઇ જતા હતા.

ઇમામ પોતે ગાએબનું ઇલ્મ જાણતા હોવાથી તે ઘણા વખત પોતે
રીદો વચ્ચે આગાહી પણ કરતા હતા, તે જ્યારે આગાહી ખરી પડતી હતી
ારે તે લોકોને મોઅજીઝા સમાન લાગતી હતી, તેથી એ લોકોનો ઇમામ
રફનો ચાહ વધતો હતો, ત્યારે જે શત્રુવટ રખનાર હતા તે ઇમામને જાદુ
ની પણ ઉપમા આપતાં હતાં. કારણ કે કોઇ પણ જમાનો ઇમામના
મનો વગરનો ખાલી ગયો નથી, ઘણી વખતે ઇમામ ઉંટની સ્વારીને એ-
ા તનહાં આસપાસના પહાડોમાં નીકળી જતા હતા. અને જ્યારે ત્યાંથી
છા ફરતા હતા. ત્યારે પોતાના રફીકોમાં જાહેર કરતા હતા, કે જેમ
સાનબી સાથે અલ્લાહ કોહેતુરપર વાતો કરતો હતો, તેમ મારી
થે કોહેમકવુમ માથે હમકલામ થાય છે, અને સમયાનુસાર ફરમાનો
જાહેર કરતા હતા, તેમ કેટલાક વખતે પોતાના મોતની આગાહી

પણ કરતા હતા, સંજોગો વચ્ચે સલતનતને તથા ઈમાનદારોને હાંદેશા ખમવા પડશે તે પણ જાહેર કરતા હતા, અને બરોબર તેમ થતું હતું. તે સઘળા સાર સાથે વીચાર કરતાં, જે એક મોટી કોમ દુસના નામે ઓળખાતી હતી, તેઈમામ **હાકમ અબુ અલી**(અ)ને **અલ્લાહ** તરીકે માનતી હતી, અને દલીલ કરતી હતી કે **ખાતેમુન નબી મોહમદ** (સ૦) ને જેમ સુફી લોકો **આહુમદ બે મીમ** એટલે **અહદ** કરી ઓળખે છે, તેમ અમારા ઇમામે ઝમાનની સનાખત માટે છે. તેથી ઇમામને અમો **હક** તરીકે ઓળખીને તેનો વીરદ કરીએ છીએ, સબબ **અલ્લાહ** પાકે **કલામે મજીદ**માં ફરમાવ્યું છે કે,

**કુલ્લે સયયૈન અહસન્ના હી** ઇમામે **મુબીન** તે પ્રમાણે સઘળી ચીજોનો અહેવાલ જાણનાર ખુદા હોઇ શકે, તેજ ખુદા આએ ઈમામતના પડદામાં રહીને આવેલ છે. જેમ **કલામે રબ્બાની**માંછે, કે **ખુદા કોઇને પડદા વગર મળતો નથી** તે ફરમાનની રૂહે પડદો હોઇ સૃષ્ટીનો સરજનહાર તે ઇમામ **હાકમ અબુ અલી** (અ૦) છે. તેવી માન્યતા ધરાવનારા દુસ લોકો અત્યાર વેર ઘણા **શામ**માં તથા **હલબ**માં હસ્તી ધરાવે છે, તેઓ ઘણા પ્રેમી, દીલના ખાલેશ, દેખાવે દરવેશ, અને આરામ સાથે ખેડુતનો ધંધો રોજગાર કરી સ્વતંત્રપણે પોતાનું ગુજરાન ચલાવી મૌલાના **હાકમ અબુ અલી** (અ૦) ની ઇબાદત બંદગી કરીને તેમાંજ નેકી સાથે પોતાના દીવશો પસાર કરે છે.

ઇમામે હી. સ. ૩૯૨ માં **અલકાહેરો**માં **ઝામે અઝહર** નામનું મોટું ઈબાદતખાતું બંધાવ્યું, જેની કારીગીરી આજ પર્યંત દુનીયામાં

શહુર છે તેમજ ઇલ્મ શીખવા માટે ઘણી મદરેશાઓ (સ્કુલો) ઉભી
રાવી તેમાં માસ્તર તરીકે મહાન આલીમો તથા ફકીઓને રોકવામાં
પાવ્યા હતા. તેઓ સાથે જીંદગી સુધી ઈલ્મ શીખવવો એવું બંધારણ
રીને તેઓને સારી જેવી મીલકતો તેમના નીભાવ માટે બક્ષીસ કરી દીધી
તી. જેથી તેઓ ચીંતારહીત મોટી શોધખોળ સાથેનો ઇલ્મ વિદ્યાર્થીઓને
માપી શકતા હતા. તેથી પરિણામે તે વિદ્યાર્થીઓ એક નમુનેદાર બની દુ-
નીયાપર કામ કરી શકતા હતા, એ વખતમાં ઘણી રોનકદાર અલ હકીમ
નામની મોટા ખરચે સ્કુલ ઉભી કરવામાં આવી, જેમાં લગભગ (૨૦૦૦)
બે હજાર વિદ્યાર્થીઓ કેલવણી લઇ શકે તેવી સગવડો જાળવવામાં આવી
હતી. તે સ્કુલનો લાભ હાલમાં પણ મીશર મધે લેવાય છે, એ ઇલ્મ અને
હુન્નર તથા દેશની ખીલવણી કરવા પાછળ ઇમામ હાકમ અણુ અલી
અ૦) લગભગ છ વર્ષ તખ્તપર બેઠા નહી, અને એ નામદારનું હમેશાં
મા ફરમાન હતું કેઃ—

ખુદા હમેશાં દરેક વખતે જાહેર રહીને લોકોને પોતાની
મંદગીની તરફ બોલાવે છે તે કહે છે કે, એ લોકો મારો એકરાર
અને તોહીદ કરો.

એવા સદ્બોધથી તથા ઇલ્મે રૂહાનીથી જંગલી લોકોપર વહે
દાનીયતની સોહાની રોશની ચમકી રહી હતી, ત્યારે સરીયતી મુલ્લાઓ
અને મોલવીઓને બરોબર રાશ આવતા નહોતા, તેથી તેઓને નજીશ
ચ્છાનું સાથ આપવો પડયો, અને ઇમામને સહીદ કરવાની નેમથી

**અમીરોને** તથા સરદારોને ખોટી રીતે ભંભેરવા લાગ્યા, કે **ઇમામ ખુદાઇ** દાવો કરે છે; તેથી ઉશ્કેરણી ફેલાઇ,

**હી. સ. ૪૪૧ ની સવાલ** માસની તા. ૩ ૭ ની રાત્રે **ઇમામ હાકેમ અબુ અલી** (અ૦) પોતાના બે ખીદમતગારો **સાથે** રીવાજ મુજબ **કોહેમકતુમની** તરફ ગયાં, જ્યારે તે પહાડ પાસે જઈ પહોંચ્યાં ત્યારે જે બે ખીદમતગારો સાથે હતાં તેને પાછુ જવા ફરમાવ્યું. અને ઇમામ એકલા તે પહાડપર ચડવા લાગ્યા, અને પાછા ત્યાંથી ફર્યાં નહી, એમ વાટ જોતા સાત દીવસ નીકળી ગયાં. ત્યારે આગેવાન **દુસો** જે બે ખીદમતગારો ઇમામને મુકીને પાછા વળ્યા હતા, તેઓને સાથે લઇને શોધ-ખોળ કરવા લાગ્યા, એમ શોધ કરતાં આખો પહાડ ફરી વળ્યા પણ કોઇ સ્થળે ઇમામનો પત્તો લાગ્યો નહી, ત્યારે નાશીપાસ થઇને બેસી રહ્યા; પાછળથી એક ખીણમાંથી ઝબકાટ થયો, ત્યાં જઇને જોયું તો ઇમામનાં કપડા હાથ આવ્યા, સાથે સાથે **વલી અહદ નામોહ** ઇમામની મહોર કરેલો હતો, તેમાં પોતાના ફરઝંદ મૌલાના શાહ **ઝાહેર અલી** (અ૦)ને ઇમામત સોંપેલી હતી. ત્યારે **દુસ** લોકોની માન્યતા બંધાઇ કે ઇમામ અદ્રશ્ય થયા છે, અને ફરીથી તેવણ પુરેપુરી જાહોજલાલી સાથે દરબાર કાયમ કરી પાપીઓને સજાએ પહોંચાડશે, ત્યારે ઇમાનદારોને રાજ્ય કરાવશે, અને ઇમામ જ્યારે ચહાશે, ત્યારે જાહેરીમાં આવશે. એ અકીદો રાખનારા **હાકમી** કહેવાયાં, ત્યારે ઇસમાઇલી શાખાના માનવાવાળાને ખબર પડી કે મૌલાના શાહ **હાકમ અબુ અલી** (અ૦) કેટલાક દુશ્મનોનો ભોગ થઇ પડવાથી હી. સ. ૪૧૧ માં વફાત પામ્યા, તેવણ પછી ઇમામતની મશનદ-પર મૌલાનાં શાહ **ઝાહેર અલી** (અ૦) બીરાજમાન થયા.

# મૌલાના શાહ ઝાહેર અલી (અ૦)

## પ્રકરણ ૧૪ મું.

ઇમામ મૌલાના શાહ **ઝાહેર અલી** (અ૦) હી. સ. ૪૧૧ માં **અલ કાહેરા**માં પોતાના પીતાના બાદશાહી તખ્તપર રોન્નક અફરોઝ થયા એવણ ઇમામનો પુરો "લકબ" હઝરત **અબુ હાશમ અલી અલ ઝાહેર લા ઇઝાઝે દીનઇલ્લાહ** (અ૦) હતું.

ઇમામ રાજ્ય ગાદીએ આવ્યા ત્યારે ફકત તેવણની ઉમર નવ વર્ષની હતી, અને જોવા જતા **મીશર** પ્રગણા તરફ તમામ પ્રજાઓનો ડોળો ફાટી પડેલો હતો. તેનો સબબ એ હતો કે **ફાતમાઈ ઓલાદના ખલીફાઓએ મીશરને સજીવન કરીને ફરીથી તેને કદીમી આબાદી ઉપર લાવવા માટે ઘણો મોટો ભોગ આપી ચુકયા હતા.** તેથી **મીશર** ફરીથી દુનીયાના તખતા ઉપર એક એવું નમુનેદાર રૂપ ધરી પડયું હતું, કે જેની હરીફાઇ યુરોપથી પણ થઇ શકતી નહોતી, તેમજ જો મીશરની સંકડામણ તપાસવા જઇએ તો **સુનાની, ઇસાની, અને**

**રૂમી** **સલતનતનો** **મીશરને** ઉખેડી નાખવા માટે દરેક પળે તૈયાર રહેતી હતી, તેમજ યુરોપના તો સીનામાં કોતરાઈ ગયેલો હતો, ત્યારે બીજી બાજુ જંગલી પ્રકૃતિવાળા ઝુલમી લોકો હમેશા ઇમામ વિરૂદ્ધ ફાંકો રાખીને ઝુલમાતથી ઇસમાઇલીઓને કચડી નાખવા તત્પર રહેતા હતા. આવા બારીક સમયમાં વહન કરતી ફાતમાઇ સલતનતના બાદશાહની દુન્યવી નઝરે બાળવય હોવાથી ઈમામ **શાહ ઝાહેર અલી** (અ૦)ની **પુફીએ** રાજ્ય લગામ હાથમાં લઇને જુસા સાથે રાજ્ય વહીવટ ચલાવતી હતી, ત્યારે મઝહબી વડપણ નામદાર ઇમામ પાસે હોવાથી ઇસમાઇલીઓ, તેવણની **બૈયઅત** કરીને તાબેદાર બની રહ્યાં હતાં.

**ઉમૈયા ખલીફ હાશીમ** જે મૌલાના શાહ **હાકમ અબુ અલી** (અ૦)ના હાથે લડાઇમાં સપડાઇ જતાં તેને દેહાંતદંડની શીક્ષા કરવામાં આવી હતી, ત્યારથી **સ્પેનીયન** રાજ્ય ફાતમાઇ હકુમતને તાબે હતો, ત્યાં રાજ્યકર્તા તરીકે ઉમૈયા ખાનદાનના નબીરાને ફાતમાઈઓની દેખરેખ હેઠળ ખંડણીઆ સુબા તરીકે મુકરર કર્યું હતું, તેણે જયારે ઈમામ મૌલાના **ઝાહેર અલી** (અ૦) રાજ્ય ગાદીએ આવ્યા ત્યારે **નમાઝ** બાદ **ખુતબામાં અમીરૂલ મૌમનીન** તરીકે ફાતમાઇ ખલીફાનું નામ લેવાતું હતું તે બંધ કર્યું. તે ખબર જયારે મીશરમાં ઇમામની પુફીને ફરી વળ્યા કે ઉમૈયાઓએ મૌલાના શાહ **ઝાહેર અલી** [અ૦] ની વડપણનો અસ્વિકાર કર્યો છે, ત્યારે કાશીદ હસ્તક **એલટીમેટમ** (ચેતવણી) મોકલીને જણાવ્યું કે તમારે જો ફાતમાઇઓની વડપણ હેઠેથી નીકળી જવું હોય તો ખુલ્લો જવાબ આપો. તો **ફરીથી** અમારી સત્તા જમાવવા માટે તમારી

તરફે તમોને તાબે કરવા માટે એક ફોજ રવાના કરીએ, તેના જવાબમાં **ઉમૈયાઓને** ભય પડતા ફરીથી મૌલાના શાહ **ઝાહેર અલી** (અ૦) નુ નામ **ખુતબા**મા ચાલુ કર્યુ.

હી. સ. ૪૧૫ માં ઈમામના પુરી વફાત પામ્યા, તેથી સઘળો રાજ્યનો બોજો નામદાર ઈમામ (અ૦)પર આવી પડયો, ત્યારે ઈમામે સલતનતની દેખરેખ રાખવા માટે **મઝરાદ** તથા **નાઝર અમુરાત**ને મુકરર કર્યા, તે સંજોગો વચ્ચે આજુબાજુની સલતનતો ઇમામ સામે લડવા બહાર પડી તે લડાઈઓમાં ઈમામના હાથમાંથી **શાંમ**નો મોટો ભાગ નીકળી ગયો એ ફાતમાઇઓની પડતીના મનહુશ આશાર સમજી અરબ સરદાર **સાલેહ બીન મુરાદએ હલબ** અને તેની અતરાફના થોડાક ગામડાઓ પોતાને કબજે કરી લીધા.

હી. સ, ૪૨૧ માં **રૂમ**ના બાદશાહે ૬૦૦૦૦ સાઠ હજારના લશ્કર સાથે **શાંમ** પ્રગણો સઘળો હાથ કરવા માટે **રૂમી** સરદારને રવાના કર્યો, પણ તે લશ્કર જ્યારે **હલબની સરહદમાં** આવી પહોંચ્યુ ત્યારે ત્યાં ગરમી સખ્ત હોવાના સબબે આગળ વધી શક્યુ નહી, જ્યારે ઇમામ **ઝાહેર અલી** (અ૦)ના લશ્કરે તેઓપર ત્યાં તે વખતે હુમલો કર્યો જેથી **રૂમી**ઓની સખ્ત હાર થઇ અને તેઓને નાશી જવુ પડયુ; એવા ઇનકીલાબથી ફાતમાઇ શીપાઇઓનો જુસ્સો જરા શાન્ત પડી ગયો, તેથી એક દીને ઇમામે દરબાર ભરીને પોતે રત્નજડીત સોનાના તખ્તપર બીરાજમાન થયા. અને સીપાઇઓને જોશ આપતા ફરમાવવા લાગ્યા કે તમો

જરાપણ માયુશ (નીરાશ) થાઓ નહી, અમારા ઘરની હમેશાં એવી ચડતી પડતી થતી આવી છે; જુઓ અમારા નાના બુઝરગવાર હઝરત મોહમદ મુસ્તફા રસુલ કરીમ (સ૦) જ્યારે અરબમાં તવલ્લુદ થયા, ત્યારે તેવણ પાસે કઇ શાનો શૌકત હતી, કને તેવણ પાસે ફોજો કે લશ્કર હતું; કંઇ તેવણને ઘરે બાદશાહી યા શહેનશાહી હતી? વીચાર કરી જુઓ કંઇએ નહોતું. બલકે એક ઝંગલી મુલ્કમાં અને કાળા પથ્થરાઓમાં નમુદ થયા, વખત જતા સર્વે કાંઇ થઇ રહ્યું એબરત પકડો અમારા બાવા હઝરત ઇમામ હુસેન (અ૦)ને કાફેરો અને મુનાફેકોએ કેવી તકલીફો આપી, જેમાં હઝરત ઇમામ ઝયેનુલ આબદીન (અ૦) સિવાયના તમામ પુરૂષો બચ્ચાઓ સાથે સહીદ થયા, તે વખતે અમારા ખાનદાનપર એવી મુસીબત આવી પડી હતી, કે રહેવા માટે મકાનની દુશવારી થઇ પડી હતી, છતાં કાફેરોની તાકત નહોતી કે તેઓ એ મહાન નુરને ઓલવી શકે માટે યાદ રાખો એ તકલીફો સહન કરતા પાછા અમો તેજ દુશ્મનોની ઓલાદ સામે તેઓનાં હરીફ થઇ બાદશાહીની જાહોજલાલી સાથે ખડા છીએ. તેથી જરૂરનું છે કે મરદ તે છે જે હરગીઝ કોને પણ સંકડામણમાં હીંમત ન હારતા પોતાનો હોશલો વધારે, તો યાદ રાખજો દુશ્મનો કાંઇ કરી શકવાના નથી. જેમ અમારા નાના બુઝરગવાર તથા બાવા બુઝરગવારને થોડા દીવસોની તકલીફો આપ્યા સિવાય તેઓ કાંઇ કરી શક્યા નથી. એવીજ રીતે દુશ્મનો અને અમારા વચ્ચે કીયામત સુધી મીનાકેશો રહેશે, તેથી ચડતી પડતી હમેશા નઝરે ચડતી રહેશે, એ વીગતો જોઇ તાજુબ થાઓ નહીં. કારણ 'એમાં નવું તત્વ કાંઇપણ સમાએલું' નથી, બલકે સઘળી ફેરીયતો જુની અને હમેશા થતી રહી છે. તે પ્રમાણેની આજ છે.

**એટલું વિવેચન** જ્યારે મૌલાના શાહ **ઝાહેર અલી** (અ૦) એ પુરૂં કર્યું કે ફરીથી લશ્કર વચ્ચે નવો જુસો બરપા થયો.

હી. સ. ૪૨૬ માં **હલબ**નો કેટલોક હીસો જે **સાલેહ બીન મુરદે** હાથ કરી લીધો તે પાછો મેળવવા માટે ૮૦૦૦૦ એંસી હજારના લશ્કર સાથે ઇમામે પોતાના ખાદીમ કંમર **ઇબ્ને અબ્દુલ્લાને** સરદારી આપીને રવાના કર્યો. એટલામા હી. સ. ૪૨૭ માં સોળ વર્ષ રાજ્ય ભોગવીને ભર જવાનીમાં આ ફાની દુનીયાથી રહેલત કરી ગયા, ત્યારે તેવણની ગાદીએ મૌલાના શાહ **મુસ્તનસીરબીલ્લાહ** (અ૦) આવ્યા અને ઇમામતના **તાજ** સાથે રોશન થયાં.

# મૌલાના શાહ મુસ્તનસીર-બીલ્લાહ (અ૦)

## પ્રકરણ ૧૫ મું.

ઈમામ મૌલાના શાહ **મુસ્તનસીરબીલ્લાહ** (અ૦) હી. સ. ૪૨૭ માં બાદશાહીના તખ્તપર બીરાજમાન થયા, એવણ ઈમામનો લકબ **હઝરત અબુ તમીમ સૈયદ અલ મુસ્તનસીરબીલ્લાહ** (અ૦) હતુ, એવણ નામદાર જયારે તખ્તનશીન થયા ત્યારે એવણની ઉમર ફકત સાત વર્ષની હતી

**ફાતમાઈ ખલીફાઓમાં** લાંબી મુદત સુધી બાદશાહી ભોગવનાર તથા તે દરમ્યાન દુનીયા દારીની દરેક હાલતોના તબક્કા પસાર કરીને અનુભવ લીધેલ એવણ ઈમામ ગણાય છે., જેવણની સાથે દુનીયાના ચક્કરે એવો બરતાવ કર્યો હતો કે તમામ જાહોજલાલીનો અસ્ત થતાં બેસવા માટેની ચટાઇ સિવાય બાકી કાંઇ રહ્યું ન હતું. તેનું કારણ એ હતું કે મૌલાના શાહ **મુસ્તનસીરબીલ્લાહ** (અ૦) જયારે તખ્તનશીન થયા,

ત્યારે બાળવય હોવાથી રાજ્ય કારોબાર જેઓ હોદેદારો અમીર અને ઉમરાવો હતા, તેઓના હાથમાં આવી પડયો તેથી તે અમલદારોની બદદીનત તથા નફ્શાનીયતના સબબે સલતનતનો ઇન્તેજામ બરોબર નહીં ઝળવાયો તેના લીધે પ્રજા તથા સત્તાવાળાઓમાં ફુટફાટ થઇ, એ લાભ લેવા દુસ્મનોની ઇચ્છા ઉદ્દભવી તેથી ફાતમાઇ ખીલાફતનું વહાણ દુસ્મનાવટના ખડકો સાથે અથડાવા લાગ્યું, એટલે સુધીની બુરી હાલતપર સલતનત આવી રહી કે ફકત છેવટની અણીપર આવી તટસ્થ થઇ હતી, અને જયાં ત્યાં ફાતમાઇ ખીલાફત માટેના વીચારો નબળા દેખાતા હતા, તેમ થતાં નાસીપાસ થવા જેવું કાંઇ નહોતું. દરક ઇમામોના ઝમાનામાં તેવું થતું આવ્યું છે, જો ભુતકાળ તરફ નજર કરશું તો ખુલ્લે ખુલ્લું સમજાઇ જાય છે કે મૌલાના શાહ ઇમામ ઝયેનુલ આબદીન (અ૦) ને એનાથી પણ વીકટ સમયમાંથી પસાર થવું પડયું હતું, અને પાછું જેમ જેમ વખત નકળતો ગયો તેમ તેમ ઇમામના **નુરાની પાવરે** પોતાની સત્તાથી વધુ ઓ મેળવી બતાવ્યું છે, જે જોનારા જોઇ ગયા છે. ત્યારે તે વધારે સાબીતીઓ વર્તમાન કાળમાં તવારીખોદ્વારા મળી શકે છે. એવા **મોઝીઝા** કરી દુનીઆને કરીશમાં બતાવીને ઇમામતને જાહેર કરવા માટે અબુજ આલમોને ભેલ આંઝી નાંખવાની અગત્યના લીધે એવી મુસીબતો ઇમામો પોતાની ખુશીથી પોતાના અંગપર વહોરી લેતા સંજોગો વચ્ચે પાછું પોતાના **નુરાની પાવર** વડે દુર કરીને આલમની આંખે અજવાળામાં આવવા પામે છે તેમ શ્રદ્ધા રાખનારા એવા ચારીત્રોથી શોધી કહાડીને પવિત્ર **બૈયઅત** કરી પોતાની આખરત સુધારી જાય છે, તેને મુખ્તેસર અહેવાલ મૌલાના શાહ **મુસ્તનસીરબીલ્લાહ** (અ૦)ના વૃતાંતમાં નીચે આવવા પામશે,

હઝરત ઈમામ મૌલાના **મુસ્તનસીરબીલ્લાહ** (અ૦)ની જ્યારે અગીયાર વર્ષની વય થઇ ત્યારે તેવણ નામવર નાની જેવી લશ્કરી ટુકડી લઇને **નાઇલ નદીપર** ફરવા જતાં હતાં, અને ત્યાં પલટણની કવાયદ લઇ ને તેની પરીક્ષા લેતા હતા, તેમાં જે કુનેહબાઝ સીપાઇ સમજાતો હતો, તેને પોતાની સત્તાવડે હોદ્દાઓપર ચડાવતા હતા અથવા સારોજેવો સરપાવ આપીને રાજી કરતા હતા.

ઇ. સ. ૧૦૪૨ માં અબાસી ખલીફ **અલ કાયમની** મદદથી અને ઉશ્કેરણીથી ઇમામ સાથે દુશ્મની ધરાવનાર પ્રજાએ જે ફાતમાઇ ખલીફનો ઝુંડો **પવિત્ર હરમેયન સરીફ**પર ફરકતો હતો તેને ઉતારી પાડયો.

આફ્રીકામાં **ઝયેરી અલ મય્યાઝ બીન ધયેસ** જે ફાતમાઇ ખલીફાઓનો ખંડણીઓ સુબો હતો, તેણે ઈ. સ. ૧૦૪૫ માં **શરફ ઉલ દઓલ્લાનો** ખીતાબ અખત્યાર કરીને ફાતમાઇ ખીલાફતની તાબેદારીનો ઇનકાર કર્યો, અને પોતાના તાબેના કસબાઓમાં ઇમામ શાહ **મુસ્તનસીર-બીલ્લાહ** (અ૦)નું જે "ખુતબા" માં નામ પડાતું હતું **અમીરૂલ મો-મેનીન** તરીકેનું તે કહડાવી નંખાવ્યું, તેને બદલે **બગદાદમાં** રાજ્ય કર્તા અબાસી ખલીફ **અલ કાયમને** અમીર તરીકે સ્વિકારીને તેનું નામ "ખુતબા" માં ચાલુ કર્યું.

બીજી તરફ બેવફા થએલો **તુગરેલબેગ** નામી શખ્સ અબાસી ખલીફ **અલ કાયમ** તરફથી મઝહબી ધોરણે લોકોને સમજાવવાને અબાસી સલતનતને વધારવાની વેતરણથી **મગરીબ એશીયામાં** કામ કરતો હતો,

તેથી તેની મહેનતના લીધે થોડા વીસ્તારમાં અબ્બાસીઓનો પગ કાયમ થયો હતો.

થોડી મુદત બાદ ખલીફ **આલપ અરસલાન**નાં વખતમાં **સલજુકીઓએ** ઇમામ **મુસ્તનસીરબીલ્લાહ** (અ૦) સાંમે લડાઈ જાહેર કરી, તે દરમ્યાન ફાતમાઇઓની હાર થતા સલજુકીઓએ **અલ અરીશ** હાથ કરી લીધું, અને ત્યાંથી ફાતમાઇઓને હટાવી દીધા. તેથી એક તો ફાતમાઇ સલતનત તકલીફ અને સંકટમાં ઘેરાયલી હતી, ને ઉપરથી **બલાહે નગહાની** નાઝીલ થઈ એટલે એ કે મીશર દેશમાં ઉડતા રોગો ફાટી નીકળ્યા, તે જીવલેણ બીમારીઓ પુરા સાત વર્ષ ચાલી, તથા ધારા પ્રમાણે **નાઇલ નદી**માં આવતી રેલ સાત વર્ષ આવી નહી, તેથી ભયંકર દુકાળ પડયો, અને તેના સાથે દેશમાં ગુજરાનના તમામ સાધનો લગભગ ખુટી ગયા, જ્યારે ઉત્તર તરફથી આવતો અનાજનો જથ્થો દુશ્મનો રસ્તામાં અટકાવીને લુટી જતા હતા, એવી સખ્ત મુશ્કેલીઓનો સાંમનો કરતી ફાતમાઇ ખીલાફત ડગમગ થતી આફતો વચ્ચે પસાર થતી હતી, ત્યારે બીજી બાજુ ઇમામ સાથે દુશ્મની ધરાવનાર શત્રુઓ ઇમામની બાકી રહેલી સત્તા છીનવી લેવા માટે તત્તપર થઈ રહેલા હતા, તો પણ દુનીયાની રંગીન હાલતો અજબ કામ કરે છે. એક તરફ અબ્બાસી ખલીફાઓ ફાતમાઈ સલતનત ઉખેડી નાખવા માટે જીવતોડ કોશીસો કરી રહ્યાં છે, ત્યારે બીજી તરફ **આલે અલી** કીયામત સુધી કાયમ દાયમ રહેવાની હોવાના સબબે ભભકતી અને ઝળકતી નજરે પડે છે, તે જોઇ દુશ્મનો હમેશાં પોતાના આંગળાં કરડતાં નજરે પડયાં છે.

ઇમામ મૌલાનાં **મુસ્તીનસીર બીલ્લાહ** (અ૦) જ્યારે પુખ્ત ભરજવાનીમાં આવ્યાં અને રાજ્ય લગામ પુરેપુરી હાથમાં લીધી ત્યારે પોતાના તાબેના શહેર **અકામાં** જે નામચીન અને વફાદાર ગવ્હર્નર **બદર અલ ઝમાલી** હતો, તેને તેડાવીને **મીશર** પ્રાંતનો **વઝીરે આઝમ** બનાવી તમામ રાજ્ય કારોબારનો હક તેને સોંપ્યો તેથી **અલ ઝમાલી**એ નામવર ઇમામ સાથે અડગપણે એવો સલુક કર્યો, કે જેવો સલુક હઝરત મૌલાના **શાહ મોએઝ** (અ૦)ના ઝમાનામાં **અબુ યુસેફે** કર્યો હતો. તેણે કળા અને કુનેહથી સલતનતમાં અમન કાયમ કર્યો, પ્રજાને તબાહીના લક્ષણોથી છોડાવ્યાં, અને બાદશાહનો રોઆબ તમામ રૈયતના દીલપર જમાવ્યો, તે હીસાબે ફાતમાઈ સલતનતમાં ફરીથી ઝળકતો રૂહ ફુંકાયો એ સંજોગો વચ્ચે **હલબ**ના પ્રાંતે બે ત્રણવાર બંડ ઉઠાવ્યું, તેને દરેક વખતે ફાતમાઇ લશ્કરે દાબી દીધું અને બળવાખોરોને પકડીને તેને તેની ફેઝે પહોંચાડ્યાં. ઉપરાંત **અલ ઝમાલી** શહેરમાં બળવો ફેલાવનારપર બારીકાથી ધ્યાન આપીને તેની નોંધ લઇ પોતા પાસે રાખતો હતો, આગળ ચાલતાં સંજોગો વચ્ચે તે સઘળા બેઇમાનોને મીઝબાની કરીને બોલાવ્યા અને ત્યાં દુરઅંદેશ તદબીરથી સર્વેને કેદ કરીને પુરી રાખ્યા. અને જેમ જેમ બદમાસોના કતુંકો બહાર આવતા ગયા તેમ તેમ તે બેવફાઓને સઝા કરતો, એવી રીતે પાપીઓથી ફરી એક વખત મીશરની સર ઝમીન પાક થઈ, તેથી સલતનતની મુખ્ય ભાંજગડો અને નડતરોનો અંત આવી ગયો ત્યાર પછી એક પછી એક કીર્તીવંત ફત્તેહો મેળવતાં મુલ્કની અતરાફમાં ફરી વળેલા સંખ્યાબંધ જંગલી તાયફાવાળાઓને નાબુદ કરી નાખ્યા, તેવામાં **બગદાદમાં વસવાટ કરી રહેલો અલ બસાશરી** નામનો **એક**

તુર્ક બળવાન સરદાર જેની **બગદાદમાં** ઘણી જોરદાર નામવરી હતી. તેણે ફાતમાઇ વડપણ સ્વીકાર્યું ત્યારે **સલજુકી તોગરેલ બેગે** અબાસી ખલીફાની પક્ષ ખેંચી. તેથી તે તકનો લાભ લઇને **તોગરેલ બેગનો** ભાઈ જે **ઇબ્રાહીમ** હતો તેણે **અલ બસાશરીને** મદદ કરી તેથી બગદાદમાં મોટો બળવો ફાટી નીકળ્યો, જ્યારે સલજુકી **તોગરેલ બેગ** તથા **અલ બસાશરી** વચ્ચે જોશબંધ ઝપાઝપી ભરેલી એક ખુનખાર લડાઇ ચાલુ થઈ તેમાં **સલજુકીઓની** હાર થતાં **અલ બસાશરી** બગદાદમાં દાખલ થયો, જેથી કમનસીબ શહેર કત્લ અને લુટફાટથી પાએમાલ થઇ રહ્યું હતું, તે ચીંતાતુર હાલતમાં અબાસી ખલીફ **અલ કાયમને અલ બસાશરી** શહેરમાં પ્રવેશ થયો એ ખબર મળ્યા ત્યારે ખલીફ ત્યાંથી નાઠો પણ સંજોગો વચ્ચે તે ફાતમાઇઓના હાથમાં સપડાઈ જતાં તેને મીશરમાં ઇમામ પાસે મોકલી દીધો ત્યાં તેને કેદ કરવામાં આવ્યો.

હી. સ. ૪૫૦ માં અબાસી પ્રજા વચ્ચે **બગદાદની જુમા મસીદમાં** હઝરત ઇમામ મૌલાના શાહ **મુસ્તનસીર બીલ્લાહ** (અ૦)નું નામ "ખુતબા"માં પડાયું તેને તમામ પ્રજાએ તશલીમ કરી, અને **કેરો** ખાતે ઇમામને **અમીરૂલ મોમનીન** તરીકે બગદાદની પ્રજાએ સ્વીકાર્યું, એ હકદાર તરીકેની નીશાની મોકલી દીધી થોડી મુદત બાદ ફરીથી **એરાક** પ્રગણામા પવિત્ર **મક્કા** તથા **મદીના** શહેરોમાં પાછી ઇમામની હકુમત ચાલુ થતાં **હરમેયન સરીફમાં** મૌલાના **શાહ મુસ્તનસીરબીલ્લાહ** (અ૦)નો "ખુતબો" ઝારી થયો, અને સંજોગો વચ્ચે ફાતમાઇ ખીલાફતને **બગદાદમાં** રાજ્ય કરતી **અબાસી** પ્રજા તથા **સ્પેનમાં** રાજ્ય કરતી ઉમૈયા પ્રજા સર ઝુકાવીને તાબેદાર બની રહી.

વઝીરે આઝમ **અલ જમાલીએ** ફાતમાઇ ખીલાફતમાં વીશ વર્ષ પર્યંત વઝીરાત ભોગવી તે છેવટ સુધી ઇમામનાં હુકમપર અચળપણે રહીને પુર જાનફેશાનીથી પોતાની ડયુટીને જેઆસ આપી, તેની કિર્તીમાં મુખ્ય એ નવીન હતું, કે દુશ્મનો સાંમે ટક્કર લેવા માટે **અલ કાહેરાની** અગ્નિ દીશાએ એક પહાડ હતો જેનુ નામ **જબલુલ ગયુશી** હતું તેનાપર લોખંડી બાંધકામ કરીને ત્યાં દારૂ ગોળો તથા હથીઆરોનો જથ્થો રાખ્યો અને શહેરના ત્રણ મુખ્ય દરવાજાઓ એક **બાબ-ઉલ-જુવેલેહ** બીજો **બાબ-ઉલ-નસ્ર** ત્રીજો **બાબ-ઉલ-ફતુહ,** એ યુનાની કારીગરીથી નાદર **નમુનાં** જેવાં બનાવ્યા હતા. તેની કારીગીરી માટેની અત્યાર વેર તારીફ છે, એકંદર **અલ જમાલીએ** કિર્તીવંત નામના મેળવીને આ દારેફાનીને હી. સ. ૪૮૬ માં છોડીને પોતાના **અસલ** વતને જઇ પહોંચ્યો, ત્યારે વઝીરાત પદપર તેનો બેટો **આલા ફઝલ** આવ્યો. જે વઝીર થયા પછી **અમીર જયુશના** નામે મશહુર થયો.

નામદાર ઇમામ મૌલાના શાહ **મુસ્તનસીરબીલ્લાહ** (અ૦)નું કિર્તીમય જીવન સાંભળીને ઇસમાઇલીઓ સિવાયના બીજા મઝહબીઓ **દારૂલ હીકમતમાં** ખાસ શીખવા આવતા હતા, અને સંજોગો વચ્ચે જ્યારે ઇસમાઇલી મઝહબનુ તત્વ સમજવા પામતા હતા, ત્યારે તેઓ સાચા દીલથી દીને ઇસમાઇલીની પયરવી કરવા માંડી પડતા હતા. તેમાં મુખ્ય ખોરાશનનો **નાશર ખુશરો** તથા **હશન બીન સબ્બાહ** તાલીમ લેતા હતા, તે દરમ્યાન ઇસમાઇલી મઝહબની **ફીલાસોફી** સમજતા પાછળથી તેઓ પોતાનો ધર્મ તજીને ઇસમાઇલી થવા પામ્યા તે એટલે સુધી કે **દાઈ**

થઇને ઇમામની **દાવત** લોકોને કરવા લાગ્યા. તેમાં **નાશર ખુશરો** વીશ વર્ષ પર્યંત પહાડોમાં રહીને **ઇમામતરફ દાવત** કરવા રોકાયલો હતો તે એટલી જાનફેશાનીથી કે તેણે બીલકુલ ખાવા પીવાની પરવા કર્યા વગર વખતો વખત **ઘાંશને** ખોરાકમાં લઇ પોતાના શરીરનું પોષણ કરતા ઇમામની ખીજમતમાં મશગુલ રહેતો હતો, ત્યારે **હુસન બીન સબ્બાહે** જે ઝળકતા કર્તવ્ય કરેલા છે, તે જાહેર હોવાથી અમુક લાગતી વળગતી વીગત નીચે રજુ કરીશું.

હઝરત મૌલાના શાહ **મુસ્તનસીર બીલ્લાહ** (અ૦) ના બેટાઓ ત્રણ હતા જેમાં સઉથી વડા **શાહ નીઝાર** (અ૦) તેથી નાનો **મુસ્તે અલી** અને સર્વેથી નાનો **અલ મોહમદ** નામે હતો.

નામદાર ઈમામનું વડપણ થતા ઇમામે **નશ** કરતા વશીયત કરી કે મારા પછી મારી **ખીલાફત** તથા **ઈમામતને** હકદાર મૌલાના **નીઝાર** [અ૦] છે, તે વખતે વઝીર **અમીરઝયુસ** જે પુર્વ મીશરનો સુપેહસાલાર હતો જેને **શાહ નીઝાર** [અ૦]**થી** બનતું નહી હતું. કારણ કે **શાહ નીઝાર** [અ૦] તેને તાબે રહીને મચક આપતા હતા નહી એ સંજોગોમાં વજીરોના હાથમાં આખી રાજ્ય લગામ હોવા ઉપરાંત મોટી વગ ધરાવતા લસ્કર ની સરદારી ભોગવતા હતા. તેથી બાદશાહથી વિરૂદ્ધ જવાને પણ અચકાતા નહોતા, તેથી મૌલાના શાહ **મુસ્તનસીર બીલ્લાહ** [અ૦] ને **મુસ્તે અલીને** ગાદીએ બેસાડવા માટે ભલામણ કરી કારણકે **મુસ્તે અલી**નો **અમીર ઝયુસ** સગપણે મામો થતો હતો. ત્યારે ઇમામની હઝુરમાં બ-

હાદુર **હસન બીન સબ્બાહ** જે હાજર હતો તેનો જુસ્સો ઉશ્કેરાયો અને કોઇ પણ જાતની **અમીર ઝુયુશની** પરવા કર્યા વગર ઇમામના ફરમાન વિરૂદ્ધ વર્તનારની સ્થિતી પાછળથી કેવી દયાજનક થઇ પડે છે, તેવા દાખલાઓ ટાંકી બતાવ્યા, કારણ કે તે વખતે **હસન બીન સબ્બાહને** દાઈનો ઇલકાબ મળતા વળી વધારે નવાજેશ તરીકે **હુઝ્જતે આઝમના** નામે ઓળખાતો હતો. એ સાચી તરફદારી **અમીર ઝયુસની** ઇચ્છા વિરૂદ્ધ હોવાથી **હસન બીન સબ્બાહ** સામે ઇમામની હાજરી વચ્ચે કાંઈ બોલી ન શકવાથી પોતાના દાંત કચકચાવ્યા, છતાં **હસન બીન સબ્બાહ** ઇમામના ફરમાન અનુસાર મૌલાના શાહ **શાહ નીઝાર** (અ૦) ની તરફેણમાં રહ્યો. તેથી **હસન બીન સબ્બાહને અમીર ઝયુશે** ઘણો સમજાવ્યો છતાં એ આલા હીમત ધરાવનાર મુસ્તકીમ દીલે ઇમામની પયરવી કરનાર ચલાયમાન થયો નહી, તેથી તેની સામે પ્રપંચો રચીને તેને ફસાવવાની જાળ દુશ્મનો પાથરી રહ્યા હતા. તેની કનવર કર્યા વગર નીડરપણે **હસન બીન સબ્બાહ** પુર જુસ્સા સાથે લોકોને જાહેર કરી રહ્યો હતો કે હવે પછી આપણા ઇમામ તરીકે **શાહ નીઝાર** (અ૦) છે. એ રાજય ખટપટથી **અમીર ઝયુસની** તરફેણવાળાઓ તથા **હુઝ્જતે આઝમ હસન બીન સબ્બાહની હુઝ્જત** સાચી સમજવાવાળા મોમીનો **હસન બીન સબ્બાહ** ની તરફેણમાં રહેલાઓ, વચ્ચે ધુરકા ધુરકી ચાલુ થઇ, જેથી ફરી **મીશર** પર અવદશાનું વાદળ જાલીમોના ઝનુની ખ્યાલો અને ખુશામદીઓની ચાલબાજી ભરેલી ચાલો વચ્ચે ઘેરાઇ રહ્યું. એ મનહુશ આશારો જયારે **હસન બીન સબ્બાહને** ભયંકર દેખાવા લાગ્યા અને દુશ્મનોને દુશ્મનાવટ કરવા માટેનો બજાર ગરમ જોયો ત્યારે તેણે વીચાર્યું કે એ ઝાલીમોનું જોર ઘણું

હોવાથી છેવટે મીશરની રાજ્યસત્તા પોતાના પંજામાં લેશે, જો કે ઇમામની સત્તા માટે તેમ બની શકતુ નથી. તેથી ઇમામની ખીજમતમાં હુ પહેલે નમ્બરે આવવા પામુ તેવી ગોઠવણ કરૂં તો મારૂં કરેલું સુકૃત્ય કાંઇક મારી જીંદગીની કારકીર્દીમાં યાદગાર બનતા મરણ સમયે બક્ષીશનો હકદાર રહીશ એમ કરતાં કેટલીક તકલીફો વેઠીને છેવટે મીશરને હમેશ માટે છોડીને **એરાન**ની સરઝમીન તરફ નીકળી ગયો. ત્યારે અહીંઆ સલતનતની કઢંગી સ્થીતી જોતાં મૌલાના શાહ **મુસ્તનસીર બીલ્લાહ (અ૦)** હી. સ. ૪૮૭ માં (૬૦) સાઠ વર્ષ સુધીની લાંબી બાદશાહી ભોગવી આ ફાની દુનીયા છોડીને ચાલી ગયા ત્વારીખ નવેસ્તા લખે છે કે એ ઇમામના **તાજ** મુબારકમાં એટલા તો કીંમતી હીરા જડેલા હતા કે કોઇ જવેરીથી તેની કીંમત અંકાતી નહોતી ઇમામની વફાત બાદ બાદશાહમાં ભવાડા થયા માંહો માંહે શત્રુતાનાં બી રોપાયાં તેમ જોરદાર પાર્ટી બેઇમાન બની ઇમામ **શાહ નીઝાર** (અ૦) ને તકલીફ આપતા હકદારનો હક પચાવી પાડતાં **મુસ્તે અલી**ને ગાદીએ બેસાડયો, ત્યારે **બાદશાહી** જતાં **ઇમામત** મૌલાના **શાહ નીઝાર** (અ૦) ના વારશામાં રહી.

# ફાતમાઇઓના વખતમાં ઈલમ વ હુન્નરની કેળવણી.

## પ્રકરણ ૧૬ મું.

જ્યારથી મીશર દેશમાં ફાતમાઇ ઔલાદની બાદશાહત કાયમ થઇ ત્યારથી ઇલ્મ વ હુન્નરનો મહાન વધારો થવા પામ્યો, તેથી ત્યાં દુરદરાજના લોકો મહા સંકટો વેઠીને ખાસ ઇલ્મ મેળવવા માટે **મીશર** આવતા હતા, જ્યાં સ્થાપવામાં આવેલી સંસ્થાઓમાં વગર અભાવે સર્વે કોમોના માણસોને દાખલ કરવામાં આવતા હતા, જેમાં એક કલાસ ખાસ **ઇસમાઈલી મઝહબનાં મુળતત્વોનો** ખોલવામાં આવેલો હતો, જેનો **ટીચર** (માસ્તર) **અબદુલ મેમુન** નામી સખ્સ હતો તે ઇલ્મે **તસવુફ**માં પુરતો માહીતગાર હતો, તે કલાશમાં પણ જો કોઇ ગયર મઝહબનો મેમ્બર દાખલ થવા માગે તો તેની સાથે ચોક્કસ સરતો કરીને દાખલ કરતા હતા, અને સંજોગો વચ્ચે જયારે તે **હાઈકલાસ**માં દાખલ થનાર ઇસમાઇલી મઝહબની માહીતી મેળવતો ત્યારે સીદક દીલે ઇસમાઇલી થવા પામતો, એમ

ત્વારીખોમાં લખેલું વંચાય છે કે લગભગ એ કલાસમાં દાખલ થયેલામાં પંચાણુ (૯૫) ટકા ઇસિમાઇલી બની રહેતા હતા. આવી સોનેરી કેળવણીના પ્રચારથી તે વખતે **મીશર** ખાસ એક ઇલ્મનું મથક થઈ પડયું હતું. ત્યાં રાજ્ય કર્તા ખલીફ તરફથી મોટે ખરચે જબરદસ્ત ખાતા ખોલવામાં આવ્યા હતા, જેવા કે **દારૂલ ઉલુમ** ( કોલેજ) **કુતુબખાના** (લાયબ્રેરી) **દારે હીકમત** (હુન્નરશાળા) **યુનીવર્સીટી** વીગેરે.

એ મીશરમાં હસ્તી ધરાવતી **લાઇબ્રેરી** સઘળી દુનીયાની **લાઇબ્રેરીઓ** કરતાં મોટી ગણાતી હતી. જેમાં લગભગ બે લાખ કીતાબો હસ્તી ધરાવતી હતી.તેમાં આલીમોને હાથ લખાતી **કલમી** કીતાબો એ **લાઇબ્રેરી** ના કાર્ય વાહકો મોટી કીમત ખરચી ખરીદવામાં ચુકતા નહી, કહેવાય છે કે સઘળી દુનીયાપર લખાયલી તમામ કીતાબો **છાપેલી** તથા **કલમી** ત્યાં રાખવામાં આવી હતી. તેનું વાંચન લેવા તથા ઉતારો લેવા માટેની સઘળી દુનીયાના લોકોને છુટ હતી. તેથી પણ ઇસિમાઇલીઓને વધારે લાભ એ મળી શકતો હતો, કે જે **કલમી** કીમતી કીતાબો હતી તે બાઇન્ડીંગ કર્યા વગરની લાઇબ્રેરીમાં રહેતી હતી, તે કીતાબો માંહેલી કીતાબ જો ઇસિમાઇલી મેમ્બરો ઘરે લઈ જવા માંગતા તો તે કીતાબ માંહેનો નંબર વાર એક જુજ તેઓને આપવામાં આવતો હતો, તે એક જુજ પાછો લાવ્યા પછી બીજો **જુજ** તેને દેવામાં આવતો હતો, એવી રીતે વારા ફરતી આખી કીતાબનો ફુરશદના ટાઇમપર ઇસિમાઇલીઓ લાભ લઇ શકતા, ત્યારે બીજી કોમના લોકો ફકત **રીડીંગરૂમમાં** બેસીને તેનો લાભ લઇ શકતા હતા. ત્યાં **લખવા માટેની સઘળી ચીજો જેવી કે શાઈ કલમ કાગળ પેનશીલ વી-**

ગેરે લેખકોને મુફત પુરી પાડવામાં આવતી હતી. એવો રીતસરનો વ્યવહાર લાઇબ્રેરીનો ચાલતો હતો, કારણ કે તેનાપર સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે પાકટ ઉમરના આલીમ અબ્દુલ્લાઆરીફને મુકરર કરવામાં આવ્યો હતો.

મજકુર **કોલેજ**માં લગભગ બે હજાર વિદ્યાર્થીઓ એકી વખતે લાભ લેતા હતા, તેમાં ખાસ **ફારસી** તથા **અરબી** ઇલ્મ શીખવવામાં આવતું હતું, કારણ કે તે ઇલ્મ ત્યાંના દેશોને બંધ બેસ્તું હતું, અને તેમાં વિદ્યાર્થીઓને શીખવા માટેના પુસ્તકો ફાતમાઈ ખલીફાઓ તરફથી પુરા પાડવામાં આવતા હતા, મજકુર પુસ્તકો ગ્રાંડ **માસ્તર**ની સહી સાથની પાસ કરેલી રહેતી હતી. તેથી તે કૉલેજમાં શીખનાર વિદ્યાર્થી હમેશાં પોતાના મઝહબ પ્રત્યે પુર્ણ પ્રીત રાખીને પરધર્મીઓ સાથે વાતચીત કરી શકવાને શક્તિમાન થઇ શકતો હતો. એ કોલેઝ પછવાડે બે લાખ અને સત્તાવન હઝાર **દીનારો**નો ખર્ચ રાખવામાં આવ્યો હતો.

કોલેઝમાંથી પુરતું ઇલ્મ મેળવીને જ્યારે **ડીગરી** મેળવવા મજકુર યુનીવર્સીટીમાં કોઇપણ ગૃહસ્થ બેસતો હતો, તેથી તેની પુરી ઇલ્મની તર્કશકિત ખીલી નીકળતી હતી, ત્યારે તે માણસ દુન્યા ઉપર એક નમુનેદાર થવા પામતો હતો, કારણ કે મજકુર **યુનીવર્સીટી**માં ઉસ્તાદો મહાન વિદ્વાન રોકવામાં આવ્યા હતા. તે જુના અનુભવી અને એટલા જઇફ હતા, કે તેઓ જમીનપર જ્યારે બેસતા હતા, ત્યારે તેઓની સફેત નુરાની દહાડીઓ લહેરાતા ઝમીન સાથે તેના બાલ અથડાતા હતા, એવા મહાન બુઝરગોના હાથ તળે શીખેલા લોકો દુનીયાપર સુર્ય માફક પ્રકાશમાન થવા **પામ્યા, અને જેવી રીતે હાલમાં કેંબ્રીજ તથા ઓક્સફોર્ડ યુનીવર્સીટીમાં**

ાસ થએલા **ડીગરીઓ** મેળવીને **ઝભાઓ** પહેરી **બેરીસ્ટર** તરીકે ર્ટમાં હાજરી આપે છે, તેવીજ રીતે **મીશર**ની યુનીવર્સીટીમાં પાસ એલા શખ્સો **કફતા** તથા **ખલા** પહેરતા હતા, તે પાસ થએલાઓને ઇટલ આપવામાં આવતા હતા, તેમાં જે દીની લાઇન પસંદ કરીને દાઇ રીકે બહાર પડતાં હતાં, તેને ટાઇટલ નીચે મુજબ મળતાં હતાં, જેમ **સન બીન સબ્બાહને હુજતે આઝમ**નો ખીતાબ મળ્યો હતો, તેમ **ાશરે ખુશરોને હુજતે મબ્બાદુદ** તથા દાઇ **અબુ ઇશાકને હુજતે ઝાઇરિ** અને **મોહીયુદ્દીન અરબીને હુજતે આઝમ** તથા **સૈયદ ાારાબને હુજતે ઝઝાઇર** વીગેરેના ખીતાબો **ગ્રાંડ માસ્તર** તરફથી ાક્ષવામાં આવ્યા હતા.

**હસન બીન સબ્બાહ** એ પરાક્રમી પુરૂષ થઇ ગયેલ છે કે, જેણે ાાલાના **શાહ નીઝાર** (અ૦)ની પયરવી જાનફીશાનીથી કરી હતી અને ત્યારે મીશરમાં ઇમામ સાથે દુશ્મની વધી ગઇ ત્યારે તેણે મીશર મુકીને **મેરાન** પ્રગણામાં આવેલ **આલમોત**ના પહાડ પર **શાહ હાદી** (અ૦) ી રાજ્યગાદી સ્થાપીને દુન્યામાં રોશન થયો. એ પ્રતાપ **મીશર** માંહેની ળવણીના હતા, કારણ કે એણે **મીશર**માં સાડા ત્રણ વર્ષ કેળવણી ીધી હતી અને તે સંજોગો વચ્ચે ઇસમાઇલી થઇને મૌલાના શાહ **મુસ્ત-ાસીર બીલ્લાહ** (અ૦)ની બૈયઅત કરી ચુસ્ત ઇસ્માઇલી થવા પામ્યો તો.

**નાશર ખુશરો** એ મહાન નરે દુનીયામાં નામવરા મેળવીને સં-ખ્યાબંધ દીની કીતાબો લખી છે, કે જેની કીતાબોના ઉપદેશ વડે આજે

પણ લાખો ઈસમાઇલીઓ બની રહેલ છે, એ દાઇએ **ખુરાશાન**માં ઉપ દેશ કરવાનું ચાલુ કર્યું, ત્યારે ત્યાંના અમલદારોને દુશ્મની પેદા થઈ, તે ખબર સાંભળતાં **નાશર ખુશરો** પહાડોમાં નીકળી ગયો, તે પહાડો અને ખીણો વચ્ચે લગભગ વીસ વર્ષ પર્યંત ઉપદેશ કર્યો તે દરમ્યાન સંજોગે વચ્ચે પાસે ખોરાકીના સાધનો ખુટી જવાથી પોતાનાં ઉદરનો નિર્વાહ ફક્ત ઘાંસ અને પાણીપર કરતો હતો. એણે કેળવણીને પ્રતાપે પોતાના દીનની એવી રીતે સેવા કીધી કે જે આજે ઝહાં આશકાર છે.

**મોહીયુદિન અરબીએ** રોશન ઝમીર નર એ છે કે જેણે **ફુતુહાતેમકી** તથા પવિત્ર કુરાને સરીફની તફસીર લખી છે, જે કીતાબને **તફસીરે મોહીયુદીન** કરીને કહે છે, મજકુર કીતાબ એકમતે આખા ઇસિલામમાં પ્રચ્ચલિત છે, તેણે ઇસિમાઇલી બોધ આખા અરબસ્તાનમાં કર્યો હતો. તેને પ્રતાપે ઘણા ઇસમાઇલી થવા પામ્યાં હતા તેનો વંશ અત્યાર પર્યંત અરેબીયામાં છે, જેઓ પણ અત્યાર વેર પોતાના વડવાને પગલે ચાલીને ઇમામે ઝમાન તરફ લોકોને દાવત કરે છે.

દાઇ **અબુ ઈશાક**એ મહાન નરે **એરાન** દેશમાં ઇસમાઇલિ મઝહબનો શુર ફુંક્યો, જેના પ્રતાપે ત્યાં લાખો ઇસમાઇલી થવા પામ્યા, અને તેમાંના આજે પણ **બાલુ**ના નામે ઓળખાતા ઇસમાઇલીઓ આખા **એરાન** પ્રગણામાં ફેલાયલા નજરે પડે છે. એ સઘળા પ્રતાપ મીશરની કેળવણીના હતા.

ઉપર વર્ણવી ગયા તેવા અનેક નરો મજકુર **યુનીવર્સીટી**માંથી બહાર પડીને લોકોને સોનેરી સબક આપતાં દુનીયાપર ઘેરાયલી અંધાધુંધીને

દુર કરીને **ઇમામે ઝમાન**ની સનાખ્ત કરાવતાં આવતી ઓલાદ માટેની મુડી મુકતા ગયા છે, અને આજે જે યુનીવર્સીટીમાં પાસ થએલાઓને **ડીગરી**ઓ સાથે **ઝભાઓ** પેરેલા જોઈએ છીએ, એ નકલ મીશરની રૂઢીપર કરવામાં આવેલ છે, એ રીવાજની શરૂઆત ઇસમાઇલીઓ તરફથી-જછે. તેથી તેની મગરૂરી ઈસમાઇલીઓનેજ ઘટે છે. તથા જેવી રીતે ઇલ્મ-પછવાડે મોટી રકમનો ખર્ચ કરવામાં આવતો હતો, તેવીજ રીતે **સાઇન્સ ટીફીક** યાને હુન્નરની પછવાડે પણ ફાતમાઈ ખલીફા તરફથી ચાર લાખ ને બ્યાંસી હજાર દીનારની બહાલી મળેલ હતી, જેથી ઇસમાઇલીઓએ તાલીમ મેળવીને કળા તથા કુનેહમાં એટલો વધારો કર્યો હતો, કે જેથી તેઓ એક વખત આખા યુરોપ સામે બાથ ભીડવા તૈયાર હતા. તેમજ કારીગરી તથા હુન્નરમંદીમાં એવી સુંદરતા પ્રાપ્ત કરી હતી કે જેને આજે પણ યુરોપવાસીઓ જોવાને જાય છે, બલકે તે હુન્નરમંદીની તારીફ કરતાં તેના ફોટાઓ ઉતારી લઇને તે પરથી કોપી કરે છે, એવીરીતે **મીશર**માં કેળવણી લેવાથી **એશીયા** તથા **સ્પેન**માં મોટા મોટા **આલીમો** તથા **સાઈન્સકારો** પેદા થયા છે, ચારે તરફ ઇલ્મ તથા સાઇન્સની હલચલ મચી રહી હતી, જગે જગે ઇલ્મ તથા સાઇન્સના ખઝાના નઝરે પડતા હતા, તેથી સઘળી પ્રજા આબાદ અને સંતોષી નજરે પડતી હતી તે કારણોને લેતાં **બની ફાતમાઇઓ**નો ઇતિહાસ સોનેરી અક્ષરોમાં લખાયેલો નજરે પડે છે, તેનું કારણ એ છે કે તેવણે ઇલ્મના દરવાજા બંધ પડેલાઓને ઉઘાડીને લોકોમાં ઇલ્મનો રૂહ ફુંક્યો કે જેથી કોમોની કોમો ફાતમાઈઓના અહેસાન તળે દબાઇ જતાં હમેશા તેઓને મદદ કરવા તૈયાર રહેતી હતી. એવી રીતે ફાતમાઇઓએ વડાઈ મેળવીને પોતાનું કીર્તીમય જીવન સંસાર

**સમાજમાં** શોભાવ્યું જેથી **અમરતા** ભરેલી ખુશબો ભભકતી રહી ગઈ, જેની આજે પણ **સુગંધ** મોજુદ અને હાજર છે,

**મીશનલોઝ** એ મથક ખાસ પરધર્મીઓને **કનવર્ટ** કરવાનું સ્થાન હતું, મજકુર **લોઝનો** મુદ્રાલેખ એ હતો કે જે જે ધર્મો નજરે પડે છે, તે સઘળા સાચા અને સત્યતા ભરેલા છે. જેવી રીતે **હીંદુઝમની** માની નતા **બ્રહ્મા વિષ્ણું** અને **મહેશ્વર** પ્રત્યેની છે, તે આગલા ઝમાનાઓમાં સત્ય હતી. માટે હમણાના **વિષ્ણુ એ હુઝરત અલી (અ૦)** છે. તે જેમ નવા રાજા આવતા તેના કાયાદાઓમાં ફેરફાર થાય છે, તેવી રીતે **વિષ્ણુની** ગાદીપર **હુઝરત અલી**(અ૦) આવતાં તે આગલા વેદો મનસુખ થતાં. કાયદા કાનુનો પણ નવા બંધાણા જેને **કુરાને સરીફ** તરીકે ઓળખાવ્યું. તેમજ **બની ઇશરાઈલો** તથા **નશરાનીઓ** (ક્રીશ્ચીયનો) **હુઝરત મુસા** અ૦) તથા **હુઝરત ઈશા** (અ૦)ના ઝમાનામાં **તવરેત** તથા **અંજીલપર** વાજબી હતા. અને તે સઘળા ખરા છે. **હુઝરત મુસા**(અ૦) તથા **હુઝરત ઇશા** (અ૦) તથા **તવરેત** અને **અંજીલ** એ સર્વે હક અને સત્ય છે, **પણ** હાલ તેનો જમાનો નથી, કારણ **રાજા** બદલાયો, તેની રૂહે જે વખ્તનો રાજા હોય તેનીજ રૈયત થઇ રહેવાની દરેક ઇનસાનની ફરજ છે, નવા રાજા ગાદીએ આવ્યા પછી કોઇ જુના રાજાની પ્રજા તરીકે પોતાને જાહેર કરે એ માણસ દાનાઓમાં ગણાય નહીં. માટે ડહાપણથી વીચારીને જુઓ કે હાલ તમારી સલામતી કયા કાયદા કાનુનોમાં છે, કે જેની તમો પ્રજા છો, ત્યારે હાલનો રાજા હઝરત મોહમદ મુસ્તફા (સ૦) છે, તેથી તેના કાયદા અમલમાં લેવા એજ ઉપયોગી છે, અને એકંદર સત્ય

પણ એમ કહે છે, અને કાંઈ જોડી કાઢેલી વીગતોપર **મીશર** કામ કરતું નહીં, પણ સત્ય ઓળખાવવા માટે જીવતોડ મહેનત કરી ઝમાનાના **ઇમામ** સાથે એવા નશીહતો વચ્ચે લોકોને જોડી દઇ તેને નેકબખત બનાવતા હતા. કારણ કે **હદીશે નબવીમાં** છે કે જે **શખ્સ વખતના ઇમામની બૈયઅત કર્યા વગર મરી જાય છે તે ઝહાલતને મોતે મરે છે.** એવી રીતે ઝહાલતના મોતે મરવાથી લોકોને બચાવીને દુનીયાની ઇસલામ આલમ પર ઉપકાર કરતા હતા, **મીશનલોઝ** એવી રીતે ડીગરી બાઇ ડીગરી સમજ આપતા પોતાના પંથમાં લાખો લોકોને ભેળવીને લેતાં હતા, તેજ **મીશન**ના પ્રતાપ છે કે જેના વડે આજે તમામ દુન્યાપર ઈસમાઇલીઓ કરોડો વીખરાયલા નજરે પડે છે.

**ગ્રાન્ડલોઝ** એ લોઝ તે હતો કે ઇસમાઈલી થવા પછી મજકુર લોઝમાં ઈમામના દીદાર કરી **બૈયઅત** લેવાની ક્રિયા કરવામાં આવતી હતી, મજકુર લોઝમાં ગ્રાન્ડ માસ્તર તરીકે ઇમામ પોતે બીરાજતા હતા, અને અઠવાડીયામાં બે વખત ત્યાં **મોમીનો**ની મિજલસો ભરાતી હતી તેમાં દાખલ થનાર સ્ત્રીઓ તથા પુરૂષો અને બચ્ચાંઓ એ સઘળાં **સફેત લીબાસ** પહેરીને આવતાં હતાં, ત્યા ખાસ દાઇઓ જેવા કે **દાઇ અલ દઅાત** તથા **કાજી અલ કઝાત** એ દીની ઈલમની વાએઝ કરતા હતા, એ **મીઝલસને મીઝાલસે અલ હીકમત** કરીને કહેતા હતા. વાએઝ શરૂ થવા પહેલાં સઘળાઓ ઇમામની વાટ જોતાં દસ્તા બસ્તા ઉભા રહેતા હતા, અને જયારે ફાતમાઇ ખલીફ એ ઇમામ પધારી ને તેવણ પોતાની ખુરસીપર બીરાજતા હતા, ત્યારે સઘળા હજર રહેલાઓ બેસી જતા હતા, અને શુરૂ-

આતમાં નવા દાખલ થએલા મેમ્મબરોને હાજર કરવામાં આવતા હતા, તેઓને પ્રથમ ઇમામ **બૈયઅત** કરાવતા હતા બાદમાં **કાઝી અલ કઝાત** કાયદા કાનુન વાંચી સંભળાવતો હતો, અને પાછળથી **દાઇ અલ દઆત** લેકચર કરવાને ખડા રહેતો, તે સઘળા હાજર રહેલા લોકો સાંભળીને જ્ઞાન મેળવતા હતા, એવી રીતે વાએઝ ખતમ થયા બાદ કરેલી વાએઝ તે કાગળપર ઉતારી લેવામાં આવતી હતી, તેનાપર **ગ્રાન્ડ માસ્તર** તરીકે ઇમામ દસ્તખત કરી આપતા હતા, અને મિઝલશ ખલાસ થતાં તમામ હાજર રહેલા લોકો **દાઇ અલ દઆત**ના હાથનો મુસાફો કરીને ઇમામે કરેલાં દસ્તખતોપર **બોસા** આપી રૂખસદ થતા હતા. કેટલાક ઇતિહાસકારો લખી ગયા છે કે આજે જે **મીશન લોઝો** તથા **ફ્રીમેશન હોલો** નજરે પડે છે. તે **ઇસ્માઇલીયન ગ્રાન્ડ લોઝ**ના નમુના તરીકે છે. અને **નીઃસંદેહ** છે કે એવી સંસ્થાઓની પહેલ **કેરો**થી થવા પામી છે.

ફાતમાઈઓની સલતનતના પહેલાં **મીશર**નું નામ **કેરતાત** હતું, પણ જયારે એ શહેરનો નવો ભાગ ઇ. સ. ૯૭૨ માં ફાતમાઇઓ તરફથી બંધાવવામાં આવ્યો ત્યારે તેનું નામ **અલકાહીરો** રાખવામાં આવ્યું.

ઉપર વર્ણવેલા **ગ્રાન્ડ લોઝ**માં અધિકારીઓ સિવાયના બીજાઓ દાખલ થઇ શકતા નહી. અને જે ઇલ્મ **હઝરત અલી** (અ૦) ના પછાથી મંદ પડી ગયો હતો, જેને **સુફીપંથ** કહેવામાં આવે છે, તેને ફરીથી **હઝરત અલી** (અ૦) ના વંશજોએ **ગ્રાન્ડ લોઝ**માં સજીવન કરીને મોમીનોમાં તેનો પ્રચાર કર્યો. તે ચાલતા આજના પણ **હઝરત અલી**(અ૦) **ના વંશ પાસે નજરે પડે છે, તેથી એકંદર સમજાય જાય છે કે જ્યાં**

સુધી **ઈમામે ઝમાન**નો આશરો લીધો નથી, ત્યાં સુધી ઇસલામનું તત્વ જેને બીજી રીતે **મૌલાના રૂમીએ મગઝ** કરી વર્ણવેલ છે, તે હાથે આવવું મુસ્કેલ છે. તે હીસાબે ઈમાનદારોમાં ગણત્રી થવાની નથી, માટે દરેક ઇસલામીની ફરજ છે કે **ઈમામે ઝમાનને** ઓળખીને પોતાનો દામન તે **પવીત્ર નુરે** ખુદાના પગોમાં પાથરી બક્ષીસ મેળવે.



# મૌલાના શાહ નીઝાર (અ૦)

## પ્રકરણ ૧૭ મું.

ઇમામ મૌલાના શાહ **નીઝાર** (અ૦) હી, સ. ૪૮૭ માં **ઇમામત**ની મશનદપર બીરાજમાન થયા, તે વખતે દુશ્મનો બળવાન હોવાથી બાદશાહી શાહ **નીઝાર** (અ૦) ને મળી નહી, એ નામદાર ઇમામનો પુરો લકબ **સૈયદ શાહ મનસુર અલ નીઝાર બ. અલ્લા** (અ૦) હતું.

મૌલાના શાહ **મુસ્તનસીર બીલ્લાહ** (અ૦)થી જ્યારે શાહ **નીઝાર** (અ૦)ને ઇમામ તરીકે જાહેર કરવામાં આવ્યા, ત્યારથી સુપેહસાલાર **અમીર** જયુશનું શાહ **નીઝાર** (અ૦)થી બનતું ન આવતું હોવાને લીધે વિરૂદ્ધ ગયો હતો, જ્યારે **હસન બીન સબ્બાહે** ઇમામ શાહ **મુસ્તનસીર બીલ્લાહ** (અ૦)ના બોલ **સરેચશ્મ** ચડાવી શાહ **નીઝાર** (અ૦)ની તરફદારી કરી. પણ દુશ્મનોનું જોર ઘણું હોવાથી

મીશર તજીને ઇમામની ખીજમત કરવા **હસન** સબ્બાહુ એરાન તરફ નીકળી ગયો, ત્યારે પાછળથી ઇમામના ફરમાન વિરૂદ્ધ **મુસ્તેઅલી મીશરની** બાદશાહતપર બેઠો, અને શાહ **નીઝાર** (અ૦)ને તકલીફ આપવા માટે દુશ્મનો પાછળ પડયા, ત્યારે ઇમામ શાહ **નીઝાર** (અ૦) કુટુંબ સહીત **અલેકઝાંડીઆ** તરફ ગયા ત્યાંનો હાકીમ જે મૌલાના શાહ **મુસ્તનસીરબીલ્લાહ** (અ૦)નો મુરીદ હોવાથી ઇમામનો સારો સત્કાર કર્યો, અને શાહ **નીઝાર** (અ૦)**ની બૈયઅત** કરી, તેવા ખબર જ્યારે દુશ્મનોને ફરી વળ્યા ત્યારે દુશ્મનોના દીલમાં ડર પેઠો તેથી **અમીર અયુસે** એક લશ્કર મોકલીને **એલેકઝાન્ડીયા** તરફ ચહડાઇ કરી, ત્યાં ખુનખાર યુદ્ધ થતાં દુશ્મનો ફાવ્યા તે લડાઈ દરમ્યાન **એલેકઝાન્ડીયાનો** હાકેમ માર્યો ગયો, ત્યારે ઇમામ મૌલાના શાહ **નીઝાર** (અ૦) પકડાઇ ગયા, તેવણને ફરીથી મીશરમાં લાવવામાં આવ્યા અને **મુસ્તેઅલીના** હુકમથી ઇમામને મીશરના કેદખાનામાં પુરવામાં આવ્યા, ત્યારે તેવણના કુટુંબને ગામના છેડે એક પુરાણા ઘરમાં પુરી રાખવામાં આવ્યાં હતાં, જ્યાં સખ્ત ચોકી બેસાડવામાં આવી અને **મુસ્તેઅલીના** સુપેહસાલાર **અમીર અયુસનુ** ધારવું એ હતું કે પ્રજામાં જરા ખલબલી છે માટે હાલમાં જો ઇમામના બચ્ચાંઓને તકલીફ આપીશું તો શહેરમાં બળવો થશે, અને ફરીથી મુશ્કેલીમાં મુબતલા થઇશું, માટે સંજોગો વચ્ચે જોઇશું અને કાંઇ પણ ફાવત આવતા ઇમામના બચ્ચાઓનું કાટલું કાઢી નાખશું, એ ચીતાર **મૌલાના શાહ ઝએનુલ આબદીન** અ૦) ની બીમાર હાલત યાદ અપાવે છે, અને ઇમામના ખાનદાનમાંથી બચ્ચે બચ્ચું સહીદ થયું છતાં એક બીમાર ઇમામ ને દુશ્મનો કાંઇ કરી શકયા નહી, જો કે એ કાફેર ઝાલેમો ઘણા જોરદાર

હતા, તેવણે રાજ્ય વૈભવ પોતાના બળ વડે તમામ પ્રાપ્ત કર્યું, પણ ઇમામત એ **ખુદાઇ પાવર** હોવાથી હકદાર પાશેજ હક રહેતાં તેની તરફદારી **હુકકે** કીધી કે જે સંજોગો વચ્ચે **થોડી** મુદત વીત્યા બાદ પાછી સુર્ય માફક ઝળકાં આશકારા થવા પામી, ત્યારે કાફેરોની બુરી દશા થતાં દુનીયાની લાનતો મલામતો વચ્ચે નજીસ કહેવાયા અને તકલીફમાં મુબતલા થઇને આ દુનીયાના ચકકરમાં ભુંસાઈ ગયા, ત્યારે **ઇમામત** તો **હયુલ કયુમની** જાત હોવાથી **કાયમ** અને હાજર રહેવા પામી, અને તે આજ સુધી જે સ્થિતીમાં **મૌલાના અલી** (અ૦) હતા તેજ ગણત્રીમાં આજે **ઇમામે ઝમાન** નઝરે પડે છે. તે સિવાય બીજી રીતે જે લોકો ઇમામની શાન વિરૂદ્ધ મત બાંધીને લોકોને ગુમરાહ કરે છે તે નથી સમજાઇ શકાતું કે પોતાને કેવી રીતે ઇમાનદારોની હરોળમાં ગણે છે. એટલા વીવેચન બાદ મુદ્દાની વાત વીગતપર આવીશું કે મૌલાના **શાહ નીઝાર**(અ૦)ને **મુશ્તે અલી** તરફથી જે કેદમાં પુરવામાં આવ્યા હતા તે કેદખાનામાં હી.સ. ૪૯૦ માં વફાત પામ્યા, ત્યારે **શાહ નીઝાર** (અ૦) ના ફરજંદ મૌલાના **શાહ હાદી** (અ૦) જેવણ પોતાના પીતા પછીના ઇમામતના હકદાર હતા તેવણને **હસન બીન સબ્બાહએ આલમોત** સર કરીને ત્યાં પોતાના માણસો સાથે તેડાવી લીધા. ત્યારે મીશર હંમેશ માટે ઇમામ વગરનું સુનું શહેર થઇ પડયું. તેથી ફકત બે પેઢી સુધી ચાલતા પડી ભાંગ્યું અને ઇમામ પાશેથી **મુશ્તે અલીએ** હક છીનવી લીધો ત્યારે તેની ઓલાદ પણ આગળ ન વધતા ટુંકમાં સમાપ્તીને ફેઝે પોહચી.

# હ૦ મુસ્તેઅલીની ઔલાદનો અંત.

## પ્રકરણ ૧૮ મું.

મુસ્તેઅલી એ **હઝરત મુસ્તનસીર બીલ્લાહ** (અ૦) ના નાના ફરઝંદ થતા હતા. તેમજ **શાહ નીઝાર**(અ૦) તથા **હ૦ મુસ્તેઅલીના** માતા જુદા હતાં, ત્યારે **હ૦ મુસ્તેઅલીનો** મામો એ લશ્કરનો વડો એટલે સુપેહસાલાર હતો તેના બળ વડે ઇમામ વિરૂદ્ધ લોકો જઈને સુપેહસાલારના ભાણેજાની તરફદારી કરીને તેને બાદશાહી આપી તખ્તનશીન કર્યો, જો કે બાદશાહી તખ્ત સાથે ઇમામતને કાંઈ લાગતું વળગતું નથી, તેમ સંજોગો વચ્ચે ઇમામોએ બાદશાહી ભોગવી છે. તેમ ફકીર પણ બની રહેલા છે પણ ઇમામતનું નુર તો જે ફરઝંદને નશ કરેલ હોય છે, તેના પાસે રહે છે. ઇમામતના નુર માંહે કદી પણ ફેર બદલી થઇ શકતી નથી તે પ્રમાણે **શાહ નીઝાર** (અ૦) પાસે ઇમામત રહી. ત્યારે **હ૦ મુશ્તેઅલી** પાસે બાદશાહત રહી છતાં ભોળા લોકોને ભોળવી પોતનો લશ્કરી દાબ પ્રજાપર રાખીને હંમેશા પ્રજાને ખોટે રસ્તે દોરવવા સત્તાધારીઓ કોશીષો કરતા હતા. તે ખોટા

દબાણના પરિણામે ખુનામરકીઓ થતી અને હમેશા બાદશાહ તથા પ્રજા હલાકીમાં રહી તકલીફો વેઠતા હતા.

**હ૦ મુસ્તેઅલી** તખ્તનશીન થયા બાદ ઈ. સ. ૧૦૯૬માં **જેરૂશાલમને** ફરી સુપેહસાલાર **અમીર ઝયુશે** સર કર્યો. પણ તે **મીશરને** તાબે વધારે વખત ટકી શકયો નહી. કારણ કે કુઝેડનું તુફાન **શામ** તથા **ફલેટીન** પર ઘેરાઈ રહેલું હતું. તે તોફાને **સલજુકીઓ** તથા મીશરી સલતનતોને તણખલાની માફક ઉડાડીને ફેંકી દીધી. એ ભંગાણની ચીન્તામાં **હ૦ મુસ્તેઅલીની** હી. સ. ૪૯૦ માં વફાત થઈ.

**હ૦ આંમર** એવણ પોતાના પીતાની વફાત બાદ તખ્તનશીન થયાં, પણ હ૦ **આંમરની** ઉમર નાની હોવાથી **આલાફઝલની** હકુમત રહી ત્યાં સુધી રાજ્ય કારોબાર સારો રહ્યો. પણ જયારે **આલાફઝલના** દીકરાં **સરીફ અલ મઆલીના** હાથમાં રાજસત્તા આવી, ત્યારે તેની બેપરવાઇને બેદરકારીથી રાજ્યકારોબાર ચાલવા લાગ્યો, તેને પરિણામે જે **બદર અલ ઝમાલીનાં** વખતમાં શહેરો અને કસબાઓ ફતેહ કર્યાં હતા, તે એક એક કરીને વાલીએ **ફ્રયનસીયાએ** હાથ કરી લીધા.

**ત્રીપોલીની** લુટ માર ને કતલ નાશનું પુરેપુરૂં બયાન અહીં લખવાની જરૂર નથી કારણ કે તેનાથી આપણને કાંઇપણ લાગતું વળગતું નથી. પણ મુખતેસર એટલુંજ લખવાની જરૂર છે કે જયારે **ત્રીપોલીનો** આખરી વખત આવ્યો, અને તેની હાલત સખત તુફાનનાં સબબે જોરદાર ખડગો સાથે અથડાતાં ચુરેચુરા થઈ પડી, ત્યારે મીશરી

ફોઝ આવી પહોંચી તે કાંઇ કરી શકી નહીં. અને હાર ખાઇને પાછી મીશર તરફ વળી આવી.

ત્વારીખ નવેશતાં લખે છે કે **હુ૦ આમરની** ચાલચલણ સારી **નહોતી,** અને તે જ્યારે જવાનીમાં આવ્યા ત્યારે બદચલન અને ઝાલીમ નીવડયા, તેથી વઝીરની તેવણપર પુરેપુરી દેખરેખ હતી. તે કારણે **હુ૦ આમર** સખત નારાજ હતા, ને ચાહતા હતા કે વઝીરને કોઈના હાથે કત્લ કરાવી નાખું. એટલે સ્વતંત્રપણે રાજ્ય કરૂં, પણ કુદરતની ગતી કાંઇ અજબ કામ કરે છે કે એક વખતે **હુ૦ આમર** શહેર બહાર નીકળીને **ઝઝીરાનાં** એક બગીચામાં ફરવા જતાં હતા, કે વચમાં **નીઝારીયા** ફીરકાનાં **ફીદાઇઓએ**. તેવણને કત્લ કરીને મારી નાખ્યા, એવી રીતે **હુ૦ આમરની** વફાત થતાં **હુ૦ આમરનાં** બેગમ હમીલા હતાં, તેટલા વખત માટે **આમરનાં** કાકાના દીકરા **હાફીઝ લે દીનીલ્લાહ** કામચલાઉ રાજ્ય ચલાવનાર **તરીકે** નીમાયા; પણ જ્યારે **હુ૦ આમરની** બેગમને પેટે પુત્રી અવતરી **એટલે હાફીઝે** પોતાનો હક જાહેર કર્યો, ત્યારે **નીઝારીયોને** બાદ કરતા બીજી પ્રજાએ તસલીમ કરી. એવી રીતે **હુ૦ મુસ્તેઅલીનાં** વંશનો છેડો આવ્યો.

બીજી તરફ જે ટોળું એકવીસ ઇમામને માનનાર [illegible] **કહેવું એવું** છે કે **હુ૦ આમરને** એક પુત્ર નામે હુ૦ તૈયબ. તેની ઉમર નાની હોવાના સબબે રાજ્ય ગાદી અલાહીદે [illegible] કરી **અને જ્યારે હુ૦ તૈયબ** ઉમરમાં આવે એટલે પાછા રાજ્ય ગાદી [illegible] હુ૦

તૈયબને બેસાડવા એવી ભલામણ હઝરત આમરની હતી, પણ રાજ્ય કારોબાર અલ હાફીઝના હાથમાં હોવાને લીધે તેણે પોતાને બાદશાહ તથા ઇમામ તરીકે જાહેર કર્યો અને લોકોમાં ખબર ફેલાવી કે હ૦ આમરને કોઇ સંતાન નથી. આ વીગત વધુ ફેલાતા મઝબુત થવા પામી, તેનુ કારણ કે તે માટે કોઈ પણ રાજ્ય દરબારીએ કે સતાવાળાએ હ૦ તૈયબને રાજ્ય ગાદી આપવા કોશીશ કરેલી દેખાતી નથી, તેમજ ઉપલી ઈતીહાસીક વીગતો પરથી જણાય છે કે હ૦ આમરની વફાત બાદ તેમની બેગમને પેટે પુત્રી અવતરી એટલે રીતસરનો હક અલ હાફીઝનો કાયમ થયો, સબબ કે તે કુટુંબી હતો, છેવટે એકવીશ સુધી ઇમામને માનનારાઓનો અકીદો એ છે કે હ૦ તૈયબ “ પડદે” થયા છે અને ફરીથી તેના વંશમાંથી જાહેર થશે.

# હ૦ મૌલાના શાહ હાદી (અ૦)

## પ્રકરણ ૧૯ મું.

મૌલાના **શાહ નીઝાર** (અ૦) ના ફરઝંદ **મૌલાના શાહ હાદી** (અ૦) હી. સ. ૪૯૦ માં ઈમામ થયા જેવણ પોતાની માતુશ્રી સાથે મીશરની એક સુન્ય જગ્યાના ખંડીએર માં રહેતા હતા, તેઓને લેવા માટે **હુસન બીન સબ્બાહે** જે ઈરાનમાં આવેલો **આલમોત** યાને **અલબુર્ઝ** નામે ઓળખાતો પહાડ સર કર્યો હતો, અને ત્યાં ઈ**મામ શાહ હાદી** (અ૦) ની ગાદી સ્થાપી હતી, ત્યાંથી બે ફીદાઈ નામે એક **શાહજાદા અસદ** તથા બીજા **અબદુલ્લાહ બીન ઈસમાઈલ**ને રવાના કરવામાં આવ્યા, તેઓને **હુસન બીન સબ્બાહ** તરફથી ભલામણ કરવામાં આવી કે તમારા જીવ ને જોખમે ઈમામને તેડીને આવજો નહી તો તમારૂં મોઢું દેખાડશો નહી, એ સુરા સરદારના વચનો સાંભળી તે બંને ફીદાઈઓ **આલમોત** તજીને બહાર પડયા તેઓ દીન બ દીન મંઝલ કાપતા મીશર આવી પહોંચ્યા અને ઈમામની શોધખોળ કરતાં પતો લાગ્યો કે શહેરથી છેટે એક ખંડીએરમાં તેવણની માતુશ્રી સાથે પુરવામાં આવ્યા છે, જેને ચારે તરફ સુપેહસાલાર **અમીરજયુસ**નો સખતમાં સખત પહારો છે, છતાં તે વીરનર જરા પણ

અચકાયા નહીં અને પોતાની ધારેલી મકસદ તરફ આગળ વધ્યાં. છેવટે પ-તો મળતા જ્યાં ઈમામ તથા તેવણુની માતુશ્રી પુરેલા હતાં ત્યાં જઈ પહોંચ્યાં એ મધ્ય રાત્રીનો સમય હોવાથી પહારેગીરો ગફલતીમાં પડયા હતા તે તકનો લાભ લઈ બંને ફીદાઈઓ તે ખંડીએરમાં ઉતરી **ઇમામ શાહ હાદી** (અ૦) ની મુલાકાત લેતા દસ્તબોશી કરીને જે **હુસન બીન સબ્બાહે** વ્યવસ્થા કરી રાખેલ હતી તેનું મુખ્તેસર વીવેચન કરીને **હુસન બીન સબ્બાહના** હાથ દસ્તકનો લખેલો રૂકો ઈમામની હજુરમાં મુકયો, તે રૂકો વાંચી ઈમામ પોતાની માતુશ્રી સાથે **આલમોત** જવા માટે બહાર પડયા અને મઝલ દર મઝલ આગળ વધવા લાગ્યા તે ખબર જ્યારે સુપેહ સાલાર **અમીર ઝયુસને** ફરી વળી કે તેણે ઈમામને પકડી મંગાવવા પછવાડે સ્વારો દોડાવ્યા, પણ જેની તરફમાં કુદરત કામ કરતી હોય તેને દુસ્મનો કાંઈ કરી શકતા નથી, એવી રીતે ટુંક મુદતમાં **મૌલાના શાહ હાદી** (અ૦) આલમોત જઈ પહોંચ્યા જ્યાં **હુસન સબ્બાહ** સાથે તમામ **આલમોતની** પ્રજા ઈમામને સામે લેવા આવી અને તેવણુને ઘણાજ અદબ તથા માન સાથે શહેરમાં લઈ ગયા, ત્યાં શહેરની વચ્ચોવચ્ચ એક ભવ્ય મહેલ ઈમામ માટે ઉભો કરવામાં આવ્યો હતો. તેમાં તખ્ત રાખવામાં આવેલ હતો, તે પર રૈનક અફરોઝ થઈ ફરીથી બાદશાહ થવા પામ્યા. અને સાથે ઈમામતથી પણ રોશન થવા લાગ્યા, તેથી તમામ રૂદબાર પ્રગણાના લોકો **શાહ હાદી** (અ૦) ની"બૈયઅત" કરીને ઈમાનદાર બની દીને ઈસલામ અને મઝહબે ઈસમાઈલીની પાક નીયતે પયરવી કરવા લાગ્યા. તેવણુ ઈમામ હી. સ. ૫૩૦ માં વફાત પામ્યા.

# ઉપસંહાર.

## પ્રકરણ ૨૦ મું.

આ પુસ્તક પુરેપુરૂં વાંચી જવાથી સમજાય છે કે ઇમામત એ ખુદાઈ નુર છે, તેથી કોઈ પણ સત્રુવટ ધરાવનાર કાફર એ નુરને કદીપણ મટાડી શકતો નથી, બલ્કે એ નુરનો તો ઝળકાટ પર ઝળકાટ છે. અને તે પોતાની ધારેલી ધારણા સુધી સમ્પુર્ણ રહેશે. સબબ કે જ્યારે અબુલ અબાસ જેને અબાસીઓ તરીકે ઓળખાવવામાં આવેલ છે, તે અબુલ અબાસ ઝઝીરાથી જ્યારે દમીશ્કમાં રાજ કરતા ઉમૈયાઈડના વંશજોપર ચડી આવેલ અને ઉમૈયાઓની હાર થતાં, અબ્બાસીઓના હાથમાં ઉમૈયા ખાનદાનના શીતેર ગૃહસ્થો પકડાઈ ગયા તેરાણુને દમીશ્કમાં લઈ જઈને સંગશાર કરી મારી નાંખવામાં આવ્યા. અને મઝકુર લાશોપર **અબાસી**ઓએ ખાણું લીધેલ તે ઉપરથી એ સવાલ ઉભો થાય છે. કે એક રાજ્ય કરતા કોમપર **અબા-સીઓ** ફાવીને તેઓને કેવી ફેઝે પોંચાડયા, ત્યારે તે ઝમાનામાં **ઇમામ** બીલકુલ ગરીબીમાં એક સાધરણ મદીનાની પ્રજા તરીકે રહેઠાણ કરી રહેલા હતા, અને તેના તરફ **અબાસીઓ** તથા **ઉમૈયાઓ**ની પુરતી કડી નઝર

હતી. છતાં કાંઈ કરી શકયા નહી, બલ્કે જેમ જેમ ઝમાનો આવતો ગયો તેમ તેમ ઈમામોએ ફકીરી અખતીયાર કરી ગરીબીમાં રહ્યા છતાં એક પણ વખત **ઉમૈયાઓ** તથા **અબ્બાસીઓનું** વડપણ ન સ્વીકારતા તટસ્થ રહ્યા, ત્યારે બીજી બાજુ સંજોગો વચ્ચે એ બંને ખીલાફતોએ ઈમામને ગરદન ઝુકાવીને વડપણ કબુલ કર્યું બસ ઈમામી નુરની એ ખુદાઈ છે કે કોઈના તાબેદાર ન થતાં સરકશોની ગરદન ઝુકાવી પોતાની પવિત્ર લાઈટ સંસારપર નાખી ને લોકોને પોતા તરફ રજુ કરાવે, તે સમજનાર લોકો શોધી લે છે, કે જેને ઈમામના દીદારની ઈહ્તેઝા હશે.

અજબ જેવું નથી કે પયગમ્બરના ઘરના દુશ્મન થયા છે. ત્યારે હીન્દુમાંથી મુસલમાન બનેલા ઈમામ વિરૂદ્ધ જાય એ કાંઈ પણ તાજુબ ભરેલું કહેવાશે નહીં. કારણ **અબ્બાસીઓ** તથા **ઉમૈયાઓ હઝરત મોહમદ મુસ્તફા** (સ૦) ના વડવાઓમાંથી ઉતરી આવેલા હતા, એટલે હઝરત **અલી** (અ૦) ના ભાઈયાતોમાં ગણાતા હતા, છતાં, હમેશાં ઈમામત થી ખીલાફ નઝરે પડયા છે. ત્યારે તે પરથી સમજવાનું એટલુંજ રહ્યું કે પછી ભલે ઈમામના ખાનદાનથી હોએ કે ઇમામ તરફથી નીકળેલા દાઈના હાથે મઝહબ સ્વીકાર્યો હોય. પણ જેના દીલમાં ઈમાન હશે, તથા મઝહબની ખુબીઓ સમજવાની શકિત ધરાવતો હશે, તેમજ મુલ્લા, મોલવી કે પંડીતો, નીબદા થઈ રહ્યા હશે. તે હરગીજ ઈમામ સાથે છેવટના દમ સુધી વફાદાર રહીને છેવટે ઈમામની આશીશો મેળવી આ મુડદાલ દુનીયાને મુકી રાહે **બકા** તરફ કુચ કરી જશે, ધન્ય છે એવા ધર્મીને બીજું બેવકુફો એમ પણ એતરાઝ કરતા નજરે પડે છે કે ઈમામના ખાદીમ બનીને ગરીબ

થતિ કેમ ભોગવો છો, તેમજ ઈમામથી ખીલાફ ચાલનાર કેમ દેખાય છે. હયાપુટાઓમાટે એટલો જવાબ બસ થશે કે **માહજરીન** તથા **અનસારીન** બંને કોમોની સ્થિતિ ગરીબ હતી, છતાં ઇસલામપર ફીદા થનારા અલ્લાહ આલાના દોસ્ત હતા. ત્યારે કુરેશીઓ ઘણા માલદાર હતાં તે ઇમામ રૂદ્ધ વર્તતા હતા, તેથી સીદ્ધ થાય છે કે એ જુની રૂઢી છે તેથી વાલ સમાઇ જતાં આએ ચોપડીમાં ઇમામનાં મુરીદોની હમેશાં હાલત કેલાક સંજોગ વચ્ચે **ફકીર.ના** રહી છે, ત્યારે કોઇક વખતે **શાહના** ણ બની રહેલ છે, એ સઘળા ઇમામનાં મોઝીઝા છે. પણ સાથે ચારવાનું છે કે ઇમામ સામે થનારા સરકશોનાં કેવી રીતે સર તુટયા અને અંતે ઇજ્જત આબરૂનો ચુરેચુરો થતાં લઆનતો વ મલામતોનાં યામત સુધીના માલેકો બની રહ્યા છે, ખુદા બચાવે તેવા ખારજીઓથી ને રાખે પોતાની અમાનમાં, આમીન. આગળ લખતાં જણાવવાની રૂર છે કે હાલના જે **ઇમામે ઝમાન** છે તેના મુરીદોની સંખ્યા ઓછી છે ત્યારે દુનીયાની વસ્તિ બહોળી છે તેના માટે જવાબમાં કે જે ખતે **હઝરત ઇમામ હુસેન** (અ૦) કરબલામાં લડાઇના મેદાનમાં પડયા ારે તેવણનાં બની રહેલાઓમાં ફકત (૭૨) બઉતેર જણા રહેવા પામ્યાં તા. તેવી રીતે ઇમામની શનાખત મેળવનારાઓની સંખ્યા હમેશાં થોડી હે છે, ત્યારે તે પાકજાતની સામે પડનારાઓની સંખ્યા વધારે હોવાથી માામ જહુર પકડે છે, અને પોતાની કામીલ હીકમતથી વધારે સંખ્યા-ઓને પોતાના કરીને દુશ્મનોને હલાક કરે છે, જે આ ફાતમાઇ ખીલા-તથી પુરેપુરો ધડો મળી શકે છે તેથી સમજાઇ શકાય છે કે ઇમામી ખ્વત ધારે તે કરી શકે છે પણ ઇનસાનને એબારત પકડવા માટે

પોતાના જીસમપર ધુપ છાવ જેવો વખત લાવીને દુનીયામાં વસ્તા ઈન્સાનોને સબક સીખવે છે કે ઈનસાનો ગરીબીમાં સબર એખત્યાર કરે ત્યારે તવંગરીમાં ફુલાઈ ન જતાં નરમી પકડે.

ફાતમાઈ ખીલાફત માટે જે જે વીગતો આ પુસ્તકમાં છે, તેને સોનેરી અક્ષરે છપાવીને સબક લેવા જેવી છે. સબબ તે વાચતાં એક એવો ઇમામીઓ સામે આવીને ચીતાર ઉભો થાય છે, કે અવસ્ય તે મોમનનું દીલ ખુલી જઈ હમેશાં ઈમામની તાબેદારીમાં ઈન્તેજાર રહે, તેથી હાલનાં ઈમામે ઝમાનનો સાચો મુરીદ નમુનેદાર બની રહે. ત્યારે વિરોદ્ધીઓ તરફથી વીગતો જુદી જુદી વાંચવા મળે છે જો કે તે લેખકો યુરોપ તરફના હોય છે. તેના માટે જણાવવાનું એટલુંજ બસ થશે કે તે યુરોપીયનોએ જે પોતાનાં લખેલા પુસ્તકોમાં વીગતો લીધેલ છે તે કોઇ વિરોદ્ધીનાં ભોગ થઇ પડેલા સમજાય છે, કારણ કે તે વિરોદ્ધ લખનારાઓ કોઇ જાતની જોરદાર દલીલ રાખતા નથી, અને છેવટે જોઇએ તેટલું વિરૂદ્ધ લખ્યા છતાં અંતે એમ તો કહી ગયા છે કે ફાતમાઇઓ અથવા ફીદાઇઓએ જે કાંઇ કર્યું હતું, તેમાં પોતાનો અંગત સ્વાર્થ સમાએલું નહોતું ફકત પોતાના મઝહબનાં રક્ષણાર્થે અથવા ઈમામના દુશ્મનો સામે પડીને કર્યું હતું. એકંદરે તે જોતાં તેઓમાં વફાદારી અને ભલમનસાઈ જોવામાં આવી હતી, અને દરેક રાજ્ય કારોબારમાં અથવા મઝહબી બંધારણ સામે એનારકીસ્ટો કે કાફેરો વિરૂદ્ધ જતાં આવ્યા છે, તેને દબાવવા માટે રાજ્યસત્તા કે ધર્મના યોદ્ધાઓ ડહાપણથી સામે થયા છે, ત્યારે તે એનારકીસ્ટોની પારટીવાળા કે કાફેરોના સંગાતી અધર્મીઓ પાસેથી

ખબર લેનારા વિરૂદ્ધ કોલાહળ કરીને કઢંગા ચીતાર પોતાની એબ છુપાવવાને દુનીયા સામે રજુ કરેછે, જેમ કહેવત છે કે "સાઉ કરતાં ચોર ઉતાવળો" એ સર્વે સંજોગોને ધ્યાનમાં લેતા એટલુંજ કહેવાને બસ થશે કે ઉપકાર છે તે વિરૂદ્ધ લખનારાઓનો કે જેના પરિણામે સત્ય બહાર લાવવા માટે બન્ધુઓને સુઝ પડી ને પરિણામે પુરાણી વીગતો જન સમાજ સામે તાજી થ.ને ઉભી રહી, તે માટે મારૂં કહેવું એટલુંજ છે, કે શાબાસ છે દીનના દુશ્મનો તમારી આબરૂ બગાડવાને વળી પણ વધારેને વધારે બહાર પડો અને તે તમારા માટીના ઢેફાના સવાલમાં પથ્થરાનો જવાબ લ્યો, અને કીયામત સુધી તેને રૂઝવવા માટે મલમ પટો કર્યા કરજો પણ યાદ રાખજો એ ઝખમ ઝેરીલો છે કદી પણ રૂઝાશે નહી બલ્કે દીનપર દીન વધારે સડતો જશે અને કીયામતના દીવસે કે જે દીવષ પચાસ હજાર વર્ષનો થશે ત્યારે કુ કુ કરતા ફરશો પણ યાદ રાખજો એ ગંધવાળના સબબે કોઈ પાશે ઉભો રહેવા નહી દેતાં સીધોને સીધો જોખમમાં નાંખી દેશે, તે દુઃખની અએ વીરોદ્ધીઓ તમારા પ્રત્યે દયા આવે છે, માટે કહી કહીને કહું છું કે સંભાલો અને સત્યને શરણ જાઓ જેથી કીધેલા કાળા કર્તુકોની (બનવા જોગ છે) મારી મેળવી આવતી ઇજાથી બચવા પામો.

ઇમામના ગુલામોએ દુન્યાની સપાટીપર શું શું કરી બતાવ્યું છે તે જોતા કહો ઇમામ કેટલું કરી શકે છે, પણ ખુદાઈ નુર હમેશાં દયાળુ છે, નહી તો જુઓ અબુ :અબ્દુલ્લાએ મગરીબ આફ્રીકા હાથ કર્યું એ ઇમામની દુવાથી, બીજો ગુલામ ઝોહરે મીશર ફતેહ કર્યો એ ઇમામના પ્રતાપ હતા, ત્યારે હસન બીન સબ્બાહે આલમોતનો પહાડ વસાવ્યો,

એ દુવા પણ ઈમામની હતી, ત્યારે ઇમામના મુરીદે મગરૂર થવાનું છે જ્યારે તેને સામે પડનારાને ખ્યાલ કરવું એટલુંજ બસ થશે કે ઈમામનો મુરીદ એક સાધારણ હોએ તેને સાધારણ ન સમજતાં તેની સાથે ભલમનસાઈથી ચાલે જો પોતાને સલામતી અંદર રાખવા ચાહતો હોય તો. પણ એ તો નક્કી છે કે છેવટે ઈમામના મુરીદો ઈમામથી દુશ્મનાવટ રાખનારને જવા દેશે નહી, પણ સાથે શરત એ છે કે ઝમાનાની રાહ જોઈ રહ્યા છે, ત્યારે ઝમાનો કામ કરતો આગળ વધે છે, અને પરિણામે ઈમામ માટેની સરવે આગાહીઓ આવી ઉભી રહેશે ત્યારે સર્વે પુરેપુરૂં થઈ જતાં પાપીઓમાં ત્રાસ વર્તાશે ત્યારે સાંભળવું નકામું થઈ પડશે, માટે ખોપરીમાં ભેજું રાખનારાઓ હજુ પણ ભેજાંને તકલીફ આપો તો સઘળું સમજવું સહેલ થઈ પડશે, ને તે થોડા વખતની સમજ હમેશ માટેની રાહત બની રહેશે.

છેવટે મારે જણાવવાનું એ છે કે આએ વીગતો જે મારા તરફથી રજુ થઈ છે તે હું બે ઈલ્મ છું એટલે જરૂર વધારે વીગતો ઉપયોગી રહી જવા પામી હશે તેથી જો કોઈ મીશનરી વધારે શોધખોળ કરીને લખાણોથી વીગતો બહાર લાવશે તો તે ઈચ્છિવાજોગ થતાં, વળી ઈમામોની અને ઈસ્માઈલી નીઝારીઓની વધારે લાઈટ પડતા નેકનીયત રાખનારાઓનું વધારે આકર્ષણ થતાં ઘણાઓના જીવનો ઓદ્ધાર થતાં મુકિત મેળવશે તેનો બદલો ઈમામે ઝમાન જરૂર આપશે." આમીન.

**લી૦ એ. જે. ચુનારા.**